૧૨૨

શ્રી મમ્મટાચાર્ય કૃત

# કાવ્યપ્રકાશ

[ ગુજરાતી અનુવાદ ]

પ્રથમ ભાગ

અનુવાદકઃ
રામનારાયણ વિશ્વનાથ પાઠક
રસિકલાલ છોટાલાલ પરીખ

ગુજરાત પુરાતત્ત્વ મંદિર
અમદાવાદ

गुजरात
पुरातत्त्व मंदिर
ग्रन्थावली

ग्रन्थाङ्क ११

ગુજરાત પુરાતત્ત્વ મંદિર ગ્રન્થાવલી

શ્રી મમ્મટાચાર્ય કૃત

# કાવ્યપ્રકાશ

[ ગુજરાતી અનુવાદ ]

( પ્રથમ ભાગ. ઉલ્લાસ ૧-૬ )

અનુવાદક:
રામનારાયણ વિશ્વનાથ પાઠક
રસિકલાલ છોટાલાલ પરીખ

ગુજરાત પુરાતત્ત્વ મંદિર

અમદાવાદ

[ પ્રથમાવૃત્તિ ]

પ્રતિ ૭૦૦ ] સંવત ૧૯૮૦—સન ૧૯૨૪ [ મૂલ્ય ૧-૮-૦

મુદ્રક:
વેણીલાલ છગનલાલ બૂચ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ

પ્રકાશક:
વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

# નિવેદન

ગૂજરાત પુરાતત્ત્વ મંદિરની પ્રબંધસમિતિના સં. ૧૯૭૯ ની ભાદરવા વદ ૧૩ ના ૧ લા ઠરાવ (પરિશિષ્ટ ૧) અનુસાર શ્રી મમ્મટાચાર્યના કાવ્યપ્રકાશના ઉલ્લાસ ૧ થી ૬ નો અનુવાદ પ્રથમ ભાગ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગૂજરાત વિદ્યાપીઠ<br>કાર્યાલય, અમદાવાદ<br>કાર્તિક સં. ૧૯૮૧

પ્રકાશક

# પ્રસ્તાવના

કાવ્યશાસ્ત્ર સંસ્કૃત સાહિત્યનો એક મહત્ત્વનો ભાગ છે. પ્રાચીન ભારતનો આપણને જે જ્ઞાન વારસો મળ્યો છે તેમાં બે શાખાઓનાં ચિંતનો પશ્ચિમના બુદ્ધિવૈભવના વર્તમાન યુગમાં પણ મનન યોગ્ય અને ભવિષ્યના કાર્યમાટે ઉદ્‌બોધક અને માર્ગદર્શક છે: એક દર્શનશાસ્ત્રનાં અને બીજાં કાવ્યશાસ્ત્રનાં. પ્રાચીન ભારતે જ્ઞાનના સમસ્ત પ્રદેશમાં યથાશક્ય પ્રયત્ન કરેલો છે. તેમાંના ઘણા ભાગનું અધ્યયન કેવળ ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી છે–કેટલાકનું તે તે વિષયોના નિરૂપણ માટે યોગ્ય પરિભાષા મેળવવા માટે ઉપયોગી છે. પણ દાર્શનિક સાહિત્ય અને કાવ્યમીમાંસાનું સાહિત્ય ઊંડા અનુભવમૂલક ચિંતન ઉપર રચાએલું હોવાથી સદાને માટે આદરયોગ્ય છે.

આ શાસ્ત્રો જીવનના જે જાતના અનુભવોની ચર્ચા કરે છે તે સર્વ ગ્રાહ્ય કરાવી શકાય એવા હોતા નથી અને એમ હોવાથી તે ઉપરથી ઉપજાવેલા સિદ્ધાન્તો સર્વસંમત થઈ શકતા નથી. આથી દરેક વ્યક્તિને તેમ જ દરેક સાહિત્યયુગને પોતાને સ્વાનુભવ કરવાની અને તદનુસાર દૃષ્ટિ ઘડવાની જરૂર હમેશાં રહે છે. આથી પ્રાચીન કાવ્યમીમાંસકોના બધા વિચારો આજે આપણને ઉપયોગી કે મહત્ત્વના ન લાગે એ સ્વાભાવિક છે. તેમના દોરાયા આપણે ન દોરાઇએ એ પણ જરૂરનું છે. પણ જો દરેક વ્યક્તિ કે દરેક યુગ કેવળ પોતે જેટલું મેળવી શકે તેટલાથી જ ચલાવી લેવા માગે તો તે જરૂર જ્ઞાનદરિદ્ર રહે; બીજાઓએ પ્રયત્ન કરી જે ફલપ્રાપ્તિ કરી હોય તેનો વિવેકપૂર્વક લાભ લે તો જ જ્ઞાનમાર્ગમાં પ્રગતિ થાય. આથી જ્ઞાનની જે જે દિશામાં પ્રજાને પ્રગતિ કરવાની હોય તે તે દિશામાં તેના પૂર્વજોએ કયાં સુધી અને કેવી રીતે ગતિ કરી છે તે જાણવું અને જોવું આવશ્યક છે: અને તેથી આપણી સાહિત્યમીમાંસા સમૃદ્ધ થાય, તેને નવું ઉદ્‌બોધન મળે અને નવા સંસ્કાર પ્રાપ્ત થાય તેટલા માટે પ્રાચીન કાવ્યમીમાંસાના વિચારો સેવવા આપણે માટે આવશ્યક છે.

આ વિષયોમાં આજે આપણા ઉપર પશ્ચિમના વિચારોનું પ્રભુત્વ છે. આ પ્રભુત્વ સર્વત્ર તેમનું ચિંતન વધારે મર્મગ્રાહી છે એટલા માટે નથી. તેનું ખરૂં કારણ અમારી સમજણ પ્રમાણે, આપણા પ્રાચીન કાવ્યમીમાંસકોના ચિંતનોનું યોગ્ય સેવન થતું નથી તે છે. બન્નેના તટસ્થ અભ્યાસીને કદાચિત્ જણાશે કે પાશ્ચાત્યોની વિશેષતા તેમની પ્રતિપાદનશૈલીમાં રહેલી છે.

તેથી જ તે વધારે આકર્ષક છે, અને આપણે તે શૈલી સ્વીકારી છે. પણ કાવ્યસ્વરૂપ વિષેનાં બન્નેનાં ચિંતનો સરખાવતાં જણાશે કે બંને સરખાં મનન યોગ્ય છતાં પ્રાચીનોનાં ચિંતનોમાં જેટલું લક્ષ્યવેધિત્વ અને ઊંડાણ છે તેટલું કદાચિત્ આધુનિક પાશ્ચાત્યોના વિચારમાં નહિ હોય. આપણી કાવ્ય-સ્વરૂપની ચર્ચાની દિશા યોગ્ય રીતે નિયન્ત્રિત થાય તે માટે વિચારતાં જણાય છે કે, આપણે પ્રાચીનોના વિચારોનું યથાયોગ્ય સેવન કરવું જોઇએ. તે સેવનથી કાવ્યમીમાંસામાં આપણી પ્રજા તરીકેની વિશિષ્ટ વૃત્તિ કઇ જાતની છે તેનું પણ આપણને ભાન થવાનો સંભવ છે. આવું ભાન આપણને હોય તો આપણે આપણી ઊણપો અન્ય પ્રજાઓની વિચારસંપત્તિથી કેવી રીતે પૂરવી તેનો યોગ્ય માર્ગ પણ આપણને સુઝે; અને અન્યોના વિચારોનો ઉપયોગ કર્યા છતાં આપણી સર્જકશક્તિ લુપ્ત ન થાય.

આ જાતના વિચારોથી ગૂજરાતી સાહિત્યરસિક વર્ગ આગળ પ્રાચીનોની સાહિત્યમીમાંસા મૂકવાની અમને આકાંક્ષા થઈ. આ માટે મૂળ લેખકોમાંથી વિચારો લઇ તેનો નિબન્ધોમાં ઊહાપોહ કર્યા પહેલાં કોઇ પ્રામાણિક કાવ્યમીમાંસકનો ગ્રંથ અનુવાદરૂપે રજુ કરવો એ ક્રમ વધારે યોગ્ય લાગ્યો. અને આ માટે વાગ્દેવતાવતાર શ્રી. મમ્મટાચાર્યનો કાવ્યપ્રકાશ (આશરે ઈ.સ. ૧૧૦૦થી ૧૧૫૦) અમે પસંદ કર્યો. તેને પસંદ કરવાનું કારણ એ કે એમાં પ્રાચીન કાવ્યમીમાંસકોની બંને પ્રણાલીઓનો–'रीतिरात्मा काव्यस्य' અને 'अर्थः सहृदयश्लाघ्य :काव्यात्मा यो व्यवस्थित :'–યોગ્ય રીતે સમન્વય થએલો દેખાય છે.

કાવ્યપ્રકાશ લખવામાં મમ્માટાચાર્યે સંસ્કૃત ભાષાની સર્વપ્રકારની શક્તિનો ઉપયોગ કર્યો છે એમ કહીએ તો તેમાં જરાપણ અતિશયોક્તિ નથી. કારિકા, વૃત્તિ અને ઉદાહરણોમાં એક શબ્દની પણ અતિશયતા ભાગ્યે જ જણાશે, અને છતાં જે કાંઇ કહેવાનું છે તે સંપૂર્ણતાથી કહ્યું છે. રસની ચર્ચામાં કે વ્યંજનાની સ્થાપનામાં વૃત્તિની શૈલી ઉત્તમ ગદ્ય સાહિત્યના નમૂના રૂપ છે. આવા ગ્રંથનું ભાષાન્તર કરવાનો પ્રયત્ન એ એક સાહસ જ કહેવાય; અને અમને આ કાર્યમાં પં. સુખલાલજીની મદદ ન હોત તો અમે આ સાહસ ખેડવાની હિંમત ન કરત. વ્યાકરણ, અલંકારશાસ્ત્ર, અને દર્શનશાસ્ત્રના એમના તલસ્પર્શી જ્ઞાનની મદદથી જ આ ત્રણે શાસ્ત્રોને એક પટમાં વણી દેતા આ ગ્રંથને ગૂજરાતી રૂપાન્તર આપવાનો પ્રયત્ન અમે કરી શક્યા છીએ.

અમારા પ્રયત્નની અપૂર્ણતાઓનું અમને ભાન નથી એમ તો નથી. મૂળ

ગ્રંથ અનેક ટીકાઓ (લગભગ ૭૦) થયા છતાં સંસ્કૃત ભાષાના અભ્યાસીઓને માટે હજી સુગમ થયો નથી, હજી પણ ગુરુગમ્ય જ છે. અમારા પ્રયત્ને ગૂજરાતી અભ્યાસીઓ માટે તે ગ્રંથને સર્વથા સુગમ કરી મુક્યો છે એમ અમે માનતા નથી. પણ સાવધાનતાથી ભણનારને મૂળકારનું રહસ્ય કેટલેક અંશે સમજાશે એવી અમારી આશા છે. આ પ્રથમ પ્રયત્ન બીજો વધારે સમર્થ પ્રયત્ન–અમારા કે બીજાના હાથે-પ્રેરશે તો પણ અમે સંતોષ માની લઇશું.

ભાષાન્તર કરવામાં બને તેટલો મૂળને વળગી રહેવાનો પ્રયત્ન કર્યો છે. ટિપ્પણોમાં મૂળના અર્થને યથાશક્તિ સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. પૂર્વાપર ઉલ્લેખો આવશ્યક સ્થળે આપ્યા છે. ટિપ્પણો પાણ્ડિત્ય બતાવવાનું ક્ષેત્ર ન બની જાય એની સરત રાખી છે. મૂળના અર્થને વિશદ કરવો એ જ પ્રધાન હેતુ રાખ્યો છે.

ઉદાહરણોનું ભાષાન્તર પદ્યમાં અને ગદ્યમાં બંનેમાં આપ્યું છે. પદ્ય મૂળ ગ્રંથના ભાગ તરીકે આપ્યું છે અને ગદ્ય ટિપ્પણો સાથે < > આવી નીશાની વચ્ચે મૂક્યું છે. બંને આપવાનું કારણ એ કે કેવળ ગદ્ય આપવાથી મૂળના ભાવ અને સ્વરૂપ બરાબર બતાવી શકાતાં ન હતાં; અક્ષરશઃ અનુવાદની અપેક્ષા રાખનારા માટે ગદ્યમાં પણ અનુવાદ આપવો આવશ્યક હતો.

અહીંઆં એ જણાવવું જોઇએ કે કેટલાંક ઉદાહરણો આપણી સંસ્કારિતાની વૃત્તિને ખટકે એવાં છે. ઉદાહરણો મોટે ભાગે શૃંગારનાં છે. જ્યાં સુધી જીવનમાં સ્ત્રીપુરુષના પ્રેમભાવનું પ્રાબલ્ય છે ત્યાં સુધી એ રસ કાવ્ય કે કલામાં પ્રાબલ્ય ભોગવશે. પણ એના કલાત્મક રૂપોમાં એ મર્યાદા ઓળંગી જાય એ આપણા આત્માને ખૂંચે એવી બાબત છે. આજે આપણા જીવનનો આદર્શ સ્ત્રીપુરુષના સંબંધનું રહસ્ય વધારે આધ્યાત્મિક કલ્પવા તરફ છે; તેથી આપણે કેટલાંક સંસ્કૃત કાવ્યોથી કંટાળી જઇએ એ સ્વાભાવિક છે. આપણને એ ગ્રામ્ય (ગામડાનાં એ અર્થમાં નહિ) લાગે તો પણ નવાઇ નહિ. પણ તે સમયના લૌકિક આદર્શો આપણાથી જૂદા હતા એ આપણે સ્મરણમાં રાખવું જોઇએ; (અને તેમાં એ ખાસ કરી કાશ્મીરની રાજકીય અને સામાજિક સ્થિતિનો ઇતિહાસ ધ્યાનમાં લેવો જોઇએ.) એ યુગમાં કાવ્યશાસ્ત્રમાં ઝીણવટ આવતી હતી પણ કાવ્યો ભાવમાં એકજાતનાં અને સ્થૂલ થતાં હતા. આ વિરોધાભાસનાં ઉદાહરણો બીજી પ્રાચીન સંસ્કૃતિઓમાં પણ મળે છે. આ તરફ આપણે ઐતિહાસિક દૃષ્ટિથી જોવાનું જ પ્રાપ્ત થાય છે. એનાં અનિષ્ટ તત્ત્વોનું, એ પ્રાચીન છે માટે અનુકરણ કરવું, એ મૂઢવૃત્તિ છે.

ગ્રંથના કર્તા કે કર્તાઓ—મમ્મટ અને અલ્લટનો કાલનિર્ણય, સંસ્કૃત કાવ્યશાસ્ત્રના ઇતિહાસની રૂપરેખા, તેનું તાત્ત્વિક નિરૂપણ વગેરે ગ્રંથ પૂરો થયે કરવાની ઉમેદ છે.

આ અનુવાદમાં જે દોષો દેખાય-મૂળને સમજવાના તેમ જ અનુવાદની કળાના-તે અમને કૃપા કરી બતાવવાની વિદ્વાનોને વિનન્તી કરી અમે આ ગ્રંથ ગૂજરાતના સાહિત્યરસિકો સમક્ષ રજુ કરીએ છીએ.

ગૂજરાત પુરાતત્ત્વ મન્દિર }
તિથિ આસો વદ ૧૨ સં. ૧૯૮૦ } અનુવાદકો

# વિષયાનુક્રમ


| | |
|---|---|
| ઉલ્લાસ ૧ | ૧ |
| ઉલ્લાસ ૨ | ૮ |
| ઉલ્લાસ ૩ | ૧૨ |
| ઉલ્લાસ ૪ | ૩૩ |
| ઉલ્લાસ ૫ | ૮૨ |
| ઉલ્લાસ ૬ | ૧૧૫ |

# કાવ્યપ્રકાશ

## પ્રથમ ઉલ્લાસ

ગ્રન્થના આરંભમાં ગ્રન્થકર્તા વિઘ્નો નાશ થવા માટે યોગ્ય[૧] ઇષ્ટદેવતાનું ચિન્તન કરે છે.

नियतिकृतनियमरहितां ह्लादैकमयीमनन्यपरतन्त्राम् ।
नवरसरुचिरां निर्मितिमादधती भारती कवेर्जयति ॥ १

[૨]નિયમો ન જ્યાં નિયતિના, આનન્દમયી, ન અન્ય પરતન્ત્ર,
નવ-રસ-શાલી સૃષ્ટિ, રચતી કવિ-ભારતી તણો જય હો.૧

બ્રહ્માની સૃષ્ટિ, નિયતિ શકિતથી નિયમિત થયેલા સ્વરૂપ-વાળી, સુખ દુઃખ મોહ સ્વભાવવાળી, પરમાણુ વગેરે ઉપાદાન અને કર્મ વગેરે સહકારી[૩] કારણો ઉપર આધાર રાખનારી, છ

---

૧ યોગ્ય એટલે ગ્રન્થના વિષયને યોગ્ય. આ ગ્રન્થનો વિષય કાવ્ય-ચર્ચા છે એટલે ઇષ્ટદેવતા તરીકે કવિની વાણીનું ચિન્તન કરવું યોગ્ય ગણાય.

૨ < નિયતિએ કરેલા નિયમોથી રહિત, કેવળ આનન્દમય, અન્ય સાધનોથી સ્વતંત્ર, નવરસ વડે રુચિર, એવી સૃષ્ટિને કરનારી કવિની વાણી જય પામે છે. >

સામાન્ય સૃષ્ટિમાં આપણે અનેક નિયમો જોઇએ છીએ. જેમકે 'ગરમીથી ધાતુનું કદ વધે છે,' 'કમલ પાણીમાં થાય છે' વગેરે; આ સઘળા નિયમો જે શકિતથી થાય છે તે નિયતિ. સૃષ્ટિની વ્યવસ્થા નિયતિથી રહેલી છે. દરેક બનાવ તે નિયતિને આધીન છે.

'જય પામે છે.' મૂળમાં जयति છે. આમાં जि ધાતુ છે તે સકર્મક હોય ત્યારે તેનો અર્થ બીજા ઉપર વિજય મેળવવો એવો થાય છે. પણ અકર્મક હોય ત્યારે તેનો અર્થ ઉત્કર્ષ પામવો એવો થાય છે. અહીં એ અર્થ છે.

૩ ઉપાદાન અને સહકારી કારણો: જે દ્રવ્યની અમુક વસ્તુ બનેલી હોય તે દ્રવ્ય તે વસ્તુનું ઉપાદાન કારણ કહેવાય. જેમકે ખાદીનું ઉપાદાન કારણ સૂતર. ઉપાદાન કારણ સિવાયની બીજી જે બાબતો વસ્તુની ઉત્પત્તિમાં કારણભૂત હોય તેનો સહકારી કારણોમાં સમાવેશ કરવાનો છે. કર્મ એટલે

રસો[4]વાળી અને (છતાં) તે વડે મનોહર જ [એમ] નહિ એવી છે; કવિની વાણીની સૃષ્ટિ તો એથી વિલક્ષણ છે, માટે 'જય પામે છે.' 'જય પામે છે' એ અર્થથી નમસ્કારનું સૂચન થાય છે, માટે તેને પ્રણામ કરૂં છું એમ પ્રાપ્ત થાય છે.

અહીં (ગ્રન્થનો) વિષય સપ્રયોજન[5] છે એ વાત કહે છે—

**કાવ્ય યશ, અર્થ, વ્યવહારજ્ઞાન, અમંગલનો નાશ, અવિલમ્બિત પરમ આનન્દ અને કાન્તાની પેઠે ઉપદેશ આપવા માટે છે. ૨**

[કાવ્ય નીચેનાં પ્રયોજનો] કવિ અને સહૃદયને જેને જે યોગ્ય તેને તે સાધી આપે છે; કાલિદાસાદિને મળ્યો હતો તેમ યશ; શ્રી હર્ષાદિપાસેથી ધાવકાદિને મળ્યું હતું તેમ ધન; રાજાદિ વિષેના યોગ્ય આચારનું જ્ઞાન; મયૂરાદિને આદિત્યાદિથી થયું હતું તેમ અનર્થ-નિવારણ; સર્વ પ્રયોજનમાં શિરોમણિ—કાવ્ય સાંભળતાં વાર જ રસના સ્વાદથી ઉત્પન્ન થતો, બીજા બધા જ્ઞાનના વિષયોને વિગલિત કરી નાખતો—આનન્દ; શબ્દ[6] અને અર્થના ગાણપણાથી રસના

---

ક્રિયા. કોઇ પણ દ્રવ્યની ઉત્પત્તિ માટે તેના અવયવોનો સંયોગ આવશ્યક છે. જેમકે ખાદીની ઉત્પત્તિ માટે સુતરના તાંતણાનો સંયોગ. આ સંયોગ ક્રિયા વિના સંભવતો નથી. ક્રિયાથી ન્યાયશાસ્ત્રમાં વર્ણવેલાં ઉત્ક્ષેપણાદિક કર્મો અહીં સમજવાનાં છે. વગેરે શબ્દથી નિમિત્તકારણ સમજવાનું છે. સમવાયી અને અસમવાયીમાં ન આવતી જે બાબતો કારણ-ભૂત હોય તેને નિમિત્ત કહેવામાં આવે છે. જેમકે સાળ, વણકર વગેરે ખાદીનાં નિમિત્ત કારણ છે. ન્યાયવૈશેષિક દર્શનની વિચાર પ્રણાલી પ્રમાણે કારણોના ત્રણ વિભાગ પડે છે, સમવાયી (ઉપર જણાવેલું ઉપાદાન) અસમવાયી અને નિમિત્ત. જુઓ. ત. સં. ૩૭. બીજાં કેટલાંક દર્શનો તેના ઉપાદાન અને સહકારી એવા બે ભેદ (ઉપર પ્રમાણે) પાડે છે.

૪ મધુર, ખાટો, ખારો, તીખો, તૂરો, કડવો એવા છ રસ ગણાવેલા છે.

૫ પ્રયોજન. જે ફલ સિદ્ધ કરવા અમુક ક્રિયા કરીએ એ ફલ તે ક્રિયાનું પ્રયોજન છે. જેને ઉદ્દેશીને ક્રિયા પ્રવૃત્ત થાય તે તેનું પ્રયોજન કહેવાય. પાણી ભરવું એ ઘડો બનાવવાની ક્રિયાનું પ્રયોજન છે.

૬ છેલ્લા પ્રયોજન—કાન્તાની પેઠે ઉપદેશ આપવા માટે—નું નિરૂપણ કરે છે.

અંગભૂત વ્યાપાર વિષે[7] તત્પર હોવાને લીધે, કાવ્ય અર્થાત્ લોકોત્તર વર્ણનમાં કુશળ કવિનું કર્મ, જે પ્રભુસમાન શબ્દની પ્રધાનતાવાળા વેદાદિ શાસ્ત્રોથી[8] [તેમજ] અર્થતાત્પર્યવાળા મિત્રસમાન પુરાણ ઇતિહાસાદિથી[9] વિલક્ષણ છે, તે કાન્તાની પેઠે રસ ઉત્પન્ન કરી પોતા તરફ અભિમુખ કરી, રામની પેઠે વર્તવું રાવણની પેઠે ન વર્તવું એવો ઉપદેશ કરે છે.[10] માટે સર્વથા તેમાં પ્રયત્ન કરવો યોગ્ય છે.

એ પ્રમાણે એનું (કાવ્યનું) પ્રયોજન કહીને કારણ કહે છે.

---

૭ વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવોનો સંયોગ થવો તે; અથવા વ્યંજના. આ બધાનું વર્ણન ચોથા ઉલ્લાસમાં આવશે.

૮ 'અમુક કરો' એવો ઉપરી હુકમ કરે છે તેમાં સેવકને માટે શંકા કે વિચારને અવકાશ નથી. વેદનો આદેશ પણ એવો છે માટે પ્રભુસમાન. શબ્દપ્રધાન એટલે જેમાં શબ્દનું અત્યન્ત મહત્ત્વ છે. જેમકે अग्निमीळे पुरोहितम् (ઋ. મં ૧. સૂ. ૧) એ શબ્દોને ઠેકાણે वह्निमीळे पुरोहितम् એમ ન કહી શકાય. એટલે કે શબ્દોનો અર્થતાત્પર્યની દૃષ્ટિએ પણ ફેરફાર ન થઇ શકે. આદિ શબ્દથી સ્મૃતિ સમજવાની.

૯ મિત્ર હોય તે ' જો આમ કરશો તો આવું પરિણામ આવશે,' એવો વસ્તુતત્ત્વનો બોધ કરે છે, પણ તેની પાસે તેમ કરાવતો નથી; તે પ્રમાણે પુરાણ ઇતિહાસ વગેરે ' આમ કરશો તો આમ થશે ' એટલો માત્ર વસ્તુતત્ત્વનો બોધ કરે છે, માટે પુરાણ–ઇતિહાસ એ તાત્પર્યનો બોધ કરતા મિત્રસમાન છે. આદિ શબ્દથી આખ્યાન વગેરે સમજવાં.

૧૦ ઉપદેશ ત્રણ પ્રકારનો છેઃ પ્રભુસમાન, મિત્રસમાન અને કાન્તાસમાન. પ્રભુની માફક હુકમ કર્યા વિના કાન્તાનો ઉપદેશ રસિકતાથી પોતા તરફ આકર્ષી માણસને યોગ્ય પ્રવૃત્તિ કરાવી શકે છે; મિત્રની માફક કેવળ તાત્પર્ય કહી કાન્તા બેસી રહેતી નથી, પણ યોગ્ય આચરણમાં પ્રેરે છે; તેમ કાવ્ય પણ માણસને રસિકતાથી પોતા તરફ આકર્ષી યોગ્ય રસ્તે દોરે છે. કાવ્યમાં ઉપદેશને સ્થાન હોવું જોઇએ કે નહિ તેનો યોગ્ય જવાબ ઉપરના નિરૂપણમાં મળી જાય છે.

**શક્તિ, લોક, શાસ્ત્ર, અને કાવ્ય વગેરેના મનનથી થતી નિપુણતા, અને કાવ્ય જાણનારાના ઉપદેશથી કરેલો અભ્યાસ, એ કાવ્યના ઉદ્‌ભવનો હેતુ છે.[૧૧] ૩**

શક્તિ એ કવિત્વના બીજરૂપ એક પ્રકારનો સંસ્કાર છે—જેના વિના કાવ્ય પ્રસરી જ ન શકે અને પ્રસરે તો ઉપહસનીય થાય; લોક એટલે સ્થાવર અને જંગમ રૂપ લોકનું વૃત્ત, શાસ્ત્ર એટલે છન્દ વ્યાકરણ અને શબ્દકોશ તથા કલા, ચાર પુરુષાર્થો, હાથી ઘોડા ખડ્ગ વગેરેના લક્ષણગ્રન્થો; કાવ્યો એટલે મહાકવિઓનાં કાવ્યો; વગેરે શબ્દથી ઇતિહાસ વગેરે સમજવાં; તેમના વિમર્શનથી [એટલે મનનથી] વ્યુત્પત્તિ [એટલે નિપુણતા] થાય છે; જેઓ કાવ્ય કરી શકે અને વિચારી શકે તેમના ઉપદેશથી, કાવ્ય કરવાની અને યોજવાની ફરી ફરીને પ્રવૃત્તિ, એ ત્રણેય ભેગા, જૂદા જૂદા નહિ, કાવ્યના ઉદ્‌ભવમાં, નિર્માણમાં અને સમુલ્લાસમાં હેતુ છે—નહિ કે હેતુઓ છે.[૧૨]

એ પ્રમાણે કારણ કહીને તેનું સ્વરૂપ કહે છે.

**(સૂ.૧) દોષ વિનાના, ગુણવાળા, વળી ક્યાંક અલંકાર વિનાના શબ્દાર્થ તે કાવ્ય.**

દોષ, ગુણ અને અલંકાર હવે પછી કહેવાશે. ક્યાંક એ શબ્દથી એમ કહે છે કે સઘળે અલંકારવાળું તો હોય જ, ક્યાંક સ્ફુટ અલંકાર ન હોય તોપણ કાવ્યત્વને હાનિ થતી નથી. જેમકે:

---

૧૧ હેતુ એટલે કારણ. પ્રયોજન અને હેતુ બન્નેના અર્થો જુદા છે. પાણી ભરવું એ ઘડાનું પ્રયોજન છે અને માટી, ચાક, કુંભાર વગેરે હેતુ છે—કારણ છે.

૧૨ શક્તિ, લોક, શાસ્ત્ર અને કાવ્ય વગેરેના મનનથી થતી નિપુણતા, કાવ્ય જાણનારના ઉપદેશથી કરેલો અભ્યાસ, એ ત્રણેયની સામગ્રી કાવ્યનું કારણ છે. એ ત્રણ મળીને કારણ છે, હરકોઇ એક પૂરતું કારણ નથી.

[13]જે કૌમાર તણો જ ચોર વર તે, તે ચૈત્રની રાત્રિઓ,
ખીલી માલતી ગંધ લૈ કદમના તે પ્રૌઢ વા વાય છે.
તેની તેજ હું, તોય હૈડું તલસી છે આ રહ્યું માહરું
રેવાને તટ વેતસી તરુતલે, કેલિની લીલા વિષે. ૧.

અહીં કોઇ પણ સ્ફુટ અલંકાર નથી. રસ જ પ્રધાન હોવાથી તે અલંકાર થઈ શકતો નથી.[14]

કાવ્યના ભેદો ક્રમથી કહે છે.

(સૂ. ૨) આ, વાચ્યથી વ્યંગ્ય ચડી જતાં ઉત્તમ; તેને બુધોએ ધ્વનિ કહેલ છે. ૪

આ એટલે કાવ્ય. બુધોએ એટલે વૈયાકરણોએ, મુખ્ય એવો જે [15]સ્ફોટરૂપ વ્યંગ્ય છે તેના વ્યંજક શબ્દને માટે ધ્વનિ શબ્દ વાપર્યો છે. તેથી તેના મતના બીજા અનુયાયીઓ વાચ્યને ગૌણ કરનાર એવા વ્યંગ્યને સૂચવવા સમર્થ શબ્દાર્થની જોડને પણ ધ્વનિ[16] કહે છે. જેમકે:

---

૧૩ <જે કૌમારનો હરનાર હતો તે જ વર છે, તેની તે જ ચૈત્રની રાત્રિઓ છે, ઉઘડેલા માલતી ફૂલથી સુગન્ધિત થએલા કદંબના એ જ પ્રૌઢ વાયરા છે, એની એ જ હું છું તોપણ રેવાના કાંઠા ઉપર વેતસીના ઝાડ હેઠળ સુરતવ્યાપારની લીલાવિધિ માટે ચિત્ત ઉત્કંઠિત થાય છે.>

૧૪ જ્યારે રસ અપ્રધાન હોઇ અન્ય પ્રધાનભૂત વાક્યાર્થનું અંગ હોય ત્યારે રસવત્ અલંકાર કહેવાય છે. અહીં રસ પ્રધાન છે, માટે રસવત્ અલંકાર થઇ શકતો નથી. રસવત્ અલંકારને માટે જુઓ. ઉદાહરણ ૧૧૬. ઉલ્લાસ ૫.

૧૫ વૈયાકરણોનો મત એવો છે કે શબ્દ નિત્ય છે. આપણે શબ્દના વર્ણો એકીસાથે બોલતા નથી, પણ એક પછી એક બોલીએ છીએ. હવે અર્થ સમજાવવાની શકિત તો આખા શબ્દમાં રહેલ છે, અને શબ્દ તો આપણે આખો એકીસાથે બોલી શકતા નથી. ત્યારે બોલવાથી શબ્દાર્થ સમજાય છે કેવી રીતે? તેનો ખુલાસો વૈયાકરણો એવો કરે છે કે આપણા એક પછી એક બોલાઇ બોલાઇને અસ્ત થતા ધ્વનિથી, અવાજથી, નિત્ય શબ્દ જે વ્યંગ્ય છે તે વ્યક્ત થાય છે અને તેનાથી અર્થબોધ થાય છે. તે નિત્ય શબ્દને સ્ફોટ પણ કહે છે, અને તે જ મુખ્ય છે.

૧૬ વૈયાકરણો જેમ સ્ફોટને વ્યકત કરનાર અવાજને ધ્વનિ કહે છે તેમ આલંકારિકો પ્રધાનભૂત વ્યંગ્યાર્થને વ્યકત કરનાર શબ્દાર્થ–યુગલને ધ્વનિ, ધ્વનિકાવ્ય કહે છે.

[17]ઓષ્ઠે રાગ ફીકો, ખર્યું સ્તનતટે છે સર્વથા ચન્દને,
આંખોની અણિમાં ન કાજળ, થયાં રોમાંચ તન્વી તને;
જુઠું બોલતી, દૂતિ! તેં સખીતણી પીડા ન જાણી કશી
ન્હાવા વાવ ગઈ ન તે અધમની પાસે અહીંથી નકી. ૨

અહીં અધમ પદથી તેની પાસે રમવા ગઈ હતી એમ પ્રધાનપણે સૂચવાય છે.

**(સૂ. ૩) એવું વ્યંગ્ય ન હોય પણ ગૌણ વ્યંગ્યવાળું હોય તે મધ્યમ.**

એવું વ્યંગ્ય ન હોય એટલે વાચ્યથી ચડી જાય એવું ન હોય તે. જેમકે:

[18]ગામ–તરુણના હાથે, નવ વંજુલમંજરી ફરી ફરીને
દેખંતાં તરુણીની, મુખ છબિ ઝાંખી જ છેક થઈ. ૩

અહીં વંજુલ વેલના મંડપમાં સંકેત આપીને ન આવી એ વ્યંગ્ય ગૌણ છે, શાથી જે તેની એટલે વ્યંગ્યની અપેક્ષાએ વાચ્ય જ ચમત્કારી છે.

**(સૂ. ૪) શબ્દચિત્ર અને વાચ્યચિત્ર (એવું) અવ્યંગ્ય અવર મનાય છે. ૫**

ચિત્ર એટલે ગુણ અને અલંકારવાળું. અવ્યંગ્ય એટલે સ્ફુટ વ્યંગ્યાર્થથી રહિત. અવર એટલે અધમ. જેમકે:

---

૧૭<તારા સ્તનતટ ઉપરથી બધું ચન્દન ખરી પડ્યું છે, તારા અધર ઉપરથી રંગ ભૂંસાઇ ગયો છે, તારાં નેત્રો છેક ખૂણે આંજણ વિનાનાં થઇ ગયાં છે અને તારા નાજુક શરીર ઉપર રોમાંચ થાય છે; હે જૂઠાબોલી સખીજનની પીડા ન જાણતી દૂતિ, તું અહીંથી વાવ ઉપર ન્હાવા ગઇ હતી, તે અધમની પાસે ગઇ ન હતી.>

૧૮<હાથમાં વંજુલની તાજી મંજરીવાળા ગ્રામતરુણને વારંવાર જોતી તરુણીની મુખકાન્તિ અતિશય ઝાંખી થાય છે.>

[19]છોળો સ્વચ્છ ઊંડાં જલોનીં ઉછળે સ્વચ્છન્દથી ખો મહીં,
વામી મોહ મહર્ષિ હર્ષથી કરે જ્યાં સ્નાન ને આહ્નિક,
મોટા મંડુક જ્યાં દીપે દર, દ્રુમો ધિંગા અને દીર્ઘના,
દ્રોહે, કૂદતી મત્ત ઉર્મિથીં, હણે મન્દાકિની મન્દતા. ૪

[20]મહેલથી માનદ બ્હાર નીસર્યો
સહેજ, એવું સુણી ગાભરા થઈ,
ત્વરાથીં ઇન્દ્રે ભીડીં આગળા દીધે,
ભયે શું મીંચે અમરાવતી દગો. ૫

**એ રીતે કાવ્યપ્રકાશમાં, કાવ્યનાં પ્રયોજન કારણ સ્વરૂપ અને પ્રકારના નિર્ણયનો પ્રથમ ઉલ્લાસ સમાપ્ત થયો.**

---

૧૯ <સ્વચ્છન્દથી ઉછળતાં સ્વચ્છ (અને) કિનારાની બખોલોમાં બળવાન્ પાણીનાં મોજાંથી નાશ થતા મોહવાળા મહર્ષિઓ વડે જેમાં સ્નાન અને આહ્નિક કરાય છે, જેના ખાડાઓમાં ચળકતાં મોટાં દેડકાં છે, મોટાં લચી પડેલાં ઝાડની ઇર્ષ્યાથી મોટાં મોટાં મોજાં ઊંચાં જવાથી અતિશય મદવાળી મન્દાકિની તમારી મંદતાનો એકદમ નાશ કરો.>

મૂળ શ્લોકનો ઉચ્ચાર કેવો થાય છે, તે વાંચકની કલ્પનામાં આવે તે માટે તે નીચે આપ્યો છે.

स्वच्छन्दोच्छलदच्छकच्छकुहरच्छातेतराम्बुच्छटा
मूर्छन्मोहमहर्षिहर्षविहितस्नानाह्निकाह्नाय वः ।
भिद्यादुद्यदुदारदर्दुरदरी दीर्घादरिद्रद्रुम-
द्रोहोद्रेकमहोर्मिमेदुरमदा मन्दाकिनी मन्दताम् ।

૨૦ <જે માનદને પોતાના મંદિરથી સહેજ બ્હાર નીકળ્યો સાંભળીને ઇન્દ્રે ગભરાટથી જેના આગળા એકદમ બંધ કરી દીધા તે અમરાવતી ભયથી જાણે આંખો બંધ કરી દે છે.>

# બીજો ઉલ્લાસ

ક્રમથી શબ્દ અને અર્થનું સ્વરૂપ કહે છે.

**(સૂ. ૫) અહીં, શબ્દ, વાચક લાક્ષણિક અને વ્યંજક ત્રણ પ્રકારનો છે.**

અહીં એટલે કાવ્યમાં.[૧] એઓનું સ્વરૂપ કહેવાશે.

**(સૂ. ૬) વાચ્ય વગેરે તેના અર્થો છે.**

(વાચ્ય વગેરે એટલે) વાચ્ય લક્ષ્ય અને વ્યંગ્ય.

**(સૂ. ૭) કેટલાએકમાં તાત્પર્યાર્થ પણ.** ૬

જેનું સ્વરૂપ આગળ કહેવાશે એવા–પદના અર્થોનો–આકાંક્ષા, યોગ્યતા અને સંનિધિને લીધે, સમન્વય થાય ત્યારે, વિશિષ્ટ સ્વરૂપવાળો, કોઇપણ એક પદનો અર્થ નહિ એવો વાકયાર્થ ઉદય પામે છે, એવો અભિહિતાન્વયવાદીઓનો મત છે;[૨] વાચ્ય જ વાકયાર્થ છે એવો અન્વિતાભિધાનવાદીનો મત છે[૩]

---

૧ આલંકારિકો સિવાય બીજા કોઇ વ્યંગ્યને સ્વીકારતા નથી.

૨–૩ કુમારિલભટ્ટના અનુયાયીઓ ભાટ્ટ મીમાંસકો અભિહિતાન્વયવાદી કહેવાય છે. તેઓ માને છે કે અભિધા લક્ષણા અને વ્યંજના ઉપરાંત એક તાત્પર્યશક્તિ પણ છે; જે પદમાં નહિ પણ વાકયમાં રહે છે. "રામચન્દ્રની ગાય જાય છે." તેમાં પદો આકાંક્ષા યોગ્યતા સંનિધિથી સંકલિત થયાં છે. રામચંદ્ર એક પદ છે, તેનો અમુક અર્થ છે, ગાયનો અમુક અર્થ છે, વગેરે; પણ આખું વાકય બોલાયાથી રામચંદ્રના સ્વામિત્વનો અર્થ જે નીકળે છે તે કોઇ પણ એક પદનો અર્થ નથી; છઠ્ઠી ભકિતનો અર્થ તો માત્ર સંબંધ જ થાય છે. પણ અહીં એ સામાન્ય સંબંધના અર્થ ઉપરાંત આપણે સ્વામિત્વનો વિશિષ્ટ સંબંધ, ખાસ સંબંધ જે સમજીએ છીએ તે તાત્પર્ય શકિતને લીધે સમજીએ છીએ. અભિહિત એટલે અભિધા શકિતથી પદોદ્વારા પ્રથમ ઉપસ્થિત થયેલા અર્થો; તેમનો અન્વય એટલે સંબંધ (વાકયાર્થ) તાત્પર્ય વૃત્તિથી ભાસમાન થાય છે એમ અભિહિતાન્વયવાદીઓ કહે છે. પ્રભાકર–ગુરુના અનુયાયીઓ અન્વિતાભિધાનવાદીઓ કહેવાય છે. તેઓ કહે છે કે અભિધા શક્તિથી જે અર્થ પ્રતીત થાય છે તે અન્વિત એટલે અન્વયયુક્ત જ પ્રતીત થાય

**(સૂ. ૮) ઘણું કરીને બધા પ્રકારના અર્થોનું વ્યંજકપણું મનાય છે.**

તેમાં વાચ્યનું, જેમકે—

[૪]માજી ઘરમાં આજે, સામગ્રી નથી તમે કહ્યું એમ;
તો શું કરવું ક્‌હોને, દ્‌હાડો એમ ન ઊભો ર્‌હેશે. ૬

અહીં સ્વચ્છન્દ વિહારાર્થી સ્ત્રી સૂચવાય છે.

લક્ષ્યનું, જેમકે—

[૫]રીઝવતી સખિ! પ્રિયને ક્ષણે ક્ષણે વેઠતી દુઃખ હું કાજે,
સદ્‌ભાવ અને સ્નેહથી કરવા સરખું કરી દીધું તેં! ૭

આમાં મારા પ્રિયની સાથે રમીને તેં વેરણનું કામ કર્યું છે એવો લક્ષ્યાર્થ છે અને તે દ્વારા ચારના અપરાધીપણાનું પ્રકટ કરવું એ વ્યંગ્ય છે.

વ્યંગ્યનું, જેમકે—

[૬]જો, નવ હાલે ચાલે પદ્મિનીપત્રે વિરાજતી બગલી!
ચોખ્ખા મરકત થાલે મૂકેલી છીપ કટોરી[૭] શી. ૮

---

છે. અન્વય કોઇ ઇલાયદી વૃત્તિથી ભાસમાન થતો નથી માટે તાત્પર્યવૃત્તિ સ્વીકારવાની જરૂર નથી.

૪ <માજી આજે ઘરમાં જરૂરની સાધન સામગ્રી નથી એમ તમે જ કહ્યું છે; તો કહો શું કરવું છે? દિવસે એમને એમ રહેશે નહિ. >

૫ <હે સખિ (તે) સુભગને રીઝવતાં મારા કાજે તું ક્ષણે ક્ષણે દુઃખ પામી છે; સદ્‌ભાવ અને સ્નેહથી કરવું જોઇએ તેને યોગ્ય તેં કર્યું છે! >

૬ <જો પદ્મિનીની પાંદડીમાં સ્થિર અને ન ફરકતી બગલી શોભે છે! નિર્મળ મરકતના વાસણમાં મૂકેલા શંખના બનાવેલા પાત્રની જેમ. >

૭ મૂળમાં 'શંખશુક્તિ' છે. તેનો અર્થ શંખનું બનાવેલું છીપના આકારવાળું ચંદન ઉતારવાનું પાત્ર.

અહીં હાલ્યા ચાલ્યા વિના એ વડે નિરાંત અને તે નિરાંત વડે નિર્જનપણું સૂચવાય છે. માટે આ સંકેત સ્થાન છે એમ કોઇ સ્ત્રી કોઇને કહે છે; અથવા તું ખોટું બોલે છે, તું અહીં આવેલો ન હતો એવું સૂચન છે.

વાચક વગેરે શબ્દોનું ક્રમથી સ્વરૂપ કહે છે.

**(સૂ. ૯) સાક્ષાત સંકેતિત અર્થને જે કહે તે વાચક. ૭**

અહીંઆ, જેનો સંકેત[૮] નથી જણાયો એવા શબ્દના અર્થની પ્રતીતિ ન થતી હોવાથી, સંકેત સાથેનો જ શબ્દ ખાસ અર્થનો બોધ કરે છે, તેથી જે શબ્દનો જે અર્થપરત્વે વ્યવધાન વિના સંકેત સમજાય તે શબ્દ તે અર્થનો વાચક છે.

**(સૂ. ૧૦) સંકેતિત અર્થ જાતિ વગેરે ચાર પ્રકારનો હોય છે અથવા સંકેતિત અર્થ માત્ર જાતિ જ હોય છે.**

જોકે વ્યકિતથી જ કામ સરતું હોવાથી તે જ પ્રવૃત્તિ અને નિવૃત્તિને[૯] યોગ્ય છે, તોપણ આનન્ત્ય અને વ્યભિચારના[૧૦]

---

૮ ગાય શબ્દનો અર્થ અમુક પ્રાણી આપણે ગણીએ છીએ, પણ ગૂજરાતી નહિ જાણનાર તે અર્થ નથી જાણતો. આનું કારણ એ છે કે ‘ ગાય ’ શબ્દથી અમુક અર્થ થાય છે એવો શબ્દ અને અર્થ વચ્ચેનો સંબંધ એ જાણતો નથી. આ સંબંધને સંકેત કહે છે.

૯ પ્રવૃત્તિ—નિવૃત્તિ—માણસની ક્રિયામાત્રનું પ્રયોજન સુખકારક તરફ પ્રવૃત્તિ અને દુઃખકારકમાંથી નિવૃત્તિ હોય છે. એટલે કે સુખ મેળવવું અને દુઃખ છોડી દેવું. એટલે પ્રવૃત્તિ નિવૃત્તિ શબ્દથી માણસની સર્વ ક્રિયા એમ કહેવાનો ઉદ્દેશ છે. દલીલ એવી છે કે માણસ જે જે ક્રિયાઓ કરે છે જેમકે ગાયને બાંધવી, છોડવી, દોરવી, તે તો બધું ગાય વ્યક્તિને ઉદ્દેશીને જ થાય છે; એટલે કોઇ એમ કહે કે “ ગાય બાંધ ” એ વાક્યમાં ક્રિયા તો ગાય વ્યક્તિ સંબંધી થાય છે, માટે ગાય શબ્દનો સંકેત વ્યક્તિમાં છે એમ ગણવું જોઇએ. એ શંકા “જોકે...યોગ્ય છે” એ વાક્યથી લખી, “તો પણ” એ વાક્યથી તેનું સમાધાન કરે છે.

૧૦ આનન્ત્ય, વ્યભિચારઃ—વ્યક્તિમાં સંકેત ઘટે નહિ તેનું કારણ કહે છે કે તેમાં આનન્ત્યનો દોષ આવે છે. ગાય શબ્દ, વ્યક્તિને લગાડવા જઇએ તો વ્યક્તિ તો અનન્ત છે, એ અનન્ત વ્યક્તિને ગાય શબ્દ કેવી

દોષોને લીધે તેમાં એટલે વ્યક્તિમાં, સંકેત કરવો યોગ્ય નથી; આ કારણથી અને "गौः शुक्लश्चलो डित्थः "વગેરે શબ્દોનો અર્થભેદ[૧૧] ન થતો હોવાથી તેની (વ્યક્તિની) ઉપાધિની[૧૨] અંદર જ સંકેત છે.

ઉપાધિના બે પ્રકારો છે. વસ્તુધર્મ અને બોલનારની યદચ્છાથી —મરજીથી—આરોપાયેલો. વસ્તુધર્મ પણ બે પ્રકારનો છે. સિદ્ધ અને સાધ્ય. સિદ્ધના વળી બે પ્રકાર છે. પદાર્થનો પ્રાણપ્રદ ધર્મ અને પદાર્થને વિશિષ્ટ સ્વરૂપ આપનાર ધર્મ. તેમાં પહેલાને જાતિ કહે છે. વાક્યપદીયમાં કહ્યું છે કે "આખલો સ્વરૂપથી, પોતાની મેળે, વ્યક્તિ તરીકે, આખલો છે એમ પણ નથી, આખલો નથી એમ પણ નથી. આખલાપણાના સંબંધથી તે આખલો કહેવાય

---

રીતે લાગુ કરી શકાય? જો કોઈ એમ કહે કે સંકેત અનન્ત ગાયોને લાગતો નથી, પણ અત્યારે જેટલી ગાય છે તેટલીને જ લાગે છે, તો વ્યભિચારનો દોષ આવે. કારણકે અત્યારે જેટલી ગાયો છે તેટલીને ગાય શબ્દ લાગુ પડયા પછી તે પદની શક્તિ તો ખૂટી ગઇ. હવે ભવિષ્યમાં ગાય થશે તેને તે શબ્દ શી રીતે લગાડશો? જો પછીની ગાયને એ શબ્દ લગાડો તો શક્તિ વિના તે લગાડવો પડે તે વ્યભિચાર (વિ–વધારે, અભિચાર–જવું, વ્યાપ્ત થવું હોય તેનાથી વધારે ઉપર જવું, એટલે કે કારણ વિના કાર્યનું થવું,) દોષ છે.


૧૧ અર્થભેદ: આ પણ, વ્યક્તિમાં સંકેત છે એ શંકાના ઉત્તરમાં કહ્યું છે. ધારો કે વ્યક્તિમાં સંકેત છે એમ કહીએ તો "ડિત્થ નામનો ચાલતો ધોળો આખલો" એ વાક્યમાં 'આખલો' એ શબ્દથી જ એ વ્યક્તિનો અર્થ થઇ જાય; તો પછી ડિત્થ, ચાલતો, ધોળો એ શબ્દો કોનો બોધ કરે? જો એમ કહીએ કે એ શબ્દો પણ એ જ આખલાનો બોધ કરે છે તો પછી 'ડિત્થ' શબ્દથી પણ એ આખલો 'ધોળો'થી પણ એ આખલો 'ચાલતો'થી પણ એ આખલો એવો અર્થ થાય; એટલે કે ચારેય શબ્દનો એક જ વ્યક્તિ અર્થ થયો; એટલે શબ્દોના અર્થોનો ભેદ ન થઇ શકયો; બધા શબ્દોનો જૂદો જૂદો અર્થ ન થઈ શક્યો, એટલે કે નિરર્થક પુનરુક્તિનો વાંધો આવે.

૧૨ ઉપાધિ એટલે વ્યક્તિમાં રહેલો ધર્મ.

છે.” બીજો ગુણ છે. અસ્તિત્વ પામેલી વસ્તુ, ‘ધોળું’ વગેરે ગુણોથી વિશિષ્ટ બને છે. પહેલા અને પછી એવા જેના અવયવો છે એવો ક્રિયારૂપ ધર્મ તે સાધ્ય ધર્મ.[૧૩]

---

૧૩ શબ્દનો સંકેત ઉપાધિમાં થાય છે. તે ઉપાધિ ચાર પ્રકારની છે એમ કારિકામાં કહ્યું તે જ અહીં સ્ફુટ કરે છે. આ ચાર પ્રકારો તે જાતિ, ગુણ, ક્રિયા અને યદૃચ્છા. આ ચારેય ઉપાધિ ગણાય છે. ઉપાધિના નીચે પ્રમાણે અહીં વર્ગો કર્યા છે.




આપણે કોઇ પદાર્થને અમુક નામ આપીએ છીએ તે તે પદાર્થની જાતિ ઉપરથી આપીએ છીએ. કોઇપણ અમુક ગાયને ગાય કહીએ છીએ તો તે વ્યક્તિની ખાતર નહિ પણ ગોત્વ જાતિ સાથેના તેના સંબંધથી ગાય કહીએ છીએ. એટલે કે ગાય પોતાની જાતિને લઇને ગાય બને છે. માટે જાતિ એ પદાર્થનો પ્રાણપ્રદ ધર્મ કહ્યો છે. કામળો હોવો, દૂધ દેવું, વગેરે જે જે સઘળા ધર્મોથી ગાય જાતિ થાય છે તે તેનો પ્રાણપ્રદ ધર્મ છે. એ પ્રમાણે પ્રાણપ્રદ ધર્મ ઉપરાંત, જે ધર્મો હોય તેને ગુણ કહ્યા છે. કામળો વગેરે ધર્મો અમુક વ્યક્તિમાં હોય એટલે તેને ગાયપણું મળી ગયું, તેને પ્રાણ, સત્તા, અસ્તિત્વ મળી ગયું. હવે ધોળી ગાય એમાં ધોળાપણું, એ એ વ્યક્તિનો ગુણ છે; એ ગુણ ગાયપદ મળવાને માટે વ્યક્તિમાં આવશ્યક નથી, માત્ર એ ગાયને વિશિષ્ટ કરે છે; માટે “અસ્તિત્વ પામેલી વસ્તુ ગુણથી વિશિષ્ટ બને છે.” એમ કહ્યું. આ બન્ને ધર્મો સિદ્ધ છે. ક્રિયાને સાધ્ય ધર્મ કહે છે. ક્રિયાના અવયવો જુદા પાડો તો એ અવયવો કાલમાં આગળ પાછળ હોય, સમકાલીન ન હોય. માટે તેને સાધ્ય કહ્યા. ગાય જાતિના અવયવો

છેલ્લો વર્ણ જાણ્યાથી સમજાતું, ક્રમ વિનાનું, ડિત્થ વગેરે શબ્દોનું સ્વરૂપ, બોલનાર પોતાની મરજી પ્રમાણે ડિત્થ વગેરે અર્થોમાં ઉપાધિ તરીકે મુકે છે તેથી આ [ઉપાધિ] સંજ્ઞારૂપ યદૃચ્છાત્મક છે.

"गौः शुक्लश्चलो डित्थः ઈત્યાદિમાં શબ્દની ચાર પ્રકારની પ્રવૃત્તિ છે." એમ મહાભાષ્યકાર કહે છે. પરમાણુ વગેરેને ગુણમાં ગણાવેલું હોવાથી તેમનું ગુણપણું પારિભાષિક સમજવું.[૧૪] ગુણ ક્રિયા અને યદૃચ્છા (એ દરેક) વસ્તુતઃ એક છે છતાં આશ્રયના ભેદને લીધે તેમાં ભેદ જેવું દેખાય છે;[૧૫] જેમ એક જ મુખ ખડ્ગ અરીસો તેલ વગેરે આલમ્બનના ભેદથી ભિન્ન દેખાય છે તેમ.

બરફ, દૂધ, શંખ વગેરે વસ્તુઓમાં રહેલા ધોળા ગુણો વાસ્તવિક રીતે ભિન્ન હોવા છતાં જે કારણથી ધોળું ધોળું વગેરે

---

ખરીમાં ફાટ હોવી, શીંગડાં હોવાં વગેરે સમકાલીન છે; ક્રિયાના અવયવો, જેમકે ચાલવાની ક્રિયાના, તેમાં એક પગ ઉપાડવો પછી બીજો ઉપાડવો, એમ બધા અવયવો એક પછી એક આવે. સમકાલીન, એકકાલીન, ન હોઇ શકે. છેવટે ચોથો ધર્મ યદૃચ્છા. એ બોલનારની ઇચ્છાથી આરોપેલો એટલે વિશેષ નામોનો છે. અમુક વસ્તુનું નામ અમુક આપીએ છીએ તે આપતી વખતે બોલનારની મરજીનો વિષય છે. એવી રીતે સંકેતિત અર્થના તેની ઉપાધિની દૃષ્ટિએ ચાર પ્રકારો, જાતિ, ગુણ, ક્રિયા, યદૃચ્છા બતાવ્યા. પછી કારિકામાં કહેલો બીજો મત લે છે. એટલે કે સંકેત માત્ર જાતિમાં જ હોય છે એ મત વિષે કહે છે. આ મત "બરફ, દૂધ,..."વગેરેથી શરૂ થાય છે.

૧૪ ઉપર પ્રમાણે પરમાણુત્વ પણ પ્રાણપદ ધર્મ હોવાથી જાતિમાં ગણાવવું જોઇએ; પણ વૈશેષિક દર્શનમાં તેનો ગુણમાં સમાવેશ કરે છે. આનો શી રીતે ખુલાસો કરવો? તો કહે છે કે એ તો ફક્ત વૈશેષિક દર્શનની પરિભાષા છે. વાસ્તવિક રીતે તે જાતિ જ છે.

૧૫ શંખ, દૂધ વગેરેમાં ધોળાપણું જુદા જુદા પ્રકારનું છે. છતાં બધાને ધોળું કહીએ છીએ એમાં પણ આનન્ત્ય અને વ્યભિચાર દોષ આવ્યો ગણાય એવી શંકાનું અહીં સમાધાન કરે છે કે એ તો માત્ર આલમ્બનના ફરકથી જુદું દેખાય છે પણ વસ્તુતઃએ એક જ છે માટે એ દોષો આવતા નથી.

એક જ જાતનો શબ્દપ્રયોગ અને એક જ જાતનું જ્ઞાન ઉત્પન્ન થાય છે તે ધોળાશ વગેરેના સામાન્યને લઈને છે. ગોળ ભાત વગેરેમાં જે વાસ્તવિક ભિન્ન પાકક્રિયા છે તેની અંદર જેના વડે એક જ શબ્દપ્રયોગ અને જ્ઞાન ઉત્પન્ન થાય છે તે પાકત્વાદિ ક્રિયા સામાન્ય છે. બાલ વૃદ્ધ પોપટ વગેરેથી બોલાએલા ડિત્થ વગેરે શબ્દોની અંદર, અથવા પ્રતિક્ષણે બદલાતી જતી ડિત્થ વગેરે વસ્તુઓની અંદર ડિત્થત્વ સામાન્ય જ છે જે એક જ શબ્દપ્રયોગ અને જ્ઞાનનું કારણ થાય છે. આ પ્રમાણે બધા શબ્દોના વ્યવહારનું નિમિત્ત જાતિ જ છે એમ કેટલાએકનો[૧૬] મત છે. જાતિ-વિશિષ્ટ વ્યક્તિ એ જ શબ્દનો અર્થ છે એમ કેટલાએકનો[૧૭] અને અન્યથી વ્યાવૃત્તિ એ જ શબ્દનો અર્થ છે એમ કેટલાએકનો[૧૮] મત છે; પણ તે ગ્રન્થ મોટો થઈ જવાની બીકથી અને પ્રસ્તુત વિષયમાં ઉપયોગી ન હોવાથી બતાવ્યા નથી.[૧૯]

(સૂ. ૧૧) તે મુખ્ય અર્થ છે; તે વિષે આનો મુખ્ય વ્યાપાર અભિધા કહેવાય છે. ૮

તે—એટલે સાક્ષાત્ સંકેતિત અર્થ. આનો—એટલે શબ્દનો.

(સૂ. ૧૨) મુખ્ય અર્થનો બાધ થાય, (અને) મુખ્ય અર્થ જોડે સંબંધ હોય, ત્યારે રૂઢિને લઈને અથવા પ્રયોજનને લઈને બીજો અર્થ જે (વ્યાપાર)થી સમજાય તે લક્ષણા નામની આરોપિત ક્રિયા છે. ૯

૧૬ જાતિમાં જ માત્ર સંકેત હોય છે એ મત અહીં કહ્યો છે તે પૂર્વ મીમાંસકોનો છે.

૧૭ આ મત નૈયાયિકોનો છે.

૧૮ આ મત બૌદ્ધોનો છે. આમના મત પ્રમાણે ગાય શબ્દનો અર્થ 'ગાય સિવાયનું બીજું કોઈ નહિ' એવો નિષેધાત્મક થાય છે. એટલે કે શબ્દનું કામ માત્ર બીજા બધા પદાર્થોથી પોતાના અર્થના ભિન્નતા બતાવવાનું, તેની વ્યાવૃત્તિ કરવાનું છે એવો મત.

૧૯ નરસિંહ ઠકુર નામના ટીકાકાર પ્રમાણે મમ્મટને 'વ્યક્તિમાં સંકેત' મત ઇષ્ટ છે. ઝળકીકર પ્રમાણે મહા ભાષ્યકારનો મત મમ્મટને ઇષ્ટ છે. અમને પણ એ જ ઠીક લાગે છે.

'કર્મમાં કુશલ'[૨૦] વગેરેમાં દર્ભ લેવા વગેરેનો અર્થ બંધ ન બેસવાથી મુખ્ય અર્થનો બાધ થાય છે, તેનો વિવેકિત્વાદિરૂપ સંબંધ છે, તથા રૂઢિ એટલે પ્રસિદ્ધિ છે તેથી મુખ્ય અર્થ વડે અમુખ્ય અર્થ જે વ્યાપારદ્વારા લક્ષાય છે તે, વ્યવહિત અર્થને વિષય કરતો આરોપિત શબ્દ વ્યાપાર લક્ષણા છે. [તેવી રીતે] ' ગંગા ઉપર નેસ ' વગેરેમાં ગંગાઆદિ નેસ વગેરેના આધાર ન થઈ શકવાથી મુખ્યાર્થનો બાધ થાય છે; તેનો નજીકપણા રૂપ સંબંધ[૨૧] છે, તથા " ગંગા કિનારા ઉપર નેસ " વગેરેના પ્રયોગથી જે પવિત્રતા વગેરે ધર્મોનો બોધ થતો નથી તેમનો બોધ કરાવવા રૂપ પ્રયોજન છે તેથી મુખ્ય અર્થ વડે અમુખ્ય અર્થ જે વ્યાપારદ્વારા લક્ષાય છે તે, વ્યવહિત અર્થને વિષય કરતો આરોપિત શબ્દવ્યાપાર લક્ષણા છે.

(સૂ. ૧૩) **પોતાની સિદ્ધિ માટે બીજાનો આક્ષેપ કરવો તે ઉપાદાન લક્ષણા, અને બીજાને માટે પોતાનું સમર્પણ કરવું તે લક્ષણ-લક્ષણા; એવી બે પ્રકારની લક્ષણા શુદ્ધા કહેવાય છે. ૧૦**

' ભાલા પ્રવેશ કરે છે ' ' ડાંગો પ્રવેશ કરે છે ' વગેરેમાં પોતાનો પ્રવેશ બંધ બેસે માટે ભાલા વગેરેથી પોતાના સંયોગમાં આવેલા પુરુષો લેવાય છે, માટે ઉપાદાન[૨૨] વડે આ લક્ષણા થએલી છે.

'ગોધો હોમવો' વગેરે શ્રુતિએ ફરમાવેલ હોમવાની ક્રિયા મારા ઉપર કેવી રીતે થાય, માટે જાતિવડે વ્યકિત લેવાય છે;

---

૨૦ कुशान् लातीति कुशलः (કુશને કાપે તે કુશલ) એવી કુશલ શબ્દની વ્યુત્પત્તિ છે.

૨૧ તેનો...સંબંધ એટલે મુખ્યાર્થનો લક્ષ્યાર્થ સાથેનો સંબંધ. આ દાખલામાં વિવેકીપણું એ મુખ્યાર્થ અને લક્ષ્યાર્થ વચ્ચેનો સંબંધ છે. 'ગંગા ઉપર નેસ'ના દાખલામાં નજીકપણું એ મુખ્યાર્થ અને લક્ષ્યાર્થ વચ્ચેનો સંબંધ છે.

૨૨ ઉપાદાન એટલે મેળવવું. એક શબ્દ પોતાનો અર્થ સાચવીને બીજા શબ્દનો અર્થ મેળવી લે તે ઉપાદાન.

વ્યક્તિ બોલાતી નથી કારણકે "વિશેષણનો બોધ કરીને અભિધા શક્તિ ક્ષીણ થઈ જાય છે ને વિશેષ્ય સુધી પહોંચી શકતી નથી." એવો ન્યાય છે; માટે આ ઉપાદાન લક્ષણાનું ઉદાહરણ છે;[૨૩] એમ ન કહેવું. કારણકે અહીં પ્રયોજન નથી તેમ રૂઢિ પણ નથી. વ્યક્તિ સાથેના જાતિના નિત્ય સંબંધને લીધે જાતિથી વ્યક્તિનો આક્ષેપ થાય છે. જેમકે 'કરાય' એમ કહેતાં કર્મનો આક્ષેપ થાય છે. 'કર' એમ કહેતાં કર્મનો આક્ષેપ થાય છે. 'પેસ' 'પેંડા' વગેરેમાં 'ઘરમાં' 'ખા' વગેરેનો.

'જાડો દેવદત્ત દિવસે ખાતો નથી' એમાં રાત્રિભોજન સમજાય છે તે લક્ષણાથી નથી સમજાતું કારણકે તે શ્રુતાર્થાપત્તિ અથવા અર્થાપત્તિનો[૨૪] વિષય છે. 'ગંગા ઉપર નેસ' અહીંઆં તટ નેસના આધાર તરીકે ઘટી શકે એટલા માટે ગંગા શબ્દ પોતાનો અર્થ આપી દે છે. આવા દાખલાઓમાં લક્ષણ[૨૫] વડે લક્ષણા થાય છે. આ બંને પ્રકારની શુદ્ધા (લક્ષણા) છે શાથી જે એમાં ઉપચારનું[૨] મિશ્રણ નથી.

---

૨૩ આ પારિગ્રાફમાં અહીં સુધી પૂર્વપક્ષ છે. પૂર્વપક્ષ એવો છે કે તમારા મત પ્રમાણે શબ્દનો સંકેત ઉપાધિમાં છે. માટે 'ગોધો હોમવો' એવા શ્રુતિવાક્યમાં 'ગોધો' શબ્દનો સંકેત 'ગોધાની જાતિ'માં થયો. પણ જાતિ કાંઇ હોમી શકાતી નથી એટલે 'ગોધો' શબ્દના મુખ્યાર્થનો બાધ થયો સમજવો જોઇએ અને એ શબ્દથી જે 'ગોધો' વ્યક્તિ સમજાય છે તે હવે લક્ષણાથી સમજાય છે એમ ગણવું જોઇએ. જાતિથી જે વ્યક્તિનો આક્ષેપ થાય છે તે અભિધાથી ન થઇ શકે કારણકે નિયમ એવો છે કે વિશેષણનો–જાતિનો બોધ કરી અભિધા શક્તિ ક્ષીણ થઇ જાય છે, તેનાથી વિશેષ્ય-વ્યક્તિનો બોધ થઇ શકતો નથી. માટે અભિધાનો બાધ થતાં લક્ષણા વ્યાપારમાં આવે છે એમ માનવું જોઇએ. આવો પૂર્વપક્ષ છે. તેનો 'એમ ન કહેવું' વગેરેથી જવાબ આપે છે.

૨૪ શ્રુતાર્થાપત્તિ–જેને વ્યાકરણમાં આપણે શબ્દ અધ્યાહાર રહેલો કહીએ છીએ તે શ્રુતાર્થાપત્તિ. અમુક હકીકત બંધ બેસે તે માટે જે બીજી હકીકત સમજી લેવી પડે તે અર્થાપત્તિ.

૨૫ લક્ષણ એટલે ગૌણ થઇને સૂચવવું.

૨૬ ઉપચાર એટલે સાદૃશ્ય, સરખાપણાનો સંબંધ.

આ બન્ને પ્રકારોમાં લક્ષ્ય અને લક્ષક વચ્ચે ભેદની[૨૭] પ્રતીતિ-રૂપ તાટસ્થ્ય એટલે અલગપણું નથી. ગંગા વગેરે શબ્દોથી તટ

---

૨૭ ભેદ–અહીં એક તકરારની ચર્ચા કરી છે. આપણે જોયું કે 'ગંગા ઉપર નેસ' એ શુદ્ધા લક્ષણા છે. આ પછી ગૌણી લક્ષણા આવશે. તેમાં ઉપચાર એટલે સરખાપણાનો સંબંધ હોય છે; જેમકે 'વાહીક (ગામડીઓ અથવા જંગલી માણસ) બળદ છે' તેમાં વાહીક અને બળદ વચ્ચે સાદૃશ્ય સંબંધ છે. હવે મુકુલભટ્ટ કહે છે કે ગૌણીમાં સાદૃશ્ય સંબંધ છે, માટે ત્યાં વાચ્યાર્થ અને લક્ષ્યાર્થનો સાદૃશ્યને લીધે અભેદ છે. પણ 'ગંગા ઉપર નેસ' એમાં વાચ્યાર્થ ગંગા અને લક્ષ્યાર્થ ગંગાતટ એ બે વચ્ચે ભેદ છે અને આ ભેદભાન એ શુદ્ધા અને ગૌણીને જુદું પાડનાર તત્ત્વ છે. તે મતનું ગ્રંથકર્તા, લક્ષ્ય ગંગાતટ અને લક્ષક ગંગા બેની વચ્ચે ભેદ પ્રતીત થતો નથી એવો મત સ્થાપી નિરાકરણ કરે છે. દલીલ એવી છે કે 'ગંગા ઉપર નેસ' એમાં 'ગંગાથી' તમારે કહેવાનો અર્થ શો છે? ગંગા એટલે ગંગાપ્રવાહ કે ગંગાતટ? અલબત્ત જવાબ એવો જ આપવો પડે કે ગંગાતટ. ત્યારે ગંગાતટ કહેવાને બદલે ગંગા કહેવાનું તમારું ખાસ પ્રયોજન શું છે? પ્રયોજન એ છે કે ગંગા એમ કહીને એ નેસની જગા પવિત્ર છે અને થંડી છે એમ સૂચવવા માગીએ છીએ. એટલે કે ગંગાતટ શબ્દથી પવિત્રતા અને શીતળતા સૂચવાતી નથી અને ગંગા શબ્દથી સૂચવાય છે. ત્યારે એમ જ માનવું પડે કે ગંગા ઉપર નેસ એનો અર્થ થતી વખતે ગંગા અને ગંગાતટ એ બે અર્થોનો ભેદ નથી જણાતો. જો ભેદ જણાય એટલે કે ગંગાતટ ગંગા રૂપે ન ભાસે તો પછી થંડી અને પવિત્રતાનો અર્થ ન થઇ શકે. માટે 'ગંગા ઉપર નેસ' એનો અર્થ થતી વખતે ગંગા અને ગંગાતટ બન્ને અર્થનો અભેદ રહે છે. હવે એમ માનો કે ગંગાનો અર્થ માત્ર ગંગાતટ એટલો જ થાય છે અને ગંગા અને ગંગાતટ વચ્ચે અભેદ નથી તો એમ માનવું પડે કે પવિત્રતા થંડી વગેરે સૂચિત અર્થો ગંગાતટમાંથી આવ્યા. તો પછી 'ગંગાતટ ઉપર નેસ' એ વાક્યમાં પણ પવિત્રતા અને થંડીનો અર્થ થાય છે એમ માનવું પડે. એટલે 'ગંગા ઉપર નેસ' અને 'ગંગાતટ ઉપર નેસ' બન્ને વાક્યોનો એક અર્થ થયો. ત્યારે પછી અભિધા અને લક્ષણાનો ફેર શો રહ્યો? માટે તેમાં ભેદપ્રતીતિ થતી નથી એ સ્વીકારવું જોઇએ; અને તેથી ભેદપ્રતીતિને શુદ્ધા અને ગૌણીના ભેદકતત્ત્વ તરીકે ગણવું જોઇએ નહિ એ ભેદક તત્ત્વ શું છે તે આગળ ૧૬ મા સૂત્રમાં કહેવાશે.

વગેરેનો બોધ થાય છે ત્યારે બન્નેના અભેદના જ્ઞાનથી જ જણાવવા ધારેલું પ્રયોજન જણાવાય છે. માત્ર ગંગાનો સંબંધ પ્રતીત થાય છે એમ કહીએ તો 'ગંગાતટ ઉપર નેસ' એવા શબ્દના પ્રયોગમાં અને લક્ષણાના પ્રયોગમાં શો ભેદ રહ્યો ?

**(સૂ. ૧૪) પણ જ્યાં વિષયી અને વિષય તે તે રીતે બોલાય ત્યાં સારોપા લક્ષણા થાય છે; જે (શુદ્ધાથી) જુદી છે.**

**જે આરોપાય છે તે વિષયી અને જેમાં આરોપાય છે તે વિષય. જેમાં વિષયી અને વિષય બન્ને, તેમનો બન્નેનો ભેદ**

---

આ ચર્ચા વધારે સ્ફુટ થાય તે માટે તેને નીચે પ્રમાણે સંવાદમાં ગોઠવી છે.

**વાદી**—'ગંગા ઉપર નેસ' એ વાક્યથી તમારે કહેવું છે શું? ગંગા ઉપર નેસ છે એમ કહેવું છે કે ગંગાતટ ઉપર ?

**પ્રતિવાદી**—'ગંગાતટ ઉપર નેસ છે' એમ.

**વાદી**—ત્યારે 'ગંગાતટ ઉપર નેસ' કહેવાને બદલે 'ગંગા ઉપર નેસ' એમ કહેવાનું તમારૂં પ્રયોજન શું છે ?

**પ્રતિવાદી**—પ્રયોજન એ છે કે 'ગંગા' શબ્દથી એ જગાની શીતળતા અને પવિત્રતા સૂચવવા માગીએ છીએ.

**વાદી**—કેમ 'ગંગાતટ' શબ્દથી એ પ્રમાણે પવિત્રતા અને શીતળતા ન સૂચવી શકાત ?

**પ્રતિવાદી**—ન જ સૂચવી શકાત. ગંગાતટથી જો પવિત્રતા અને શીતળતા સૂચવાતા હોત તો ગંગા શા માટે કહેત ?

**વાદી**—ત્યારે તમે કબુલ કરો છો કે શીતળતા અને પવિત્રતા ગંગાતટ શબ્દથી સૂચવાતી નથી અને ગંગા શબ્દથી સૂચવાય છે ?

**પ્રતિવાદી**—હા.

**વાદી**—હવે કહો કે 'ગંગા ઉપર નેસ' એનો લક્ષણાથી અર્થ કરવામાં ગંગા અને ગંગાતટ એ લક્ષક અને લક્ષ્યનો ભેદ પ્રતીત થાય છે એમ તમે માનો છો ?

**પ્રતિવાદી**—હાસ્તો. ગંગા અને ગંગાતટ એ જુદાં જ છે !

ઢંકાઇ ગયા વિના, સમાન-અધિકરણથી[૨૭] બતાવાય તે લક્ષણા સારોપા લક્ષણા છે.

**(સૂ. ૧૫) વિષયી જ્યારે બીજાને [વિષયને] ગળી જાય ત્યારે એ સાધ્યવસાનિકા કહેવાય. ૧૧**

---

**વાદી**—અસ્તુ. ત્યારે મને જરા ફરી કહો કે 'ગંગા ઉપર નેસ' એનો અર્થ શો કરો છો ?

**પ્રતિવાદી**—'ગંગાતટ ઉપર નેસ' એવો.

**વાદી**—અસ્તુ. હવે હું પૂછું છું કે આ પ્રમાણે અર્થ કરવામાં શીતળતા અને પવિત્રતાનું જે સૂચન થાય છે એમ તમે કહ્યું તે કેવી રીતે થયું 'ગંગા' થી થયું કે 'ગંગાતટ' થી ?

**પ્રતિવાદી**—'ગંગાતટ' થી થયું.

**વાદી**—પણ તમે હમણાં જ કહી ગયા કે ગંગાતટ શબ્દથી થંડી અને પવિત્રતાનું સૂચન નથી થઇ શકતું અને એટલા માટે જ તમે ' ગંગા પર નેસ' એમ કહો છો.

**પ્રતિવાદી**—હા એ ખરૂં છે.

**વાદી**—ત્યારે થંડી અને પવિત્રતાનું સૂચન ગંગાતટથી નથી થયું તો હવે કહો કે શાથી થયું ?

**પ્રતિવાદી**—ગંગા શબ્દથી.

**વાદી**—પણ જો ગંગા અને ગંગાતટ બન્ને વચ્ચે ભેદ જ પ્રતીત થતો હોય તો ગંગાની થંડી અને પવિત્રતા ગંગાતટને શી રીતે લાગુ પડે ?

**પ્રતિવાદી**—હા એ વાંધો આવે ખરો.

**વાદી**—ત્યારે એમ જ માનવું પડે કે ગંગા અને ગંગાતટનો ભેદ લક્ષણા વ્યાપારમાં પ્રતીત નથી થતો.

**પ્રતિવાદી**—પણ બન્ને વચ્ચે ભેદ છે તેનું કેમ ?

**વાદી**—તેમાં જ લક્ષણા વ્યાપારની વિશેષતા છે. વાસ્તવિક ભેદ હોવા છતાં તે ભુલાવી પવિત્રતા શીતળતા વગેરેનું તે સૂચન કરે છે. અને હવે તમે આથી કબુલ કરશો કે શુદ્ધાલક્ષણા, ભેદ-પ્રતીતિને લીધે ગૌણીથી જુદા પ્રકારની છે એમ કહેવું બરાબર નથી.

૨૭ સમાન-અધિકરણથી, એટલે એક સરખી વિભક્તિવાળાં પદોથી.

જેનો આરોપ થાય છે તે વિષયી, બીજાને એટલે જેમાં આરોપાય છે તે વિષયને, પોતામાં સમાવી દે, ગળી જાય ત્યારે સાધ્યાવસાના થાય.

**(સૂ. ૧૬) આ બે ભેદો સાદૃશ્યને લીધે હોય ત્યારે ગૌણ અને સાદૃશ્ય સિવાયના સંબંધને લીધે હોય ત્યારે શુદ્ધ ગણાય છે.**

આ સારોપા અને સાધ્યવસાના એવા લક્ષણાના બે ભેદો સાદૃશ્યને લઈને થનારા, 'વાહીક બળદ છે' એમાં અને 'આ બળદ છે' એમાં થાય છે.[૨૮]

અહીંઆં પોતાના અર્થના (એટલે બળદપણાના) સહચારી ગુણો જેવા કે જડતા, મન્દતા, જો કે લક્ષણાથી સમજાય છે, છતાં તે ગુણો બળદશબ્દદ્વારા બીજા અર્થનો એટલે વાહીક અર્થનો અભિધાદ્વારા બોધ કરવામાં કારણભૂત થાય છે એમ કેટલાએક કહે છે. પોતાના અર્થના સહચારી ગુણના અભેદને લીધે બીજા શબ્દના અર્થમાં રહેલા ગુણોનું જ લક્ષણાથી જ્ઞાન થાય છે, બીજા શબ્દનો અર્થ અભિધાથી કહેવાતો નથી એમ બીજા કેટલાએક માને છે. સમાન ગુણના આશ્રયપણાને લીધે બીજો અર્થ જ લક્ષણાથી જણાય છે એમ બીજા કહે છે.[૨૯]

બીજી જગાએ કહ્યું છે કે "વાચ્યાર્થની સાથે અવિનાભાવ રાખનારા અર્થની પ્રતીતિ તે (શુદ્ધા) લક્ષણા. લક્ષ્યાર્થ વ્યક્તિના ગુણો સાથે (મુખ્યાર્થનો) સંબંધ હોવાને લીધે જે વૃત્તિ થાય છે

૨૮ સારોપા—'વાહીક બળદ છે' એ સારોપા છે, કારણકે તેમાં વિષય વાહીક અને વિષયી બળદ બન્ને પોતપોતાને રૂપે સમાનાધિકરણથી કહેવાયા છે. વાહીકને ઉદ્દેશીને આપણે કહીએ 'આ બળદ છે' ત્યારે એ સાધ્યવસાના થઇ.કારણકે એમાં બન્ને બોલાતાં નથી માત્ર વિષયી જ બોલાય છે, એટલે કે વિષયી વિષયને ગળી જાય છે. વાહીક શબ્દ મૂળ बाहीक હશે. તેનો અર્થ બહાર રહેનારો, સભ્ય લોકોની બહાર રહેનાર–અસભ્ય એવો થાય.

૨૯ અહીં પ્રશ્ન એ છે કે 'વાહીક બળદ છે' એમાં બળદ શબ્દ વાહીક સાથે અન્વય કેવી રીતે પામે છે. તે સંબંધી ત્રણ જુદા જુદા મતો ટાંકે છે. પહેલો મત એવો છે કે બળદ શબ્દનો મુખ્યાર્થ બાધિત થતાં તે પોતાના અર્થના સહચારી

ત ગૌણી વૃત્તિ કહેવાય છે." અહીં અવિનાભાવનો અર્થ માત્ર સંબંધ એટલો જ છે, નહિ કે એકના સિવાય બીજાનું ન હોવું તે. તેવો અર્થ કરીએ તો "માંચડા બૂમો પાડે છે" વગેરેમાં લક્ષણા ન થઈ શકે. અવિનાભાવ સંબંધમાં આક્ષેપથી એટલે કે અનુમાનથી સિદ્ધિ થતી હોવાથી લક્ષણાનો ઉપયોગ નથી એમ કહી ગયા છીએ.

"ઘી આવરદા છે" "આ જ આવરદા છે" વગેરેમાં સાદૃશ્યથી ભિન્ન એવો કાર્ય–કારણભાવ વગેરે રૂપ બીજો સંબંધ છે. આ વગેરે [શુદ્ધાનાં] ઉદાહરણોમાં કાર્ય–કારણભાવ વગેરે રૂપ સંબંધના હેતુથી સારોપા અને સાધ્યવસાના બને છે.

અહીં ગૌણીના બે ભેદોમાં, ( પહેલામાં ) તફાવત છતાં એકતાનું જ્ઞાન કરવું તથા (બીજામાં) સર્વ પ્રકારે અભેદનું જ્ઞાન કરવું એ પ્રયોજન છે. શુદ્ધાના બે ભેદોમાં તો બીજા (પદાર્થો)થી વિલક્ષણ રીતે, અને અવ્યભિચારથી એટલે અપવાદ વિના કાર્ય-કારિત્વ વગેરે બતાવવું એ પ્રયોજન છે.

કોઈ જગાએ તાદર્થ્યથી[30] ઉપચાર[31] કરવામાં આવે છે જેમકે ઇન્દ્ર માટેનો થાંભલો ઇન્દ્ર કહેવાય. કોઈ જગાએ માલીક–નોકરના સંબંધથી જેમકે રાજાનો માણસ રાજા, કોઇ જગાએ અવયવ–અવયવીના સંબંધથી જેમકે હાથના આગલા ભાગના અર્થમાં અગ્રહસ્ત કહેવાને બદલે હસ્ત શબ્દ બોલાય છે. કોઇ જગાએ તેના કામના લીધે જેમકે સુતાર ન હોય તે સુતાર કહેવાય.

---

ગુણો જડતા અને મન્દતાનો લક્ષણાથી બોધ કરે છે અને પછી એ ગુણોના બલથી તે વાહીકનો અર્થ અભિધાથી બતાવે છે. બીજો મત એવો છે કે જડતા મન્દતા વગેરે પોતાના અર્થના સહચારી ગુણો અને વાહીકમાં આવેલા તેવા ગુણોનો અભેદ હોવાથી વાહીકમાં આવેલ ગુણોનો જ લક્ષણાથી બોધ થાય છે. ત્રીજો મત એવો છે કે બળદના ગુણો છે એ જ ગુણોનો વાહીક આશ્રય કરે છે માટે એ આશ્રયરૂપ વાહીકના અર્થનો જ લક્ષણાથી બોધ થાય છે. આ ત્રીજો મત ગ્રંથકર્તાનો પોતાનો હોવાથી આગળ તેનું સમર્થન કરે છે.

૩૦ તાદર્થ્ય—તેને અર્થે, એટલે તેને માટે હોવાપણું.

૩૧ ઉપચાર—લક્ષણા વ્યાપારથી વ્યવહાર.

**(સૂ. ૧૭) તેથી લક્ષણા છ પ્રકારની છે. ૧૨**

**પહેલાં બતાવેલા ભેદો સાથે.**[૩૨]

અને તે

**(સૂ. ૧૮) રૂઢિને લઇને થએલી હોય ત્યારે વ્યંગ્ય વિનાની અને પ્રયોજનને લીધે થએલી હોય ત્યારે વ્યંગ્ય-વાળી હોય છે.**

કારણકે પ્રયોજનનો બોધ વ્યંજન વ્યાપારથી જ થાય છે.

**(સૂ. ૧૯) તે ગૂઢ અથવા અગૂઢ હોય છે.**

તે એટલે વ્યંગ્ય.

ગૂઢ નીચે પ્રમાણે જેમકે:—

૩૩ મુખે સ્મિત વિકાસિયું, વશ કરેલ વાંકી દગ;
મદે મલપતી ગતિ, મતિ ન ઠામ એકકે ઠરે;
ઉરે સ્તન-કળી ફુટી, જઘન અંસબંધક્ષમ:
શું જોબન બહાર છે, શશિમુખી શરીરે ખિલ્યો ૯

અગૂઢનો જેમકે:—

૩૪ શ્રીસંગર્થી અબુધો પણ, પાવરધા થાય ચતુર ચરિતોના;
ઉપદેશે હાવભાવ યૌવનમદ એ જ લલનાને. ૧૦

---

૩૨ છ પ્રકારની નીચે પ્રમાણે.

શુદ્ધા

ઉપાદાન જેમકે ભાલાપ્રવેશ કરે છે, ડાંગો પ્રવેશ કરે છે.

લક્ષણ જેમકે ગંગા ઉપર નેસ.

સારોપા જેમકે ઘી આવરદા છે.

સાધ્યવસાના જેમકે આ આવરદા છે.

ગૌણી

સારોપા જેમકે વાહીક બળદ છે.

સાધ્યવસાના જેમકે આ બળદ છે.

૩૩ < જેમાં સ્મિત વિકસેલું છે એવું મુખ છે; જેણે વક્રતાને વશ કરી છે એવો દૃષ્ટિપાત છે; જેમાં વિભ્રમો ઉભરાઇ જાય છે એવી ગતિ છે; જ્યાં સ્તનકળિ ફુટી છે એવું ઉર છે; અંસબંધને સહન કરી શકે એવું જઘન છે; અહો ચન્દ્રમુખીના શરીરમાં યૌવનનો ઉદય (શો) ખીલે છે.>

૩૪ < લક્ષ્મીના પરિચયથી, જડ પણ ચતુરોની રીતભાતના જાણકાર થાય છે; જુવાનીનો મદ જ કામિનીઓને લલિત ભાવો ઉપદેશે છે. <

અહીં 'ઉપદેશે' એ પદ (અગૂઢવ્યંગ્યવાળું છે.)[૩૪ક]

**(સૂ. ૨૦) તેથી આ ત્રણ પ્રકારની કહેવાય છે. ૧૩**

અવ્યંગ્યા, ગૂઢવ્યંગ્યા અને અગૂઢવ્યંગ્યા.

**(સૂ. ૨૧) તે લક્ષણાનો આધારભૂત [શબ્દ] લાક્ષણિક કહેવાય છે.**

શબ્દ[૩૫] એવો સંબંધ લેવાનો છે. આધાર એટલે આશ્રય.

**(સૂ. ૨૨) તેમાં ( એટલે પ્રયોજનમાં ) થતો જે વ્યાપાર તે વ્યંજનારૂપ છે.**

શાથી, તો કહે છે કે

**(સૂ. ૨૩) જેની પ્રતીતિ કરવાને માટે લક્ષણાનો આશ્રય લેવામાં આવે છે (૧૪) તે કેવળ શબ્દથી સમજાતા ફળમાં વ્યંજના સિવાય બીજી ક્રિયા નથી.**

પ્રયોજન સમજાવવાની ઇચ્છાથી જયાં લક્ષણા વડે શબ્દ પ્રયોગ કરવામાં આવે છે ત્યાં બીજા કશાથી તેનું એટલે પ્રયોજનનું જ્ઞાન થતું નથી, પણ તે શબ્દથી જ થાય છે. અને અહીં વ્યંજના સિવાય બીજો વ્યાપાર નથી.

કારણકે—

**(સૂ. ૨૪) સંકેત ન હોવાથી અભિધા ન હોઈ શકે.**

'ગંગા ઉપર નેસ' વગેરેમાં જે પાવનત્વ વગેરે ધર્મો તટ વગેરેમાં સમજાય છે તે ધર્મોમાં ગંગા વગેરે શબ્દોનો સંકેત નથી.

**(સૂ. ૨૫) હેતુ ન હોવાથી લક્ષણા ન હોઈ શકે. ૧૫**

મુખ્યાર્થનો બાધ વગેરે ત્રણ હેતુ.

તે આ પ્રમાણે

**(સૂ. ૨૬) [પ્રયોજનનો બોધક લક્ષણા વ્યાપાર ન હોઇ શકે કારણકે] લક્ષ્ય અર્થ છે તે કાંઇ મુખ્ય નથી, વળી તેનો કાંઈ બાધ થતો નથી, ફળની સાથે કાંઇ**

---

૩૪ક. ઉપદેશવાની ક્રિયા યૌવનમદ, અચેતન, કરી શકે નહિ તેથી, અનાયાસે–સ્ફુટ શબ્દો વિના જ્ઞાન પ્રકટ થાય છે એવો વ્યંગ્યાર્થ વાચ્ય જેટલો જ સુગમ છે માટે આ અગૂઢવ્યંગ્ય છે.

૩૫. પાંચમા સૂત્રમાં આવેલા 'શબ્દ' શબ્દની સાથે આ સૂત્રનો અન્વય કરવાનો છે એવો અર્થ છે.

**સંબંધ નથી, તેમાં (એટલે પ્રયોજનમાં) કાંઈ બીજું પ્રયોજન નથી તેમજ શબ્દનો અર્થ થવામાં હરકત થતી નથી. ૧૬**

જેમ ગંગા શબ્દનો પ્રવાહ અર્થમાં બાધ થવાથી તે તટને લક્ષે છે તે મુજબ જો તટમાં પણ બાધ હોય તો પ્રયોજનને લક્ષે; તેમજ તટ મુખ્ય અર્થ નથી, તેમજ અહીંઆં (તે મુખ્ય અર્થનો) બાધ પણ થતો નથી, તેમજ ગંગા શબ્દના થતા તટ અર્થને લક્ષણાથી સમજાતા પવિત્રતા વગેરે સાથે સંબંધ નથી, તેમજ પ્રયોજનનો લક્ષણાથી બોધ થવામાં બીજું કોઇ પ્રયોજન નથી, તેમજ ગંગા શબ્દ જેમ તટનો બોધ કરવાને અસમર્થ છે તેમ પ્રયોજનનો બોધ કરવાને અસમર્થ નથી.

(સૂ. ૧૭) **એમ છતાં પણ [પ્રયોજનમાં બીજું પ્રયોજન સ્વીકારીએ તો] અનવસ્થા થાય કે જે મૂળનો ક્ષય કરનારી છે.**

એમ છતાં પણ જો પ્રયોજન લક્ષાતું હોય તો તે બીજા પ્રયોજનને લઇને લક્ષાય, તે વળી બીજા પ્રયોજનને લઇને એ પ્રમાણે અનવસ્થા થાય જેને લઇને પ્રસ્તુત પ્રયોજન પ્રતીત જ ન થઇ શકે.

ધારો કે "પવિત્રતા વગેરે ધર્મોથી યુક્ત તટ લક્ષાય છે. અને 'ગંગાના કિનારા ઉપર નેસ' એથી વધારે અર્થનું જ્ઞાન એ પ્રયોજન છે માટે વિશિષ્ટમાં જ (એટલે કે પવિત્રતાથી યુક્ત તટમાં જ) લક્ષણા થાય છે તો પછી વ્યંજનાનું કામ શું છે?" તો કહે છે કે

(સૂ. ૧૮) **પ્રયોજન સાથે લક્ષ્યાર્થ જ ઘટતો નથી. ૧૮**

શાથી? તો કહે છે કે

(સૂ. ૧૯) **જ્ઞાનનો વિષય બીજો છે અને જ્ઞાનનું ફળ બીજું કહેવાયું છે.**

નીલ વગેરે, પ્રત્યક્ષાદિ જ્ઞાનનો વિષય છે. તેનું ફળ તે પ્રકટતા[૩૬] અથવા સંવિત્તિ[૩૭] છે.

---

૩૬-૩૭ પ્રકટતાઃ—કુમારિલભટ્ટના મતે જ્ઞાનનું ફળ પ્રકટતા છે. ધારો કે મેં ઝાડ જોયું તો ઝાડ એ જ્ઞાનનો વિષય થાય છે. પણ તે સાથે

(સૂ. ૩૦) એ પ્રમાણે વિશિષ્ટમાં લક્ષણા ન હોઇ શકે.

આનો ખુલાસો થઈ જાય છે.

(સૂ. ૩૧) વિશેષો તો લક્ષિતમાં હોય. ૧૮

તટ વગેરેમાં પવિત્રતા વગેરે જે વિશેષો છે તે અભિધા તાત્પર્ય અને લક્ષણાથી ભિન્ન એવા બીજા વ્યાપારથી સમજાય એવા છે. વ્યંજન, ધ્વનન, દ્યોતન વગેરે શબ્દોથી બોલાતો તે વ્યાપાર અવશ્ય સ્વીકારવો જોઈએ.

આ પ્રમાણે લક્ષણા–મૂળવાળું વ્યંજકત્વ કહ્યું. હવે અભિધા-મૂળવાળું કહે છે.

(સૂ. ૩૨) સંયોગ વગેરેથી અનેક અર્થવાળા શબ્દનું વાચકત્વ નિયન્ત્રિત થયા બાદ વાચ્ય નહિ એવા અર્થનો બોધ કરનાર વ્યાપાર તે અંજન એટલે વ્યંજના છે.

" શબ્દના અર્થનો ખાસ નિશ્ચય ન થઈ શકતો હોય ત્યાં નીચેનાં કારણો ખાસ અર્થની સ્મૃતિ કરાવે છેઃ–સંયોગ, વિપ્રયોગ, સાહચર્ય, વિરોધિતા, પ્રયોજન, પ્રકરણ, લિંગ એટલે ચિન્હ, બીજા શબ્દોની સંનિધિ, સામર્થ્ય, ઔચિત્ય, દેશ, કાલ, લિંગ, સ્વર વગેરે."

આ કહેલી રીત પ્રમાણે [નીચેનાં ઉદાહરણોમાં અનુક્રમે સંયોગ વગેરેથી નીચેના શબ્દો નીચેના અર્થમાં નિયન્ત્રિત થાય છે જેમકેઃ–]

'શંખચક્રવાળો હરિ' [૩૮]અને 'શંખચક્ર વિનાનો હરિ' એમાં અચ્યુત (ના અર્થ)માં, 'રામલક્ષ્મણ'[૩૯] એમાં દશરથપુત્રમાં,' તેમની ગતિ રામાર્જુન[૪૦] જેવી થઈ' એમાં (રામ) ભાર્ગવમાં [પરશુરામ] અને

---

ઝાડમાં જણાયાપણાનો ધર્મ પણ આવે છે, એને પ્રકટતા કહે છે. એ પ્રકટતા એ જ્ઞાનનું ફળ છે. પ્રભાકર અને બીજા તાર્કિકો એમ કહે છે કે ઝાડ એ જ્ઞાનનો વિષય છે, એ ઝાડ મેં જાણ્યું એવું મારામાં ભાન થાય છે— સંવિત્તિ થાય છે. પ્રકટતા વસ્તુ ધર્મ છે, સંવિત્તિ આત્મધર્મ છે. બન્નેને મતે વિષય અને ફળ હમેશાં જૂદાં હોય છે. તેવીજ રીતે અહીં પણ લક્ષણાના વિષય ( ગંગાતટ ) ને તેના ફલ ( પાવનત્વ વગેરે ) થી ભિન્ન ગણવો જોઇએ એવો મમ્મટનો આશય છે.

૩૮ હરિનો બીજો અર્થ ઘોડો, સૂર્ય વગેરે થાય છે.

૩૯–૪૦ બલરામ, પરશુરામ, દાશરથિરામ, એ સર્વે રામ કહેવાય છે.

(અર્જુન) કાર્તવીર્યમાં [સહસ્રાર્જુન], 'ભવનો નાશ કરવા માટે સ્થાણુને[41] ભજ' તેમાં શિવમાં, 'દેવ[42] બધું જાણે છે' ત્યાં આપમાં, 'મકરધ્વજ[43] કોપ્યો' એમાં કામમાં, 'ત્રિપુરારિ દેવનું' એમાં શંભુમાં, 'મધુવડે[44] કોકિલ મત્તછે' એમાં વસંતમાં, 'દયિતાનું મુખ રક્ષણ[45] કરો' તેમાં સંમુખપણામાં, 'અહીં પરમેશ્વર[46] બિરાજે છે' એમાં રાજધાની રૂપ દેશને લીધે રાજામાં, 'ચિત્રભાનુ પ્રકાશે છે' એમાં દિવસે સૂર્યમાં અને રાત્રે અગ્નિમાં, 'મિત્ર[47] પ્રકાશ્યું' ત્યાં ભાઇબંધમાં,' અને 'મિત્ર[48] પ્રકાશ્યો' ત્યાં સૂર્યમાં. 'ઇન્દ્ર-શત્રુ'[49] વગેરેમાં (સ્વરભેદ) વેદમાં જ વીશેષ અર્થની પ્રતીતિ કરાવે છે, કાવ્યમાં નહિ.

વગેરે શબ્દથી નીચે જણાવેલા શ્લોકમાં અભિનય વગેરેથી અર્થનો નિશ્ચય થાય છે.

---

૪૧ સ્થાણુનો બીજો અર્થ ઠુંઠું થાય છે.

૪૨ દેવ શબ્દ દેવતાના અર્થમાં તેમજ કોઇને માનાર્થે પણ વપરાય છે.

૪૩ મકરધ્વજનો બીજો અર્થ સમુદ્ર થાય છે.

૪૪ મધુનો બીજો અર્થ મદ્ય.

૪૫ મુખ એટલે મોઢું અને સંમુખપણું એવા બે અર્થો થાય છે.

૪૬ પરમેશ્વર શબ્દ રાજાના અર્થમાં પણ વપરાય છે.

૪૭–૪૮ મિત્ર. સંસ્કૃતમાં મિત્ર નાન્યેતર જાતિ હોય ત્યારે સખા અને નરજાતિ હોય ત્યારે સૂર્યના અર્થમાં વપરાય છે.

૪૯ इन्द्रशत्रुः એ સંસ્કૃત સામાસિક પદ છે. તે સમાસ બે રીતે છોડી શકાય. તત્પુરુષ સમાસ લઇએ તો 'ઇન્દ્રનો શત્રુ–એટલે મારનાર' એવો અર્થ થાય છે. જો બહુવ્રીહિ લઇએ તો 'ઇન્દ્ર જેનો શત્રુ—મારનાર છે,' એવો થાય છે. વેદમાં બહુવ્રીહિ સમાસમાં આદ્યપદ અને તત્પુરુષમાં અન્ત્યપદ ઉદાત્ત સ્વરવાળું હોય છે. કથા એવી છે કે ઇન્દ્રને મારવાનો વર માગવા વૃત્રે इन्द्रशत्रुः થવા વરદાન માગ્યું પણ અન્ત્યપદ ઉદાત્ત બોલવાને બદલે તે આદ્યપદ ઉદાત્ત બોલ્યો. તેથી 'હું ઇન્દ્રને મારૂં' એને બદલે 'ઇન્દ્ર મને મારે' એવો અર્થ ફરી ગયો. એવી રીતે સ્વરના અપરાધથી વૃત્ર માર્યો ગયો એવી કથા છે. આ સ્વરથી વેદમાં અર્થફેર થઇ શકે છે, કાવ્યમાં નહિ.

[૫૦]આટાટલાં જ ઉરજો, આટલી છે માત્ર આંખપાંદડીઓ,
આટલી થઈ અવસ્થા દિવસો આટલા જ થાતાંમાં. ૧૧

આ પ્રમાણે સંયોગ વગેરેથી બીજા અર્થનું નિવારણ થઇ ગયા પછી પણ કોઇ જગાએ અનેકાર્થ શબ્દના બીજા અર્થનો બોધ જે થાય છે ત્યાં અભિધા નથી, કારણકે તેનું નિયમન થઇ ગયું છે, તેમ લક્ષણા નથી, કારણકે મુખ્યાર્થનો બાધ વગેરે નથી, પણ અહીં અંજન એટલે વ્યંજન એ જ વ્યાપાર છે. જેમકેઃ—

[૫૧]પૂહોંચ્યું ન જાય તન! ઉચ્ચ શું વંશ મોટો!
સંચ્યા શિલીમુખ, ન થાય ગતિ નિરુદ્ધ,
એ ભદ્ર જાત પરવારણનો હમેશ
દાનાંબુના ઝરણથી કર રૂહે સુહાતો. ૧૨

(સૂ. ૩૩) **તેથી યુકત તે વ્યંજક શબ્દ.**

તેથી યુકત એટલે વ્યંજનાથી યુકત.

(સૂ. ૩૪) **જેથી કરીને તે (વ્યજંક શબ્દ) પોતાના મુખ્ય અર્થના વ્યવધાનવાળો થઇને તેવો (વ્યંજક) બને છે તેથી કરીને (મુખ્ય) અર્થ પણ મદદગાર થવાને લીધે તે જગાએ વ્યંજક ગણાય છે.** ૨૦

એ રીતે કાવ્યપ્રકાશમાં શબ્દાર્થના સ્વરૂપના નિર્ણયનો બીજો ઉલ્લાસ સમાપ્ત થયો.

---

૫૦ <આવડાં સ્તનવાળી આવડી આંખપાંદડીવાળીની આવી અવસ્થા આટલા દિવસમાં થઈ.>

૫૧ <ભદ્રસ્વરૂપવાળાનો મુશીબતથી પહોંચી શકાય એવા શરીરવાળાનો વિશાળ વંશની ઉન્નતિવાળાનો, શિલીમુખ એટલે બાણનો સંગ્રહ કર્યો છે એવાનો અબાધિત ગતિવાળાનો, પર એટલે શત્રુના વારણનો, નિવારકનો કર હમેશાં દાનામ્બુના સેકથી સુંદર રહેતો.>.

રાજામાં પૂરેપૂરો અર્થ નિયન્ત્રિત થવા છતાં આ શ્લોકમાંથી હાથીના વર્ણનનો અર્થ નીકળે છે. તેમાં ભદ્રનો અર્થ ભદ્રજાતિનો હાથી, દુરાધરોહ એટલે ઉપર ચઢવામાં મુશ્કેલી પડે એવો (ઊંચો), શિલીમુખ એટલે ભમરા (તેના કુંભસ્થળમાંથી ઝરતા મદને લીધે આકર્ષાયેલા) પરવારણ એટલે ઉત્કૃષ્ટ હાથી, કર એટલે સૂંઢ અને દાન એટલે મદ જે ઝરવાથી સુંદર દેખાય એવો અર્થ.

# ત્રીજો ઉલ્લાસ

(સૂ. ૩૫) તેમના અર્થો પહેલાં કહેવાઈ ગયા છે.

તેમના એટલે વાચક લાક્ષણિક વ્યંજક શબ્દોના. અર્થો એટલે વાચ્ય લક્ષ્ય વ્યંગ્ય અર્થો.

(સૂ. ૩૬) અર્થની વ્યંજકતા હવે કહેવાય છે.

કેવી ? તો કહે છે કે

(સૂ. ૩૭) બોલનાર, સમજનાર, કાકુ,[૧] વાક્ય, વાચ્યાર્થ, ત્રાહિતની સંનિધિ, (૨૧) પ્રસ્તાવ, દેશ, કાલ વગેરેની વિશેષતાને લઇને પ્રતિભાશાલી માણસોને થતા બીજા અર્થના બોધમાં કારણભૂત થતો એવો જે અર્થનો વ્યાપાર તે જ વ્યક્તિ ( એટલે વ્યંજના) છે. ૨૨

સમજનાર એટલે જેને સમજાવવા માટે બોલાય છે તે, કાકુ એટલે ધ્વનિ ( ઉચ્ચાર)નો વિકાર. પ્રસ્તાવ એટલે ચાલુ વિષય—પ્રસંગ, અર્થનો એટલે તે વાચ્ય, લક્ષ્ય, વ્યંગ્ય રૂપી (અર્થનો).

ક્રમે ઉદાહરણો—

[૨] અતિશે ભારે બેડું, ભરીને સખિ ! હું ઉતાવળી આવી.
થાકથી સાસે શેદે, લેવાણી; લઉં ઘડી વિસામો. ૧૩

આમાં ચૌર્યરત છુપાવે છે એ સમજાય છે.

[૩] ઉજાગરો, દુર્બળતા, ચિંતા, ભારે શરીર, નીસાસે;
હું મન્દભાગી માટે સખિ, સૌ તુજને ય અરર પીડે છે. ૧૪

---

૧ "શોક, ભય આદિથી થતો કણ્ઠધ્વનિનો જે વિકાર તે કાકુ (સ્ત્રીલિંગ) છે." 'काकुः स्त्रियां विकारो यः शोकभीत्यादिभिर्ध्वनेः॥' અમરકોશ.

૨ બોલનાર કોણ છે તે ઉપરથી સૂચવાતા વ્યંગ્યનું ઉદાહરણ. <અતિ ભારે પાણીનો ઘડો લઇને સાખ હું ઉતાવળથી આવી છું. શ્રમથી પરસેવો વળવાથી અને શ્વાસ ચઢવાથી નિર્બળ થએલી હું ઘડી થાક ખાઉ છું.>

૩ કોને કહેવામાં આવે છે તે ઉપરથી સૂચવાતા વ્યંગ્યનું ઉદાહરણ. < નિશ્વાસ સાથે ઉજાગરો, દુર્બળતા, ચિંતા, મન્દતા, હું મન્દભાગિની માટે તને પણ પીડે છે. >

આમાં પોતાના કામુક સાથે દૂતીએ ઉપભોગ કર્યો એવી વ્યંજના છે.

[4] અવસ્થા એવીમાં નૃપપરિષદે દ્રૌપદી દીઠી,
વને વ્યાધો સાથે ઘણુંય વસિયા વલ્કલ ધરી;
વિરાટપ્રાસાદે અકરમ કર્યાં ગુપ્ત રહીને,
હજુ, હું ખીજાયે, ગુરુ મુજશું ખીજે, ન કુરુને ! ૧૫

અહીં મારા તરફ ખેદ યોગ્ય નથી, કુરુ તરફ છે એમ કાકુથી સૂચન થાય છે. અહીં કાકુ વાચ્યની સિદ્ધિકારક છે માટે આ ગુણીભૂતવ્યંગ્ય કાવ્ય છે એવી શંકા કરવી નહિ. શાથી જે કાકુદ્વારા માત્ર પ્રશ્ન વ્યક્ત થઈને જ (વાચ્યની) વિશ્રાન્તિ એટલે સમાપ્તિ થાય છે.[5]

---

૪ કાકુની વિશેષતાથી સૂચવાતા વ્યંગ્યનું ઉદાહરણ. <પાંચાલતનયાંને તે અવસ્થામાં રાજસભામાં જોઈને, અને વનમાં વ્યાધો સાથે વલ્કલ પહેરીને ઘણો કાળ રહ્યા તે જોઈને, અયોગ્ય કામ કરતાં છાના વિરાટને ઘેર રહ્યાં તે જોઈને, મોટાભાઈ હું ખેદ પામતાં મારા વિષે ખેદ પામે છે; હજી સુધી કુરુઓ તરફ નહિ !>

૫ આ દાખલો ધ્વનિ કાવ્યનો છે, અને 'પ્રધાનભૂત વ્યંગ્યાર્થ કાકુથી સૂચવાય છે' એમ સાબીત કરવા માટે મમ્મટે આપેલ છે. હવે કોઈને કદાચ શંકા થાય કે આ દાખલો ધ્વનિ કાવ્યનો નથી, પણ ગુણીભૂત વ્યંગ્યનો છે તો એવી શંકાના નિવારણ માટે આ ટીકા આપેલી છે. આ શંકા થવાનું કારણ નીચે પ્રમાણે છે. ગુણીભૂતવ્યંગ્યમાં વ્યંગ્યનું કામ વાચ્ય સમજાવવાનું હોય છે, એટલે કે વાચ્યની સિદ્ધિમાં વ્યંગ્ય અંગભૂત થાય છે. એવા ગુણીભૂતવ્યંગ્યમાં કાકુ વપરાય છે. જેમકે આગળ ભીમ કહે છે કે "રોળું ન કોપથી રણે શત કૌરવોને," (જુઓ ઉદા. ૧૩૧.) અહીં વાચ્યાર્થ બેસતો કરવાને જ "રોળીશ જ" એવા વ્યંગ્યાર્થની મદદ લેવી પડે છે. અને ત્યાં દાખલો ગુણીભૂત વ્યંગ્યનો થાય છે, માટે કદાચ શંકા થાય કે આ જગાએ આપેલો દાખલો પણ ગુણીભૂત વ્યંગ્યનો હોય. મમ્મટ આ શંકા અયોગ્ય ગણે છે. તેનું કારણ એવું બતાવે છે કે આ શ્લોકમાં વ્યંગ્ય, વાચ્યની સિદ્ધિ માટે જરૂરનો નથી. અહીં કાકુદ્વારા માત્ર પ્રશ્ન જ વ્યક્ત કર્યો છે. એટલે કે કાકુ એવો પ્રશ્ન સૂચિત કરે છે કે

[૬] ત્યારે કપોલ મારે ચોટેલી બીજે ન દૃષ્ટિ ફેરવતો,
અત્યારે એજ હું છું, એ જ કપોલો, ન એ દૃષ્ટિ. ૧૬

મારા કપોલમાં પ્રતિબિંબિત થયેલી મારી સખીને જોતાં તારી નજર બીજી જ હતી, તે ગઈ એટલે જૂદી જ થઈ ગઈ, કેવું તારૂં છાનું કામુકત્વ છે! એમ અહીં સૂચવાય છે.

[૭] રેવાનો આ, સરસ કદલી હારથી, પ્રાન્ત શોભે,
કુંજશ્રીથી જહીં વિકસતા વિભ્રમો કામિનીના;
ક્રીડાના ત્યાં સુહૃદસરખા વાયુ તે તન્વિ વાય
જેની આગે, મનસિજ ધસે, કોપ ધારી કવેળે. ૧૭

અહીં ક્રીડા માટે પ્રવેશ કર એવો વ્યંગ્યાર્થ છે.

[૮] સાસુ નમેરી કરાવે હું પાસે ઘરનું વૈતરૂં સઘળું.
વીસામો ખાવાનું સાંજ પડયે ઘડી બને ન બને. ૧૮

---

"વડીલ ભાઇ હજુ કૌરવો તરફ ક્રોધ કરતા નથી?" અને એ સૂચનથી જ વાચ્ય સિદ્ધ થઈ જાય છે અને તે પછી પાછું એમ સૂચિત થાય છે કે ગુરુનો મારા તરફનો કોપ અયોગ્ય છે અને એ વ્યંગ્યાર્થ વાચ્યાર્થ પ્રશ્ન કરતાં પ્રધાનપણે અભિપ્રેત હોવાથી આ કાવ્યમાં વ્યંગ્ય પ્રધાન છે એટલે કે આ ધ્વનિ કાવ્ય છે.

૬ વાક્યની વિશેષતાથી સૂચવાતા વ્યંગ્યનું ઉદાહરણ. < તે વખતે મારા ગણ્ડસ્થલમાં નિમગ્ન થએલી—ચોટી ગએલી—દૃષ્ટિ બીજે ફેરવતો ન હતો; અત્યારે તેની તે જ હું છું, તેના તે જ કપોલ છે, પણ દૃષ્ટિ તેની તે નથી. >

૭ વાચ્યની વિશેષતાથી સૂચવાતા વ્યંગ્યનું ઉદાહરણ. < નર્મદાનો આ ઊંચો પ્રદેશ સરસ કેળોની હારથી અતિશય શોભાયમાન છે; ત્યાં ઘાડા કુંજથી રમણીઓના વિભ્રમ અંકુરિત થાય છે. વળી હે તન્વિ! અહીંઆં સુરતાનુકૂલ વા વાય છે જેની આગળ અયોગ્ય સમયે કોપ ધરીને મન્મથ સરે છે. >

૮ ત્રાહિત માણસની સંનિધિથી સૂચવાતા વ્યંગ્યનું ઉદાહરણ. < અનાર્દ્ર-મનવાળી સાસુ બધા ઘરના કામમાં મને પ્રેરે છે. સાંજે ઘડી એઘડી વિસામો મળે ને નયે મળે. >

**અહીં** સાંઝે મળવાનો વખત છે એમ ત્રાહિતને કોઈ સ્ત્રી સૂચવે છે.

૯ પ્હોર માત્ર થાતાંમાં, આવી પ્હોંચશે આજ પિયુજી તારા;
તો શું સખી ઊભી છે, ઘર કામે ઝટ વળગી જાને. ૧૯

અહીં ઉપપતિ તરફ જવા તૈયાર થયેલીને 'આ ઠીક નથી' એમ કહી કોક રોકે છે.

૧૦ તમે વીણો ફૂલ બીજે જઇને, અહીં રહીને સખી હું વીણું છું;
ફરી ન આઘે મુજથી શકાય; ભલાં થઇને, કહું હાથ જોડી. ૨૦

આ જગા એકાન્તવાળી છે માટે છૂપા કામુકને અહીં મોકલ એમ વિશ્વાસુને કોઈ કહે છે.

વડિલોને વશ પિયુજી, તમને શું કહું હું મન્દભાગી છું;
આજ પળો છો? પળજો, કરવાનું કરીશ આપુડા સુણશો. ૨૧

આમાં જો આજે વસંત સમયે જઇશ તો હું નહિ જીવું; તારી ગતિ તો હું જાણતી નથી એવું વ્યંગ્ય છે.

**વગેરે [સાડત્રીશમા સૂત્રમાં] થી ચેષ્ટા વગેરે સમજવાનાં છે. તેમાં ચેષ્ટાનું વ્યંજકપણું જેમકે—**

---

૯ પ્રસંગની વિશેષતાથી સૂચવાતા વ્યંગ્યનું ઉદાહરણ. <સંભળાય છે કે તારો પ્રિય આજે એક પહોર માત્રમાં આવી પહોંચશે; આમને આમ ક્યાંસુધી ઊભી રહીશ; માટે જે કરવું હોય તે તૈયાર કર.>

૧૦ સ્થાનની વિશેષતાથી સૂચવાતા વ્યંગ્યનું ઉદાહરણ. <સખીઓ તમે બીજે જઇને ફૂલ ભેગાં કરો. હું અહીંઆ કરૂં છું. મારાથી બહુ દૂર જવાય એમ નથી. હાથ જોડું છું.>

૧૧ કાલની વિશેષતાથી સૂચવાતા વ્યંગ્યનું ઉદાહરણ. <વડીલોને પરવશ પ્રિય! હું તને શું કહું. હું જ મન્દભાગિની છું. આજ પ્રવાસે જાય છે તો જા. મારે કરવાનું છે તે તું તારી મેળે સાંભળીશ.>

[૧૨]દ્વારે પાસ હું આવતાં, છબીલીએ, સૌન્દર્યના સારની
શ્રીએ, બેઉ ઉરુ પ્રસારી ભીડીયા અન્યોન્ય, ઓઢયું મુખે
આઘું વસ્ત્ર શિરેથી; ચંચલ દગો નાખી નીચે, તે ક્ષણે
સાને વાણી નિવારી ને ભુજલતા સંકોચી સંકેતમાં. ૨૨

અહીં ચેષ્ટા વડે છૂપા આવેલા પોતાના કાન્ત તરફ પોતાના ખાસ ભાવનો ધ્વનિ કરેલો છે.

સમજવામાં જિજ્ઞાસા ન રહી જાય માટે અને અવસર પ્રાપ્ત થયેલો હોવાથી વારંવાર ઉદાહરણો આપ્યાં છે.[૧૩]

બોલનાર વગેરેનો પરસ્પર સંયોગ હોય ત્યારે બેના સંયોગ વગેરે ભેદથી ( ઉદાહરણો ) આપવાં; આજ ક્રમથી લક્ષ્ય અને વ્યંગ્યનાં વ્યંજકપણાનાં પણ ઉદાહરણો સમજી લેવાં.

**(સૂ. ૩૮) શબ્દ પ્રમાણથી જણાયેલો અર્થ બીજા અર્થનું સૂચન કરે છે. તેથી અર્થના વ્યંજકપણામાં શબ્દ સહકારી ગણાય છે. ૨૩**

શબ્દ પ્રમાણ કહીને એમ સૂચવે છે કે ( શબ્દથી ) અન્ય પ્રમાણદ્વારા સમજાતો અર્થ વ્યંજક થતો નથી.

એ રીતે કાવ્યપ્રકાશમાં અર્થની વ્યંજકતાના નિર્ણયનો ત્રીજો ઉલ્લાસ સમાપ્ત થયો.

---

૧૨ ચેષ્ટાની વિશેષતાથી સૂચવાતા વ્યંગ્યનું ઉદાહરણ. <હું જ્યારે બારણાની નજીક આવ્યો ત્યારે સકલ સૌન્દર્યના સારની શોભાવાળી તેણે ઉરુયુગને પ્હોળા કરી ભેગા કરી દીધા. સાલ્લો આઘો ઓઢયો. ચંચલ લોચનને નીચાં નમાવ્યાં; તે સમયે વાણીને રોકી ભુજલતાનો સંકોચ કર્યો.>

૧૩ સમજવામાં કશો પણ સંદેહ ન રહે તે માટે આટલાં બધાં ઉદાહરણ આપ્યાં છે. પરંપરાપ્રસિદ્ધિ પ્રમાણે શ્રીવાગ્દેવતાવતાર મમ્મટ બહુ જ થોડું કહી કામ સારનાર તરીકે પ્રસિદ્ધ છે. તે આટલાં બધાં ઉદાહરણોનું કારણ આપે એ એને માટે ઉચિત છે.

# ચોથો ઉલ્લાસ

જો કે શબ્દ ને અર્થનો નિર્ણય કર્યા પછી દોષ, ગુણ અને અલંકારનું સ્વરૂપ કહેવું જોઇયે, તોપણ, ધર્મી(કાવ્ય)ને બરાબર બતાવ્યા પછી જ ધર્મોમાં ગ્રહણ કરવા જેવું અને ત્યાગ કરવા જેવું શું છે તે જણાય છે, માટે પ્રથમ કાવ્યના ભેદો[1] કહે છે.

(સૂ. ૩૯) જે અવિવક્ષિતવાચ્ય [ધ્વનિ] હોય તે ધ્વનિમાં,
**વાચ્ય બીજા અર્થમાં સંક્રમિત થયેલું હોય છે**
**અથવા અત્યંત તિરસ્કૃત થયેલું હોય છે. ૨૪**

જયારે લક્ષણા[2] ઉપર આધાર રાખનાર ગૂઢવ્યંગ્ય પ્રધાન

---

૧. કાવ્યપ્રકાશકાર કાવ્યોના નીચે પ્રમાણે ભેદો પાડે છે.

૧. ઉત્તમ કાવ્ય એટલે ધ્વનિકાવ્ય. (સૂ. ૪)
- અવિવક્ષિતવાચ્યધ્વનિ અથવા લક્ષણામૂલક
  - અર્થાન્તરસંક્રમિતવાચ્ય } (સૂ. ૩૯) ... ... ... ૨
  - અત્યન્તતિરસ્કૃતવાચ્ય }
- વિવક્ષિતાન્યપરવાચ્યધ્વનિ અથવા અભિધામૂલક (સૂ. ૪૦)
  - અલંક્ષ્યક્રમવ્યંગ્ય } ... ... ... ... ... ૧
  - લક્ષ્યવ્યંગ્યક્રમ } (સૂ. ૪૧)
    - શબ્દશક્તિમૂલક (સૂ. ૫૨)
      - અલંકારધ્વનિ } (સૂ. ૫૩) ... ... ૨
      - વસ્તુધ્વનિ }
    - અર્થશક્તિમૂલક (સૂ. ૫૪) તેના ૧૨ પ્રકારો. ... ...૧૨
    - ઉભયશક્તિમૂલક (સૂ. ૫૫) ... ... ... ... ... ૧

કુલ પ્રકારો (સૂ. ૫૬) ... ... ... ... ...૧૮

૨ મધ્યમ કાવ્ય (સૂ. ૩) તેના ૮ પ્રકારો (સૂ. ૬૬)

૩ અધમ કાવ્ય અથવા ચિત્ર કાવ્ય (સૂ. ૫) (સૂ. ૭૦)
- શબ્દ ચિત્ર
- અર્થ ચિત્ર

૨. પ્રયોજનમૂલક લક્ષણામાં પ્રયોજન વ્યંગ્ય હોય છે. તે વ્યંગ્ય ગૂઢ અને અગૂઢ એમ બે પ્રકારનું હોય છે. જુઓ સૂત્ર ૧૮-૧૯.

હોય ત્યારે જ, અવિવક્ષિત છે વાચ્ય જેમાં એવું તે,–[3]ધ્વનિ શબ્દના સંબંધને લીધે–[3] ધ્વનિ તરીકે ઓળખવું. તેમાં ક્યાંક (વાચ્યનો) ઉપયોગ ન થતો હોવાથી વાચ્ય બીજા અર્થમાં પરિણામ પામેલું હોય છે. જેમકે,

[4]તને કહું છું બેઠી છે, વિદ્વાનોની સભા અહીં;
માટે નિજ મતિ ઠામ, રાખીને બેસવું ઘટે. ૨૩

આમાં 'હું કહું છું' વગેરે 'હું તને ઉપદેશ આપુ છું' એવા અર્થમાં પરિણામ પામે છે.

ક્યાંક (વાચ્ય) બંધ બેસતું ન હોવાથી અત્યંત તિરસ્કારને પામેલું હોય છે. જેમકે

[5]બહુ કર્યો ઉપકાર કહેવું શું, સુજનતા ભલી વિસ્તરી આપની,
કરત આવું જ તેથી સદા સખે, સુખી રહો શરદો શત જીવતા.૨૪

આમ અપકારી તરફ વિપરીત લક્ષણા વડે કોઇ કહે છે.

**(સૂ. ૪૦) જેમાં વાચ્ય વિવક્ષિત તથા અન્યપર હોય તે બીજા પ્રકારનું.**

અન્યપર એટલે વ્યંગ્યનિષ્ઠ (એટલે કે જેનું વાચ્ય વ્યંગ્યમાં વિરામ પામે છે એવું.)

અને એ

**(સૂ. ૪૧) કોઇ એક અલક્ષ્યક્રમવ્યંગ્ય, અને બીજું લક્ષ્યવ્યંગ્યક્રમ છે. ૨૫**

---

૩–૩ મૂળ કારિકામાં વાક્યનો અન્વય નીચે પ્રમાણે છે. यः अविवक्षितवाच्यः, तत्र ध्वनौ, वाच्यं अर्थान्तरे संक्रमितम्, अत्यन्तं वा तिरस्कृतम् भवेत्. આમાં तत्र નો અર્થ तस्मिन् કરીને तस्मिन् ध्वनौ ઉપરથી यः अविवक्षित–वाच्यः ध्वनिः એમ અર્થ કરવાનો છે. માટે વૃત્તિમાં કહ્યું છે કે ध्वनौ ના અનુવાદથી, ध्वनौ શબ્દ પછીથી કારિકામાં આવે છે તેના સંબંધથી, यः ની પછી પણ ध्वनिः શબ્દ અધ્યાહાર લેવો.

૪ <હું તને કહું છું કે અહીં વિદ્વાનોનો સમાજ છે. તેથી પોતાની બુદ્ધિને ઠેકાણે રાખીને બેસજે.>

૫ <બહુ ઉપકાર કર્યો; તેમાં શું કહેવું ? આપે બહુ સુજનતા પ્રકટ કરી ! તેથી આવું હંમેશાં કરતા જ, હે સખે, સેંકડો શરદો સુખી રહો.>

અલક્ષ્ય—વિભાવ અનુભાવ અને વ્યભિચારી ભાવ એજ રસ છે એમ નથી, પણ રસ તેઓ વડે વ્યક્ત થાય છે માટે ક્રમ તો છે પણ તે શીઘ્રતાને લઈને દેખાતો નથી.

તેમાં

(સૂ. ૪૨) રસ, ભાવ, તેઓનો આભાસ,[૬] [ વ્યભિચારી ] ભાવની શાન્તિ વગેરે અલક્ષ્યક્રમ છે, તે રસવત્ વગેરે અલંકારોથી ભિન્ન હોઇ પોતે અલંકાર્ય છે. ૨૬

વગેરેથી ભાવોદય ભાવસન્ધિ ભાવશબલત્વ સમજવાનાં છે. જ્યાં રસાદિ પ્રધાન હોય છે, ત્યાં તે અલંકાર્ય છે જેનું ઉદાહરણ પછી અપાશે. બીજે જ્યાં વાકયાર્થ પ્રધાન હોઈ રસાદિ અંગભૂત હોય તે ગણીભૂતવ્યંગ્ય કાવ્યમાં રસવત્, પ્રેય, ઊર્જસ્વી, સમાહિત વગેરે અલંકાર સમજવા. તેનાં ઉદાહરણો[૭] ગુણીભૂતવ્યંગ્ય વિષે બોલતાં આપીશું.

તેમાં રસનું સ્વરૂપ કહે છે.

(સૂ. ૪ ) લોકમાં રતિ વગેરે સ્થાયી (ભાવ)નાં જે કાર્ય-કારણ અને સહકારી છે તે જો નાટ્ય અને કાવ્યમાં હોય તો તે વિભાવ અનુભાવ અને વ્યભિચારી ભાવ કહેવાય છે. તે વિભાવાદિ વડે વ્યક્ત થતો સ્થાયી ભાવ રસ કહેવાય છે. ૨૮ [૮]

---

૬ રસ, ભાવ, અને તેઓના આભાસ માટે જુઓ અનુક્રમે સૂ ૪૪, ૪૮, ૪૯.

૭ ૧૧૬-૧૧૯ ઉદાહરણો જુઓ.

૮ મનુષ્યના હૃદયમાં બીજ રૂપે કે સંસ્કાર રૂપે અનેક ભાવો રહેલા હોય છે; આ ભાવો તે સ્થાયી ભાવો કહેવાય છે, જેમકે પ્રીતિ. શોક, હાસ ક્રોધ, ભય વગેરે. આ ભાવોનો આવિર્ભાવ નિમિત્ત મળતાં થાય છે. આ આવિર્ભાવનો વિચાર ત્રણ વિગતો પૃથક્ કરી કરે છે; આવિર્ભાવનું કારણ, આવિર્ભાવ અને મુખ્ય ભાવના આવિર્ભાવની ઉત્પત્તિમાં તથા સમજવામાં નિમિત્તભૂત બીજી ક્ષણિક બાબતો; પહેલાને કારણ, બીજાને કાર્ય અને ત્રીજાને સહકારી કહેવામાં આવે છે. કુદરતનું કોઇ દૃશ્ય જોતાં અમુક આનન્દ થાય છે; આમાં અમુક દૃશ્ય જેવું કે ચન્દ્રોદય, એ કારણ કહેવાય, એથી

ભરતે કહ્યું છે કે "વિભાવ અનુભાવ અને વ્યભિચારીના સંયોગથી રસનિષ્પત્તિ થાય છે." તેનું ભટ્ટ લોલ્લટ વગેરે આ પ્રમાણે વિવરણ કરે છેઃ વિભાવોથી-(જેમકે) લલનાદિ આલંબન[9] કારણ અને ઉદ્યાનાદિ ઉદ્દીપન[10] કારણથી–ઉત્પન્ન થયેલો, અનુભવો થી—(જેમકે) કટાક્ષ અને ભુજોત્ક્ષેપ[11] વગેરે કાર્યોથી—પ્રતીતિ-યોગ્ય કરાએલો, વ્યભિચારીઓથી—(જેમકે) નિર્વેદાદિ સહકારી-ઓથી—પુષ્ટ થયેલો, એવો રત્યાદિભાવ રામાદિ અનુકાર્યમાં[12] મુખ્ય-પણે[13] હોવા છતાં તેના (રામાદિના) રૂપના અનુસંધાનના બળથી નર્તકમાં પણ પ્રતીત થતો હોય ત્યારે રસ કહેવાય છે.[14]

---

થતો આનન્દનો અનુભવ કાર્ય કહેવાય; તે સમયે જે બીજી પરિસ્થિતિ પ્રમાણે અનેક લાગણીઓ જેમકે હર્ષ અથવા વિષાદ થાય, અથવા મદ થાય કે નિર્વેદ થાય અથવા આ બધાનું કોઇ વિલક્ષણ મિશ્રણ થાય તે સહકારી કહેવાય. વ્યવહારની અને દર્શનશાસ્ત્રની પરિભાષાને રસમીમાંસામાં વિભાવ (કારણ) અનુભાવ (કાર્ય) અને વ્યભિચારી (સહકારી) કહે છે. ચેતનાના વ્યાપારના સંબંધને કાર્યકારણની પરિભાષામાંથી મુક્ત કરવામાં અમુક ઔચિત્ય રહેલું છે. બીજ રૂપે રહેલાને પ્રકટ કરે તે વિભાવ. અનુભવને યોગ્ય કરે તે અનુભાવ. અને વિશેષતાથી સંચાર કરે તે વ્યભિચારી.

૯–૧૦ રસના આવિર્ભાવનં મૂળભૂત અને મુખ્ય કારણ તે આલંબન કહેવાય અને તે વડે પ્રકટ થયેલા રસને ઉદ્દીપ્ત કરે, બઢાવે તે ઉદ્દીપન કારણ કહેવાય. જેમકે ઇષ્ટજનનું મરણ તે કરુણનું આલંબન છે અને તેની સાથે સંબંધ ધરાવતી વસ્તુઓનું દર્શન વગેરે ઉદ્દીપન કારણ છે.

૧૧ ભુજોત્ક્ષેપ, રતિને લીધે આળસ મરડવાની માફક હાથ ઊંચા કરવા.

૧૨ અનુકાર્ય, નાટકમાં જેનું અનુકરણ થાય તે. રામનો પાઠ ભજવવાનો હોય તો રામ અનુકાર્ય છે.

૧૩ મુખ્યપણે, સાક્ષાત્ રીતે, વાસ્તવિક રીતે, ખરી રીતે. એટલે કે રસ ખરી રીતે રામમાં ઉત્પન્ન થાય છે અને રામના રૂપના અનુસંધાનથી તે નર્તકમા પ્રતીત થાય છે.

૧૪ ભટ્ટલોલ્લટના મતનો સાર એ છે કે રામવેષધારી નટની અંદર વાસ્તવિક રીતે સીતાપ્રેમ નથી છતાં પણ નાટ્યનૈપુણ્યથી તેની અંદર હોય એમ જે સામાજિકોને પ્રતીત થાય છે તે રસ છે.

શ્રી શંકુક આ પ્રમાણે વિવરણ કરે છેઃ 'આ રામ જ છે' 'આ જ રામ છે' એવી સમ્યક્ પ્રતીતિ, 'આ રામ નથી' એવું ઉત્તર કાળમાં બાધક જ્ઞાન થાય ત્યારે (તેના પૂર્વનું) 'આ રામ છે' એવું જે જ્ઞાન તે મિથ્યા પ્રતીતિ, 'આ રામ છે કે નથી' એવી સંશય પ્રતીતિ, 'આ રામના જેવો છે' એવી સાદૃશ્ય પ્રતીતિ, એ ચારેય પ્રતીતિઓથી વિલક્ષણ પ્રતીતિ વડે ચિત્ર–તુરગાદિ[૧૫] ન્યાયથી નટ, ' આ રામ છે ' એ રીતે ગ્રહણ કરાય છે. એ રીતે ગ્રહણ કરાતા નટમાં અનુમાન કરાતો રત્યાદિ ભાવ તે જ રસ. આ અનુમાન કરાતો રસ વસ્તુના સૌન્દર્ય-બલને લીધે આસ્વાદનો વિષય થતો હોવાથી અનુમાનના બીજા વિષયોથી વિલક્ષણ છે. આ ભાવ નટમાં ન હોવા છતાં સામાજિકોની[૧૬] વાસનાને લીધે આસ્વાદનો વિષય બને છે. આ અનુમાન, કારણ કાર્ય અને સહકારી રૂપ હેતુઓ જે વિભાવાદિ શબ્દો વડે ઓળખાય છે તેઓ વડે, 'સંયોગ', એટલે ગમ્ય–ગમક ભાવરૂપ સંબંધથી, ઉદય પામે છે. આ હેતુઓ શિક્ષા અને અભ્યાસથી સંપાદન કરેલ પોતાના કાર્યના (અભિનયના) પ્રકટ-નથી નટ વડે પ્રકાશિત થાય છે અને તેથી તે કૃત્રિમ છે છતાં

[૧૭]અંગો વિશે અમ્રુત કેરી હેલિ એ,
નેનોની કર્પૂર સળી જ શીળી એ,
મનોરથશ્રી, સશરીર, ચિત્તથી
પ્રાણેશ્વરી દર્શન નેન આપતી. ૨૫

---

૧૫ ચિત્રમાં કાઢેલા તુરગને—ઘોડાને ઘોડો કહીયે છીયે તે રીતે. આ પ્રતીતિ નથી કારણ કે ઘોડાનું ચિત્ર એ ઘોડો નથી, તેમજ તે મિથ્યા પ્રતીતિ પણ નથી કારણ કે ઉત્તરકાળમાં એ ઘોડો નથી એવું બાધક જ્ઞાન થતું નથી, તે સંશયપ્રતીતિ નથી કારણ કે તે ઘોડો છે કે નહિ એવો સંશય ઉત્પન્ન થતો નથી અને તે સાદૃશ્યપ્રતીતિ પણ નથી કારણ કે તેને આપણે ઘોડા જેવું ન કહેતાં ઘોડો કહીએ છીએ.

૧૬ સહૃદય પ્રેક્ષક.

૧૭ <તે મારા અંગની અમૃતરસની વૃષ્ટિ, મારી આંખની સારી રીતે

[૧૮]દીર્ઘચપલ નેનીનો, વિજોગ થાતાં જ આજ દૈવગતે,
પ્હોંચી વળ્યો સમો એ, ગાઢા દોડન્ત મેઘાનો. ૨૬

વગેરે કાવ્યના અનુસન્ધાન બલથી તેવા એટલે કૃત્રિમ રૂપે સમજાતા નથી.[૧૯]

ભટ્ટનાયક આ પ્રમાણે વિવરણ કરે છેઃ રસ તટસ્થપણે કે પોતાની અંદર પ્રતીત થતો નથી, તેમ ઉત્પન્ન થતો નથી, તેમ અભિવ્યક્ત થતો નથી; પણ કાવ્ય અને નાટ્યમાં અભિધાથી ભિન્ન એવા વિભાવાદિને સાધારણ કરવારૂપ ભાવકત્વ વ્યાપારવડે[૨૦] ભાવના–વિષય કરાતો (સાધારણ કરાતો) સ્થાયી ભાવ ભોગવડે ભોગવાય છે; જે ભોગ સત્ત્વની પ્રબળતાથી (ઉત્પન્ન થતા) પ્રકાશ–આનન્દરૂપ જ્ઞાનની વિશ્રાન્તિરૂપ[૨૧] છે.

---

ભરેલી કપૂરની સળી, શરીરધારી મનોરથની શ્રી તે આ પ્રાણેશ્વરી મનમાંથી આંખ આગળ આવી.>

૧૮ <દૈવથી આજે હું તે ચપલ અને દીર્ઘ નયનવાળીથી છૂટો પડયો અને ગાઢા વિલોલ વાદળાંનો આ સમય આવી પહોંચ્યો.>

૧૯ શ્રી શંકુકના મતનું તાત્પર્ય એવું છે કે નટ નિપુણતાથી જે શૃંગારાદિનાં કારણો વગેરે એનાં પોતાનાં નથી તે પોતાનાં હોય એમ બતાવે છે તેથી સામાજિકો નટમાં રતિનું અનુમાન કરે છે. અને રસની આવી અનુમિતિ એ જ રસનિષ્પત્તિ છે.

૨૦ વિભાવાદિને સાધારણ કરવારૂપ ભાવકત્વ વ્યાપાર. ભટ્ટનાયક કાવ્ય અને નાટકમાં ભાવકત્વ અને ભોજકત્વ નામના બીજા બે માનસિક વ્યાપારો માને છે. કાવ્યના અર્થનું જ્ઞાન થયા પછી તરત જ ભાવકત્વ વ્યાપાર વડે વિશિષ્ટ વ્યક્તિમાં રહેલા ભાવો વ્યક્તિસંબંધ છોડી દઈ તેમના સામાન્ય રૂપે ભાસે છે. જેમકે રામ અને સીતાનો પ્રેમ બે વ્યક્તિઓનો સંબંધ છોડી સામાન્ય દામ્પત્યરૂપે મન આગળ ખડો કરાય છે. આ બાબતનો ઉપરના વાકયથી ઉલ્લેખ કર્યો છે. આ પ્રમાણે સામાન્ય થયેલા ભાવ ભોજકત્વ વ્યાપાર વડે સહૃદયો ભોગવે છે. આ જ ભટ્ટનાયકના મતનો સાર છે.

૨૧ જ્ઞાનની વિશ્રાંતિ એટલે જ્ઞાનમાં લય થઈ જવું. બીજા જ્ઞેયના—જ્ઞાનના વિષયના—સંબંધથી રહિતપણું અર્થાત્ એ ભોગ વખતે એ પ્રકાશ–આનંદ જ હોય છે. બીજું કાંઈ હોઈ શકતું નથી.

લોકમાં જે પ્રમદાદિ વસ્તુઓ છે તે જ, સ્થાયી ભાવનું અનુમાન કરવાના અભ્યાસમાં કુશલ થયેલા સામાજિકોવડે અલૌકિક વિભાવ વગેરે શબ્દોથી કાવ્ય અને નાટકમાં વ્યવહાર પામે છે; કારણકે તે કાવ્ય અને નાટકમાં કારણતા–આદિને પરિહરી વિભાવના વગેરે વ્યાપારવાળાં બને છે; તે વિભાવ વગેરે 'આ મારા જ છે,' 'આ શત્રુના જ છે,' 'આ તટસ્થના જ છે' એ પ્રકારના ખાસ સંબંધના સ્વીકારના નિયમના તથા 'આ મારા જ નથી' 'આ શત્રુના જ નથી' 'આ તટસ્થના જ નથી' એ પ્રકારના ખાસ સંબંધના નિષેધના નિયમના અનિશ્ચયથી સાધારણ રૂપે સામાજિકોને પ્રતીત થાય છે; તેવા સાધારણ રૂપે પ્રતીત થએલા વિભાવ વગેરેથી અભિવ્યક્ત થએલો, સામાજીકોના હૃદયમાં વાસનારૂપે રહેલો રત્યાદિ સ્થાયી ભાવ તે શૃંગારાદિ રસ. તે રસ અમુક પ્રમાતામાં રહ્યો છે છતાં, સકલ સહૃદયોની સંમતિ (સમાન અનુભવ)વાળા સાધારણત્વવડે પ્રમાતાદ્વારા વિષય કરાએલો હોય છે; આ રસ, જેમ જ્ઞાન પોતાના આકારથી અભિન્ન છે[૨૨] તેમ પોતાથી અભિન્ન હોવા છતાં તે વિષયભૂત થાય છે. આ પ્રમાતા સાધારણ ઉપાયના[૨૩] બલથી તે (રસાસ્વાદ) વખતે લોપ પામેલ પરિમિત પ્રમાતૃપણાને[૨૪] લીધે ઉદય પામેલ અને અન્ય વિષયના સંસર્ગથી રહિત એવા અપરિમિત ભાવવાળો હોય છે. આસ્વાદનો વિષય થવું એ જ એનો (રસનો)પ્રાણ છે. વિભાવાદિના જીવનની અવાધ એજ એની અવધિ છે. શરબતની પેઠે[૨૫] તેનો આસ્વાદ થાય છે. તે સામે જાણે સ્પુરતો

---

૨૨ જ્ઞાનનો વિષય અને જ્ઞાન એક જ છે, જ્ઞાનથી અન્ય નથી એવો વિજ્ઞાનવાદી બૌદ્ધોનો મત છે.

૨૩ વિભાવ અનુભાવ વગેરે જે ઉપર કહ્યા પ્રમાણે સાધારણ રૂપે પ્રતીત થયાં છે તે.

૨૪ પરિમિતપ્રમાતૃપણું એટલે આ વિભાવાદિ મારા છે અને હું જ રસનો આસ્વાદ લઉં છું એવું વ્યક્તિના અહંત્વથી મર્યાદિત થએલું જ્ઞાન.

૨૫ શરબતમાં જેમ સાકર એલાયચી વગેરે વસ્તુઓનો જૂદો સ્વાદ

હોય, હૃદયમાં જાણે પ્રવેશતો હોય, સર્વાંગને જાણે આલિંગતો હોય, બીજું બધું જાણે તિરોહિત કરતો હોય, બ્રહ્માસ્વાદનો જાણે અનુભવ કરાવતો હોય, એવો અલૌકિક ચમત્કાર કરનારો હોય છે. તે રસ કાર્ય[૨૬] નથી; શાથી જે એમ હોય તો વિભાવાદિના વિનાશ પછી પણ તેના સંભવનો પ્રસંગ આવે. તે જ્ઞાપ્ય[૨૭] પણ નથી શાથી જે તે સિદ્ધરૂપ સંભવતો નથી. પરંતુ વિભાવ વગેરેથી વ્યંજિત થઇને જ આસ્વાદનો વિષય કરવા યોગ્ય બને છે. કારક અને જ્ઞાપકથી ભિન્ન એવું બીજું ક્યાં દીઠું? એનો ઉત્તર એ છે કે કયાંઇ નથી દેખાયું એટલા માટે અલૌકિક કાર્યની સિદ્ધિ થવાથી એ ભૂષણ છે દૂષણ નથી. ચર્વણા (આસ્વાદ)ની નિષ્પત્તિથી રસની નિષ્પત્તિનો ઉપચાર[૨૮] થાય છે માટે તેને કાર્ય કહેવું હોય તો કહો. લોક–પ્રસિદ્ધ પ્રત્યક્ષાદિ જ્ઞાન, અને ચક્ષુરાદિ પ્રમાણોથી તટસ્થપણે એટલે નિરપેક્ષપણે ઉત્પન્ન થનાર જ્ઞાનવાળા મિત યોગીનું[૨૯] જ્ઞાન, અને અન્ય વિષયના સ્પર્શ માત્રથી રહિત તેમજ કેવળ સ્વસ્વરૂપમાં સમાપ્ત થતું (પોતાના સ્વરૂપને વિષય કરતું) એવું જે અમિત યોગીનું[૩૦] જ્ઞાન, એ ત્રણેય પ્રકારના જ્ઞાનથી વિલક્ષણ એવા અલૌકિક સ્વસંવેદનનો વિષય થતો હોવાથી

---

નહિ આવતાં એક સ્વાદ આવે છે તેમ આ વિભાવ છે, આ અનુભાવ છે એવો જૂદો જૂદો સ્વાદ નહિ આવતાં અમુક રસનો સ્વાદ આવવો તે.

૨૬–૨૭ જ્ઞાપ્ય કાર્યઃ કુંભાર એ ઘડાનો કારક છે અને ઘડો એ કુંભારનું કાર્ય છે. કુંભાર (કારક)નો નાશ થયા પછી પણ ઘડો (કાર્ય) રહે છે. પણ વિભાવોના વિનાશ થયા પછી રસ અનુભવી શકાતો નથી માટે રસને વિભાવોનું કાર્ય ન ગણી શકાય. સૂર્ય એ ઘડાનો જ્ઞાપક છે અને ઘડો એ સૂર્યનો જ્ઞાપ્ય છે. જ્ઞાપ્ય વસ્તુ જ્ઞાપકથી સ્વતંત્ર રીતે સિદ્ધ એટલે અસ્તિત્વવાળી હોય છે. સૂર્ય વિના પણ ઘડો તો છે. પણ વિભાવાદિ વિના રસ સંભવતો નથી. આ રીતે વિભાવાદિ રસના કારક નથી તેમ જ્ઞાપક નથી એટલે રસ કાર્ય નથી તેમ જ્ઞાપ્ય નથી.

૨૮ ઉપચાર થાય છે એટલે વ્યવહાર થાય છે, બોલાય છે.

૨૯ મિતયોગી=પ્રાથમિક યોગી. ૩૦ અમિતયોગી=પરિપક્વયોગી.

જ્ઞાપ્ય[31] પણ કહેવો હોય તો કહો. નિર્વિકલ્પ જ્ઞાન એ રસ વિષય કરી શકતું નથી; શાથી જે રસની પ્રતીતિમાં વિભાવાદિનો પરામર્શ પ્રધાનપણે હોય છે. તેમજ સવિકલ્પ જ્ઞાન પણ તેને વિષય કરી શકતું નથા; શાથી જે આસ્વાદનો વિષય એવો અલૌકિક આનંદસ્વરૂપ રસ તે સ્વસંવેદનથી જ સિદ્ધ છે. ઉભય (નિર્વિકલ્પ, સવિકલ્પક)ના અભાવરૂપ તે રસમાં ઉભયરૂપપણું જ સિદ્ધ થાય છે[32] જે પહેલાં (કાર્ય–જ્ઞાપ્ય)ની વિલક્ષણતાની પેઠે એનું લોકોત્તરપણું જ સૂચવે છે, નહિ કે વિરોધઃ આ પ્રમાણે આચાર્ય અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

વ્યાઘ્ર વગેરે જેમ ભયાનકના વિભાવો છે તેમ વીર અદ્ભુત અને રૌદ્રના પણ છે. અશ્રુપાત વગેરે જેમ શૃંગારના અનુભાવો છે તેમ કરુણ અને ભયાનકના પણ છે. ચિન્તા વગેરે જેમ શૃંગારના વ્યભિચારી ભાવ છે તેમ વીર કરુણ અને ભયાનકના છે. એ રીતે પ્રત્યેક અનેકમાં હોવાથી સૂત્રમાં ભેગા બતાવ્યા છે.

[33]નભ સજલ ઘને અલિ શું નીલું,
મધુકર કોકિલ કૂજનો દિશામાં,

---

૩૧ રસની પણ નિષ્પત્તિ થાય છે માટે કાર્ય ગણવું હોય તો ગણો. તેમજ એ અલૌકિક જ્ઞાનનો વિષય છે માટે તેને સિદ્ધ ગણી જ્ઞાપ્ય ગણવું હોય તો ગણો.

૩૨ વિષય અને ઇન્દ્રિયનો સંબંધ થયા પછી 'કંઇક છે' એવું જે પ્રાથમિક જ્ઞાન તે નિર્વિકલ્પક; 'આ વૃક્ષ છે' વગેરે ધર્મોથી યુક્ત જે જ્ઞાન થાય તે સવિકલ્પક. રસ નિર્વિકલ્પક એટલા માટે નથી કે તેમાં વિભાવાદિનો પરામર્શ-જ્ઞાન છે. તે સવિકલ્પક એટલા માટે નથી કે તે ધર્મીરૂપે જ જણાઇ જાય છે. આ બન્નેથી જૂદા પ્રકારનું જ્ઞાન ન હોવાથી રસ શું છે એ પ્રશ્ન થતાં કહે છે કે તે ઉભયરૂપ છે. રસ એટલા પૂરતો નિર્વિકલ્પક છે કે તે પોતે માત્ર ધર્મીરૂપે પણ જણાઈ જાય છે; તે એટલા પૂરતો સવિકલ્પક છે કે તેમાં વિભાવાદિનું વિભાવત્વાદિરૂપે જ્ઞાન હોય છે. આની ઉપપત્તિ વિભાવાદિના જ્ઞાનમાં અને રસના જ્ઞાનમાં ક્રમ દેખાતો નથી એનાથી થઇ શકે.

૩૩ <આકાશ ભમરાના જેવા શ્યામ, જલગર્ભવાળા મેઘવાળું છે.

ધરણિ પર નવાંકુરો ફુટ્યા છે,
પગ પડતાં પિયુ, માન માન, મુગ્ધા !

વગેરેમાં,

[૩૪]મૃદિત કમલિની શાં અંગ વ્હીલાયલાં છે,
પરિજન વિનવ્યાથી માંડ કામે વળે છે,
ધવલ, નવલ હાથી–દાંત શો, એ કપોલ
હિમકર અકલંકી કેરી શોભા ધરે છે. ૨૮

વગેરેમાં અને

[૩૫]દૂરે ઉત્સુક, આવતાં વળી ગઈ, બોલાવતાં ફાટી ગૈ,
ભેટંતાં થઈ લાલ, સાળુ પકડ્યે વાંકાં ભવાં કૈં થયાં;
પાયે માનુનીને પડ્યે દૃગ રહી રેલાઈ આંસુ પૂરે,
ચક્ષુ એમ થયું પ્રપંચચતુરે વ્હાલા તણા વાંકમાં. ૨૯

વગેરેમાં જો કે વિભાવો, અનુભાવો અને ઔત્સુક્ય, વ્રીડા, હર્ષ, કોપ, અસૂયા, પ્રસાદરૂપી વ્યભિચારી ભાવોની જ ફક્ત સ્થિતિ છે, છતાં પણ અહીં નિયમભંગ થતો નથી. કારણકે આ બધાં અસાધારણ હોવાથી ત્રણમાંના બાકીના બે આક્ષેપથી સમજાય છે.

તેના ભેદો કહે છે—

---

દિશાઓની શોભા, મધુકર અને કોકિલના કૂજનથી યુક્ત છે. ધરણિ, પોતાના ખોળામાં નવીન અંકુરરૂપી ટાંકણાંવાળી છે. હે મુગ્ધે! પગે પડેલા વહાલા ઉપર પ્રસન્ન થા.> આમાં માત્ર વિભાવો છે.

૩૪ <અંગ ચોળાઇ ગયેલી મૃણાલીના જેવું મ્લાન છે; પરિવારની વીનવણીથી માંડમાંડ કામમાં પ્રેરાય છે; તાજા કાપેલા હાથીદાંતના કકડા જેવો તેનો સુંદર ગાલ નિષ્કલંક ચન્દ્રના સૌન્દર્યને ધારણ કરે છે.> આમાં માત્ર અનુભાવો છે.

૩૫ <વ્હાલાનો વાંક પડ્યે, માનિનીની આંખ કેવી વિચિત્ર વ્યાપારમાં ચતુર થઈ! દૂરથી જોતાં ઉત્સુક થઇ આવતાં તિરછી થઇ, વાત કરતાં ફાટી ગઈ, ભેટતાં લાલ થઈ, વસ્ત્ર ઝાલતાં કંઇક ભવાં ચડયાં, અને પગે પડતાં આંસુથી કીકી ભરાઈ ગઇ.> આમાં માત્ર વ્યભિચારી ભાવો છે.

**(સૂ. ૪૪) શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્દભુત નામના આઠ રસ નાટ્યમાં મનાય છે. ૨૯[૩૫]**

તેમાં શૃંગારના બે ભેદ છે. સંભોગ અને વિપ્રલંભ. તેમાં પહેલો પરસ્પર અવલોકન, આલિંગન, અધરપાન, પરિચુંબન વગેરેથી અનંત પ્રકારનો હોવાથી અપરિચ્છેદ્ય એક જ ગણાય છે. જેમકે

[૩૬]સૂનું ધામ વિલોકીં, સેજથીં જરા ધીમે ઊઠી, ઢોંગથી
પોઢેલા પિયુનું નિહાળીં રહીંને એકી ટસે મુખડું,
વિશ્રંભે ચુમી, ગાલના નિરખીંને રોમાંચ, નીચું કરે
લજ્જાથી મુખ, ત્યાં ચુમાઈ હસતા વ્હાલાથી મુગ્ધા ચિર. ૩૦

[૩૭]તું મુગ્ધા વણુચોળીં ધારણ કરે કાન્તિ મનોહારિણી
એવાં વેણ વદી પિયૂજી અડતાં ગ્રંથિ, સખી સાથ સૌ,
બેઠી સેજ સમીપ સસ્મિત સખીના નેત્રના ઉત્સવે
આનંદી, કંઈ જૂઠડાં મિષ કહી, ધીમેથીં ચાલી ગયો. ૩૧

બીજો (વિપ્રલંભ) અભિલાષ, વિરહ, ઈર્ષ્યા પ્રવાસ અને શાપના કારણથી પાંચ પ્રકારનો છે. તેમનાં ક્રમથી ઉદાહરણો—

[૩૮]પ્રેમાળ, પ્રણયે ભીંની, પરિચયે જ્યાં રાગ જામેલ છે,
મુગ્ધાક્ષી તણીં એ સ્વભાવમધુરી ચેષ્ટા થજો હું વિષે;

---

૩૫ આ આખી કારિકા મમ્મટે ભરત નાટચશાસ્ત્રના ૬ઠ્ઠા અધ્યાય માંથી લીધી છે.

૩૬ <વાસગૃહ સૂનું જોઈને શયનગૃહમાંથી જરા ધીમેથી ઊઠીને, ખોટું ખોટું ઊંઘી ગયેલા પતિનું બહુ વાર સુધી મુખ નિરખીને વિશ્રબ્ધ ચૂમતાં રોમાંચિત ગંડસ્થલી જોતાં લજ્જાથી મુખ નીચું કરેલી બાળા હસતા પ્રિયથી ખૂબ ચૂમાઇ>

૩૭ <'મુગ્ધાક્ષી ! તું તો કાંચળી વિનાજ મનોહર શોભા ધારણ કરે છે,' એમ કહીને પ્રિયતમ કાંચળીની ગાંઠને અડતાં, શય્યાની કોરે બેઠેલી સસ્મિત સખીના નેત્રના ઉત્સવથી આનન્દ પામી સખીઓ જૂઠાં બહાનાં કાઢતી ધીમે ધીમે ચાલી ગઇ.>

૩૮ <મુગ્ધાક્ષીની પ્રેમાર્દ્ર, પ્રણયવાળી, પરિચયને લીધે જેમાં ગાઢ

જેને કોડથી કલ્પતાં પણ, ઘડી રોકાય બાહ્યેન્દ્રિયો
ફેરી સર્વ પ્રવૃત્તિ, ને લય થતું અંતર્ ઘનાનન્દમાં. ૩૨

[૩૯]બીજે જાય શી વાત એ, નથી સુહૃદ્ એવોય કો એમને,
ના શું ચ્હાય ! ન આવિયા પણ, અરે દૈવે શું ધાર્યું હશે !
એવા કંઇ તરકોથી કાળજું જતાં કોરાઈ, આવાસમાં
બાલા આમથી તેમ લોટતી નિશામાં નીંદ પામે નહિ. ૩૩

આ વિરહોત્કંઠિતા છે.

[૪૦]તે બાલા, પ્રથમાપરાધ કરતાં વ્હાલો, ન જાણે કશાં
મ્હેણાં માર્મિક અંગવિભ્રમ, નથી શીખી સખી પાસ જે,
કિન્તુ સ્વચ્છ કપોલમૂલથી ખરન્તાં નિર્મળાં આંસુથી,
રોયા માત્ર કરે, છુટી લટ હલે, ને નેત્રપદ્મો ભમે. ૩૪

[૪૧]વ્હાલાં કંકણ નીસર્યાં, વહી રહ્યાં ચોધાર આંસુ, ઘડી
બેસી ના રહી ધીર, આગળ જવા ચિત્તે થયું આકળું;
જાવાનો કરતાં વિચાર પિયુજી સાથે બધાં નીકળ્યાં;
જાવું છે જીવ ! તો પછી ક્યમ જવા દે સાથ વ્હાલાં તણો ? ૩૫

---

અનુરાગનો ઉદય થયો છે એવી, તે તે સ્વભાવમધુર ચેષ્ટાઓ મારા વિષે થાઓ; અભિલાષથી જ કલ્પેલી જે ચેષ્ટાઓમાં, ક્ષણને માટે બાહ્ય ઇન્દ્રિયોની પ્રવૃત્તિને રોકનાર અંતઃકરણનો આનંદઘન લય થાય છે.>

૩૯ <બીજી જગાએ જાય એ તો વાત જ શી ! એનો એવો મિત્ર પણ નથી. એ મને ન ચ્હાય ? પણ આવ્યો તો નહિ. અરે રે, આ વિધિએ શું આદર્યું છે ! આવી ઘણી કલ્પનાઓથી ગ્રસ્ત ચિત્તવાળી બાળા શયનગૃહમાં આળોટયા કરતી રાત્રે નિદ્રા પામતી નથી.>

૪૦ <પતિના પ્રથમ અપરાધને સમયે સખીના ઉપદેશ વિના વિભ્રમથી અંગમરોડ અને વક્રોક્તિથી સૂચન કરવાનું ન જાણતી હોવાથી, સ્વચ્છ કપોલ મૂલથી ગળતાં સ્વચ્છ આંસુવડે ન્હાવરી આંખવાળી વિખરાયેલા હલતા વાળવાળી બાલા ફક્ત રૂવે જ છે.>

૪૧ <પ્રિયતમે જવાનો વિચાર કરતાં, વ્હાલાં બલૈયાંએ પ્રસ્થાન કર્યું, આંસુઓ ચાલવા લાગ્યાં, ધૃતિ ક્ષણ પણ ન બેસી રહી, ચિત્તે આગળ જવાનો નિશ્ચય કર્યો, આ પ્રમાણે બધાં સાથે જ ચાલ્યાં તો હે જીવ, તારે પણ જવું જ છે તો પછી આ પ્રિય મિત્રોનો સાથ કેમ છોડે છે ?>

[42]આલેખીને પ્રણય–કૂઠડી ધાતુરાગે શિલામાં,
પોતાને હું તુજ પદ પડયો દોરવા જાઉં છું જ્યાં,
ત્યાં આંસૂઓ, ઉભરી ઉભરી દૃષ્ટિને લોપી દે છે;
સંખાયે ના મિલન તહીંએ આપણું ક્રૂર દૈવે.

હાસ્ય વગેરેનું ક્રમથી ઉદાહરણ.

[43]વારસ્ત્રીએ સ્વર ઝીણે કરી થૂ, અશુદ્ધ
હાથેથી થપ્પડ દીધી મુજ ઉત્તમાંગે,
મંત્રો ભણી જલથી જે કર્યુંતું પવિત્ર;
હા, હું મુવો, કરી રુવે બહુ વિષ્ણુશર્મા. ૩૭

[44]નાસી કયાં ગઈ મા ? શું આ થયું ? ગઇ આશીષ કયાં ? દૈવ હા !
ધિક્ જીવ્યું, પડયું વજ્ર, દેહ તુજમાં અગ્નિ, બળી આંખ આ
એવી ગદ્ગદ ખોખરી અટકતી પૌરસ્ત્રીની વાણીથી
રોયાં સૌ ચિતરામણો ય, શતધા ભીંતો ય ફાટી ગઇ. ૩૮

[45]નિરલજ થઈ દેવાનોએ, સશસ્ત્ર જ જેમણે
કર્યું, અનુમતિ આપી, દીઠું અહીં ગુરુ પાતક,

---

૪૨ <શિલા ઉપર ધાતુરાગ વડે તને પ્રણયકુપિત આલેખીને જેવો હું મને પોતાને તારે પગે પડતો ચીતરવા જાઉં છું તેવાં વારંવાર ઉભરાતાં આંસુથી મારી નજર ઢંકાઇ જાય છે. ક્રૂરવિધિ ત્યાં પણ આપણો સંગમ સહન કરતો નથી.>

૪૩ <પગલે પગલે મંત્રોનાં પાણીથી પવિત્ર કરેલા મારા માથા ઉપર વેશ્યાએ પોતાનો અપવિત્ર હાથ વાળીને મોટા અવાજ સાથે થૂંકીને, પ્રહાર કર્યો; હાય હાય હું મુવો એમ કહીને વિષ્ણુશર્મા રૂવે છે.>

૪૪ <માડી તું કયાં નાસી ગઇ, આ શું થઇ ગયું ! દેવતાઓને ધિક્કાર છે, બધી આશીષો કયાં ગઇ, જીવતરને ધિક્કાર છે, વજ્ર પડયું ! તારાં અંગોમાં અગ્નિ ! બળી આંખો ! આ પ્રમાણે પૌરાંગનાની ઘર્ઘર અવાજ-વાળી વચમાં રૂંધાઇ જતા સ્વરવાળી કરુણ વાણી ચિત્રમાં રહેલાંને પણ રડાવે છે અને ભીંતના પણ સો કકડા થાય છે.>

૪૫ <તમે નિર્મર્યાદ અને સજ્જ આયુધવાળા જે મનુજ પશુઓએ ગુરુ તરફનું આ મહાપાતક કર્યું હોય, અનુમોદ્યું હોય, જોયું હોય તે બધા

તમ સકલના, સાથે કૃષ્ણ વૃકોદર પાર્થના
રુધિર ચરબી માંસેથી હું કરૂં છું દિશાબલિ. ૩૯
[૪૬]છોડો ઓ વાનરાઓ અધમ ! ભય તમે, જેમણે ઇન્દ્ર કેરા
હાથીનાં કુંભ ભેદ્યાં, તમ તનુ પર તે બાણ લાજે પડંતાં;
સૌમિત્રે ! બેસ છાનો, તું ન મુજ રુષનું પાત્ર, હું મેઘનાદ,
કિંચિત્ ભ્રૂભંગલીલા થકી વશ ઉદધિ કીધ, તે રામ ખોળું. ૪૦
[૪૭]કેડે ધાતા રથે જો ! નજર બહુ કરે ડોકી વાળી રુપાળી,
પેઠો શું પૂર્વકાયે લગભગ પૂંઠથી બાણ વાગ્યાની બ્હીકે;
થાકે પ્હોળા મુખેથી તૃણ અધકરડચાં વેરતો માર્ગ ઊભે;
ઊંચી ફાળોથી થોડું ધરણિ પર જતો ઝાઝું તો અંતરિક્ષે. ૪૧
[૪૮]ઊખેડી ચામડીને પ્રથમ ઉરુ કટિ સ્કંધના ઊપસેલા
ગંધાતા માંસલોચા લબલબ મુખથી ખાઇને, પ્રેતરાંકું

---

ભીમ, અર્જુન અને કૃષ્ણ સુદ્ધાંનાં લોહી મેદ અને માંસ વડે દિશાઓને ભોગ આપું છું.>

૪૬ <ઓ ક્ષુદ્ર વાનરાઓ ત્રાસ છોડી દો. આ બાણો કે જેણે ઇન્દ્રના હાથીનાં કુંભસ્થળને ભેદ્યાં છે તે તમારા દેહ ઉપર પડતાં બહુ લાજે છે. સૌમિત્ર, એક કોરે રહે, મારા રોષનું તું પાત્ર નથી. હું તો મેઘનાદ છું, જેણે જરા ભ્રૂભંગની લીલાથી સમુદ્રને નિયમિત કર્યો એ રામને હું શોધું છું.>

૪૭ <જોને! (આ મૃગ) ડોક વાંકી વાળવાથી સુંદર લાગે એવી રીતે વારંવાર પૂંઠે પડેલા રથના ઉપર નજર ફેંકે છે, બાણ લાગવાના ભયથી શરીરનો પાછલો ભાગ લગભગ શરીરના આગલા ભાગમાં પેસી ગયો છે, થાકથી પહોળા થઇ ગયેલા મોઢામાંથી પડતું અડધું ચાવેલું દર્ભ માર્ગ ઉપર વેરાયલું છે અને ઊંચી ફાળોથી આકાશમાં બહુ અને પૃથ્વી ઉપર થોડું જાય છે.>

૪૮ <પહેલાં ચામડું ઉતરડી ઉતરડીને પછી ખભા, જાંગનાં મૂળ અને ઢેકા ઉપરથી ઝટ લઇ શકાય તેવું, ઉગ્ર દુર્ગન્ધિવાળું, અને જાડા ઉપસેલા ભાગોમાં જામેલું માંસ ખાઇને પછી આર્ત પ્રેતરાંકું ચારેબાજુ ચકળ વકળ જોતું દાંત દેખાડતું, ખોળામાં પડેલી ખોપરીનાં હાડકાંનું ખાડાખૈયામાં ભરાયલું માંસ કરડે છે.>

...ની વાડી, અમદાવાદ.

ખોળાની ખોપરીથી ખડબચડું લઇ હાંડકું માંસ ખાવા,
દેખાડી દાંત, ડોળા અહિં તહિં કરતું, ભૂખ્યું, ઠરે વિશાળે. ૪૨

[49]અહો મહા છે અવતાર આ કો !
શી કાંતિ એ ! કેવીૅ છટા નવી જ.
શું ધૈર્ય લોકોત્તર ! શો પ્રભાવ !
શી આકૃતિ ! સૃષ્ટિ જ કો નવીન. ૪૩

આના સ્થાયી ભાવ કહે છે.

(સૂ. ૪૫) રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મય એ સ્થાયી ભાવો ગણાય છે. ૩૦

વ્યભિચારી ભાવો કહે છે.

(સૂ. ૪૬) નિર્વેદ, ગ્લાનિ, શંકા, અસૂયા, મદ, શ્રમ, આલસ્ય., દૈન્ય, ચિન્તા, મોહ, સ્મૃતિ, ધૃતિ, (૩૧) વ્રીડા, ચપલતા, હર્ષ, આવેગ, જડતા, ગર્વ, વિષાદ, ઔત્સુક્ય, નિદ્રા, અપસ્માર,[50] (૩૨) સ્વપ્ન, ઉજાગરો, અમર્ષ, અવહિત્થ,[51] ઉગ્રતા, મતિ, વ્યાધિ, ઉન્માદ, મરણ, (૩૩) ત્રાસ, વિતર્ક એ વ્યભિચારી ભાવો જાણવા. આ તેત્રીસ ભાવો. નામ દઈ ગણાવ્યા છે. (૩૪)

નિર્વેદ ઘણેભાગે અમંગલ હોવાથી તેનું પ્રથમ નામ દેવું ન જોઇએ છતાં દીધું છે તે વ્યભિચારી છતાં તે સ્થાયી છે એમ કહેવા માટે. તેથી

(સૂ. ૪૭) નિર્વેદ સ્થાય ભાવવાળો નવમો શાન્તરસ છે.

જેમકે

[52]ભુજંગે કે હારે, ફૂલ શયન કે પથ્થર વિષે,
મણિ કે માટીમાં, સબલ રિપુમાં કે સુહૃદમાં,

---

૪૯ <અહો આ કેવો મહાન અવતાર છે ! આની કાન્તિ ક્યાં હોય ! આ રીત નવી જ છે. અલૌકિક ધૈર્ય ! કેવો પ્રભાવ છે ! અને કેવી આકૃતિ ! અહો સૃષ્ટિ જ અપૂર્વ છે>

૫૦ અત્યંત દુઃખથી ભાન વગરનાં થઇ જવું તે.

૫૧ લજ્જા વગેરેને લીધે હર્ષ વગેરે ભાવો બીજી કાંઇક ચેષ્ટા કરીને સંતાડવા તે.

૫૨ <સર્પ અથવા હાર, ફૂલની પથારી અથવા પથ્થર, મણિ અથવા

તૃણે કે સ્ત્રીવર્ગે, સમદરશીના મુંજ દિવસો,
કહીં પુણ્યારણ્યે, શિવ શિવ લવંતાં વહીં જતા. ૪૪

(સૂ. ૪૮) દેવ વગેરે જેનો વિષય છે એવી રતિ[૫૩] તથા વ્યંજિત[૫૪] થયેલો વ્યભિચારી (૩૫) ભાવ કહેવાય છે.

વગેરે શબ્દથી મુનિ, ગુરુ, નૃપ, પુત્ર, વગેરે વિષયોવાળી સમજવી. કાન્તાવિષયવાળી રતિ વ્યક્ત થઇ હોય ત્યારે શૃંગાર કહેવાય છે.

[૫૫]જાગ્યું કંઠમહીં કાલકૂટ તે
ઇશ ! લાગતું મને મહામૃત;
આપના વપુર્થી ભિન્ન જો મળે
અમૃતે નહિ મને જરા રુચે. ૪૫

[૫૬]હરે અઘો સાંપ્રત, ભાવિમાં કરે
શુભો, થતું સચ્ચરિતોર્થી ભૂતનાં;
શરીરિને દર્શન આપનું ખરે
ત્રિકાળમાં સૂચવતું જ યોગ્યતા. ૪૬

આ પ્રમાણે બીજા વિષયો પણ ઉદાહરણથી સમજી લેવા. વ્યંજિત થયેલો વ્યભિચારી જેમકે—

---

ઢેફું, બળવાન શત્રુ અથવા મિત્ર, ઘાસ અથવા સ્ત્રી એમાં સરખી દૃષ્ટિ રાખતાં શિવ શિવ એમ જપતાં ગમે ત્યાં પુણ્યારણ્યે મારા દિવસો ચાલ્યા જાય>

૫૩–૫૪ રતિ શબ્દથી બીજા સ્થાયી ભાવો પણ સમજવા. વ્યંજિત એટલે વિભાવ વગેરેથી નિષ્પન્ન થયેલો. અર્થાત્ રસની અવસ્થા સુધી નહિ ગયેલો કોઇ પણ સ્થાયી કે વ્યભિચારી ભાવ કાવ્યમાં ભાવ કહેવાય છે.

૫૫ <હે ઇશ ! તારા ગળાના એક ખૂણામાં રહેલું કાલકૂટ મારે મન મહામૃત છે. આપનાથી જૂદું શરીર અમૃત હોય તોપણ તે મને ગમે નહિ.>

૫૬ <પૂર્વનાં શુભકર્મથી પ્રાપ્ત થતું, વર્તમાનમાં થતા પાપનું હરણ કરતું અને ભવિષ્યનાં કલ્યાણના હેતુરૂપ આપતું દર્શન દેહધારીઓને ત્રિકાલ યોગ્યતા સૂચવે છે.>

[૫૭]જાણું, રીસથી ફેરવી મુખ પ્રિયા, વારી મને હાથથી
સ્પર્શો માં કરી રોતી ચાલતી થતી સ્વપ્ને દીઠી આજ મેં;
જ્યાં સાંઇ દઈ ચાટુ વાક્ય કહીને જાઉં મનાવા પ્રિયા
નિદ્રા લૂંટી કયી ગરીબ વિધિએ લુચ્ચે મને ત્યાં સખે! ૪૭

અહીં વિધિ તરફ ઈર્ષ્યા છે.

(સૂ. ૪૯) અનુચિતરીતે પ્રવૃત્ત થતાં તેના આભાસો કહેવાય છે.

તેના આભાસો એટલે રસાભાસો અને ભાવાભાસો. તેમાં રસાભાસ જેમકે

[૫૮]સ્તવું વામાક્ષી! કો, ક્ષણ ન ગમતું જે વિણ તને?
તજ્યા કેણે પ્રાણો રણમખમહીં શોધતી તું જે?
ગ્રહો કેના એવા, શશિમુખિ! તું આલિંગન કરે?
તપસ્વી કો એવો, મદનનગરી! ધ્યાન તું ધરે? ૪૮.

અહીંઆં 'સ્તવું' ઈત્યાદિ સાથે સંબંધમાં આવેલું તેણીની અનેક ક્રિયાઓનું કથન તેણીના અનેક કામુક વિશેના અભિલાષને વ્યંજિત કરે છે. ભાવાભાસ જેમકે—

---

૫૭<આજે સ્વપ્નમાં કોપથી આડું જોઈ ઉભા રહેતી પ્રિયતમા મેં જોઈ; 'મને અડશો મા' એમ હાથવડે (સૂચવતી) રડતી રડતી આગળ ચાલવા માંડી. તેને આલિંગીને અનેક ચાટુ વચનો વડે પ્રિયાને આશ્વાસન આપું એટલામાં તો હે ભાઈ હું જાણું છું કે શઠ વિધિએ મારૂં નિદ્રારૂપી ધન લૂંટી લીધું.>

૫૮<હે સુંદર આંખવાળી, જેના વિના એક ક્ષણ પણ તું વિનોદ પામતી નથી એવા કોની અમે સ્તુતિ કરીએ? એવા કયા માણસે રણયજ્ઞમાં પોતાના પ્રાણ હોમ્યા છે કે જેને તું શોધે છે? સારા (ગ્રહ) લગ્નમાં એવો કોણ જન્મ્યો છે કે જેને હે શશિમુખી, તું બલથી આલિંગે છે? હે મદનનગરિ! આ કોની તપઃથી છે કે જેનું તું ચિંતન કરે છે?>

[૫૯]પૂર્ણેન્દુ શું મુખ, સુચંચલ દીર્ઘ નેનો,
આછી જુવાનીની વિલાસ લહેર અંગે.
તો શું કરૂં, કરૂઁ શી પેર હું મૈત્રી, તેના
સ્વીકાર માટ તદબીર હવાં રચું શી. ૪૯.

આમાં અનુચિત રીતે ચિન્તા પ્રવૃત્ત થએલી છે. આ પ્રમાણે બીજા પણ ઉદાહરણોથી સમજી લેવા.

(સૂ. ૫૦) ભાવની શાન્તિ, ઉદય, સન્ધિ, અને શબલતા તે પ્રમાણે [ એટલે ભાવશાન્તિ, ભાવોદય, ભાવસન્ધિ, ભાવશબલતા કહેવાય છે. ] ૩૬.

ક્રમપૂર્વક ઉદાહરણ

[૬૦]પેલીનો ઘન લેપ ઉરપરથી લાગ્યો તને ભેટતાં
તેનું ચિન્હ છુપાવવા ચરણમાં આ શું પ્રણામો કરે ?
કહેતાં એમ, હું 'એ બતાવ' કહીને તે લાગલું લૂછવા
ભેટ્યો વેગથી, ત્યાંજ તે સુખમહીં તન્વી ગઈ વીસરી. ૫૦

આમાં કોપ (ની શાન્તિ છે.)

[૬૧]ભેળી સેજ વિશે પિયૂ ઉચરતાં નામે સપત્ની તણું
મુગ્ધાએ લઇ રીસ સદ્ય ઝુરતાં, આવેશથી કોપના

---

૫૯<પૂનમના ચંદ્રજેવા મુખવાળી, ચંચલ અને દીર્ઘનયનવાળી, સ્મિત કરતા યૌવન વડે તરંગિત વિલાસો જેના અંગમાં છે એવી એ છે. તો હું શું કરૂં ? તેની દોસ્તી કેમ થાય ? તે મારો સ્વીકાર કરે એમ થવાનો સો ઉપાય ?> આ સીતા સંબંધી રાવણની ઉક્તિ છે.

૬૦< પેલીના ઘાડા વિલેપનવાળા સ્તનને આલિંગન કર્યાથી અંકિત થયેલી તારી છાતી પગે પડવાને બહાને કાં છુપાવે ? એમ કહેતાં 'એ ક્યાં' છે એમ કહી અને તે એકદમ ભૂંસી નાખવા મેં ઉતાવળથી આલિંગન કર્યું તેના સુખમાં લીન થઇ જઇને તન્વી તે બાબત ભૂલી ગઈ.>

૬૧< એક શયનમાં શોક્યનું નામ લેતાં એકદમ રીસાવાથી ગ્લાનિ પામેલી મુગ્ધાએ ચાટૂક્તિ કરવા છતાં પણ પ્રિયતમનો આવેગથી તિરસ્કાર કર્યો તેજ ક્ષણે તે શાન્ત થઈ ગયો. અને તેણે 'ઊંઘ્યા તો નહિ હોય એમ ધારી ડોક ખૂબ વાંકી કરીને તેના તરફ ફરીને જોયું.>

તછોડ્યો પ્રિય બોલતો પ્રિયપતિ, તે તુર્ત મૂંગો થતાં,
'ઊંઘ્યા તો નથી' એમ, ખૂબ મરડી ગ્રીવા નિહાળ્યો ફરી. ૫૧

આમાં ઔત્સુક્ય(નો ઉદય છે.)

[62]આવ્યો એ તપ ને પરાક્રમ નિધિ ગર્વે ભર્યો, તેહના
વીરોત્સાહ તણો હુલાસ વળી સત્સંગે ય આકર્ષતો;
શીતસ્નિગ્ધ, મયંક ચંદન સમું, સીતાનું આલિંગન,
મોહે ચેતનને હરી ફરી ફરી રોકે બીજી પાસથી. ૫૨

આમાં આવેગ અને હર્ષ(ની સન્ધિ છે.)

[63]ક્યાં આ આવું અકાર્ય ચન્દ્રકુલ ક્યાં, દેખાય એ ક્યાં ફરી,
મારૂં છે શ્રુત દોષશાન્તિ કરવા, કોપેય કાન્તિ મુખે!
કહેશે શું ગતપાપ પુણ્યજન, કે સ્વપ્ને ય એ દુર્લભ,
ધીરૂં થા મન, કોણ એ અધરને પીશે સુભાગી યુવા! ૫૩

અહીંઆં વિતર્ક, ઔત્સુક્ય, મતિ, સ્મરણ, શંકા, દૈન્ય, ધૃતિ અને ચિન્તાની શબલતા છે.

ભાવસ્થિતિ આગળ કહી ગયા છીએ અને તેનું ઉદાહરણ પણ આપ્યું છે.[64]

---

૬૨ < તપ અને પરાક્રમના નિધિ, અભિમાનીના અહીં આવવાથી એક બાજુએ સત્સંગની મીઠાશ અને વીરરસનો અતિશય ઉત્સાહ મને ખેંચે છે. અને બીજી બાજુ ચૈતન્યને મીચાવી દેતું, હરિચંદન અને ચન્દ્રના જેવું શીતલ અને સ્નિગ્ધ આનંદદાયી વૈદેહીનું આલિંગન રોકે છે. > મહાવીર ચરિતમાં અંતઃપુરમાં રામ સીતા સાથે હતા તે સમયે પરશુરામને આવતા જોઈ તેમને મળવા જવા તૈયાર થતાં સીતા રામને અટકાવે છે તે સમયની આ ઉક્તિ છે.

૬૩ < ક્યાં અનુચિત કાર્ય અને ક્યાં ચંદ્રવંશ! એ ફરીથી દેખાય! અમારૂં જ્ઞાન એ દોષોની શાન્તિ માટે છે. અહો કોપમાં પણ તેનું મુખ સુંદર લાગે છે. પુણ્યશાળી ધીર પુરુષો શું કહેશે? સ્વપ્નમાં પણ એ દુર્લભ છે. રે ચિત્ત શાન્તિ પામ. એવો કોણ ધન્ય યુવા હશે કે જે એના અધરનું પાન કરશે! >

૬૪ જુઓ સૂત્ર ૪૮, ઉદાહરણ ૪૭ મું.

**(સૂ. ૫૧) રસ મુખ્ય હોવા છતાં પણ તે કોઇવાર અંગીપણું પામે છે.**

તે એટલે ભાવસ્થિતિ ભાવશાન્તિ વગેરે. અંગીપણું, પરણતા નોકર-ને જેમ રાજા અનુસરે છે તેમ તેનું અંગીપણું એટલે પ્રાધાન્ય છે.

**(સૂ. ૫૨) [૬૫] રણકારની જેમ જેનો ક્રમ સંલક્ષ્ય છે એવો જેનામાં વ્યંગ્ય છે (૩૭) તે, શબ્દ અર્થ અને ઉભયની શક્તિમાંથી ઉત્પન્ન થતો ત્રણ પ્રકારનો ધ્વનિ કહેવાય છે.**

શબ્દશક્તિ જેનું મૂળ છે એવો રણકાર રૂપી વ્યંગ્ય, અર્થશકિત જેનું મૂળ છે એવો રણકાર રૂપી વ્યંગ્ય, ઉભયશકિત જેનું મૂળ છે એવો રણકાર રૂપી વ્યંગ્ય. એ પ્રમાણે ત્રણ પ્રકારનો. તેમાં

**(સૂ. ૫૩) જેમાં શબ્દ વડે અલંકાર અથવા વસ્તુ જ પ્રકાશે છે (૩૮) તે મુખ્યપણે શબ્દશક્તિમાંથી ઉત્પન્ન થયેલો બે પ્રકારનો જાણવો.**

'વસ્તુ જ' એટલે અલંકારથી ભિન્ન માત્ર વસ્તુ. પહેલો જેમકે—

> [૬૬]**उल्लास्य कालकरवालमहाम्बुवाहं**
> **देवेन येन जरठोर्जितगर्जितेन ।**
> **निर्वापितः सकल एव रणे रिपूणाम्**
> **धाराजलैस्त्रिजगति ज्वलितः प्रतापः ॥ ५४ ॥**

---

૬૫ અહીંથી લક્ષ્યવ્યંગ્યક્રમ ધ્વનિ કાવ્યની ચર્ચા શરૂ કરે છે.

૬૬ આ શ્લોકમાં રાજાની સ્તુતિ છે. એ અર્થ બંધ બેઠા પછી શબ્દશક્તિથી ઇન્દ્રનું વર્ણન વ્યક્ત થાય છે. એ બેનો અસંબદ્ધત્વનો દોષ ટાળવા બન્ને વચ્ચે ઉપમેય-ઉપમાન ભાવ કલ્પવો જોઇએ. માટે અહીંઆં ઉપમા અલંકાર વ્યંગ્ય છે. રાજાના સંબંધમાં નીચે પ્રમાણે અર્થ થાય છે. < જે દેવે કઠોર અને બળવાન ગર્જના કરીને, (काल =) કાળી (करवाल =) તરવારના મહાન (अम्बु =) પાણીના પ્રવાહને ઉછાળીને, (धाराजलैः =) ધારનાં પાણી વડે શત્રુઓનો ત્રણ જગતમાં જળહળતો સઘળોય પ્રતાપ રણમાં ઓલવી નાખ્યો > આ શ્લોકમાં પાણી અને ધાર શબ્દો 'ચપ્પુની પાણીદાર ધાર' કહીયે છીએ એ અર્થમાં છે. ઇન્દ્રનો અર્થ

અહીંઆં વાક્ય અસંબદ્ધ અર્થ કહે છે એવો કોઈ દોષ ન લાવે એટલા માટે પ્રસ્તુત અને અપ્રસ્તુતનો ઉપમાન–ઉપમેય ભાવ કલ્પવો જોઈએ, એટલે ઉપમા અલંકાર વ્યંગ્ય થાય છે.

६७तिग्मरुचिरप्रतापो विधुरनिशाकृद्विभो मधुरलीलः ।
मतिमानतत्त्ववृत्तिः प्रतिपदपक्षाग्रणीर्विभाति भवान् ॥५८॥

આમાં એક એક પદને બે પદરૂપે લેતાં વિરોધાભાસ થાય છે.

६८अमितः समितः प्राप्तैरुत्कर्षैर्हर्षद प्रभो ।
अहितः सहितः साधुयशोभिरसतामसि ॥५९॥

---

< જે ઇન્દ્રે કઠોર અને બળવાન ગર્જના કરીને (कालकर =) કાળાં કિરણોવાળું (वाल = बाल =) નવીન મહાન (अम्बुवाहं=) મેઘને પ્રકાશીને (धाराजलैः =) પાણીની ધાર વડે [પાણીના] શત્રુઓનો ત્રણ જગતમાં બળતો તાપ (रणे =) [અંગાર ઉપર પાણી પડતાં થાય તેવો] છમ છમ અવાજ થાય એવી રીતે બોલવી નાખ્યો. >

૬૭< હે विभो! આપ કે જેનો तिग्म–(=તીક્ષ્ણ) અને रुचिर–(=મનોહર) प्रताप છે, જે विधुर–(=શત્રુ) ના निशाकृत् (=રાત્રિ કરનાર, નાશ કરનાર) છો, मधुरलीलः (=મધુર લીલાવાળા) છો, मति–(=બુદ્ધિ) અને मान–(=પ્રમાણ) વડે तत्त्वમાં–वृत्त રાખનારા છો, प्रतिपद–(=દરેક સ્થાને) (પોતાના) पक्षના अग्रणी છો, તે શોભો છો. > આ શ્લોકમાં જે જે પદો લઇ અર્થ કરવામાં આવ્યો છે તે એક એક પદનાં બબ્બે ખંડપદો લઇ અર્થ કરતાં વિરોધાભાસ થાય છે. જેમકે < तिग्मरुचिः (=તીક્ષ્ણ કિરણવાળો અર્થાત્ સૂર્ય) अप्रतापः (પ્રતાપ વિનાનો) विधुः (=ચન્દ્ર) अनिशाकृत् (=રાત્રિ નહિ કરનારો) છે, विभः (=भा એટલે કાન્તિ વિનાના) આપ દીપો છો, मधुः (=વસન્ત) अलीलः (=લીલા વિનાનો) છે, मतिमान् (=બુદ્ધિશાળી) अतत्त्ववृत्तिः (=તત્ત્વવિનાની વાતમાં વૃત્તિ રાખનાર) છે, प्रतिपद् (=પડવો) अपक्षाग्रणीः (=પખવાડીઆની પહેલાં ન આવનાર) છે. >

૬૮< હે હર્ષદ પ્રભુ! સમિત્‌માંથી (રણસંગ્રામમાંથી) મળેલા ઉત્કર્ષ વડે અમિત છો, દુષ્ટોના અહિત છો, સારા યશથી સહિત છો. > આ શ્લોકમાં हर्षद એટલે હર્ષ આપવાવાળો અને હર્ષ છેદવાવાળો, समितः (માપવાળો) अमितः (માપ વિનાનો) अहितः (હિત વિનાનો) અને सहितः (હિતવાળો) એ પ્રમાણે શબ્દોનો વિરોધાભાસ છે.

અહીંઆં પણ વિરોધાભાસ છે.

[૬૯]ના ઉપાદાન સામગ્રી, ભીંત ના તોય ચીતરે
જગચ્ચિત્ર, નમું તેહ કલાશ્લાઘ્ય પિનાકને. ૫૭

આમાં વ્યતિરેક.[૭૦]

બ્રાહ્મણશ્રમણ ન્યાય[૭૧]થી અલંકાર્ય પણ અહીં અલંકાર બને છે.

માત્ર વસ્તુ ( વ્યંગ્યથી સૂચિત કરાય છે. ) જેમકે

[૭૨]પંથી નથી પાથરણું કહીં ય આ પથ્થરાલ ગામ મહીં;
ઉન્નત પેખી પયોધર, જો વાસો રૂહે ભલે રૂહે તો. ૫૮

---

૬૯<ઉપકરણની સામગ્રી વિના, ભીંત વિના જગચ્ચિત્રને વિસ્તારતા કલાશ્લાઘ્ય શૂલિને નમસ્કાર.>

૭૦ ઉપમાન કરતાં ઉપમેયનું આધિક્ય તે વ્યતિરેક અલંકાર કહેવાય છે. જુઓ. સૂ. ૧૬૯. અહીં રંગ વગેરે સામગ્રીથી ભીંત ઉપર ચિત્ર ચીતરનાર ઉપમાનભૂત ચિત્રકારથી ઉપમેય શંકરનું આધિક્ય બતાવ્યું છે.

૭૧. ઉપરનાં બધાં દૃષ્ટાન્તો ધ્વનિ કાવ્યનાં છે. અર્થાત્ આ કાવ્યોમાં વાચ્ય કરતાં વ્યંગ્ય વધારે ચમત્કારી છે. એટલે કે અહીં વ્યંગ્ય પ્રધાન છે. હવે કાવ્યમાં જે પ્રધાન હોય તે જ અલંકાર્ય હોઇ શકે. અલંકાર તો અપ્રધાન હોયઃ છતાં અહીં વ્યંગ્યાર્થ પ્રધાન હોવાથી અલંકાર્ય છે તેને અલંકાર કેમ કહ્યો? એવી શંકાનું અહીં સમાધાન કર્યું છે. અહીં વાચ્ય પ્રસ્તુત છે અને વ્યંગ્ય અપ્રસ્તુત છે ( જુઓ ઉદાહરણ ૫૪ ઉપરની વૃત્તિ ) હવે જ્યારે આવી રીતે વાચ્યમાં કોઈ અપ્રસ્તુત ભાગ આવે ત્યારે તે અલંકાર હોય છે અને કાવ્યપ્રકાશમાં પણ અલંકાર પોતાના લક્ષણ પ્રમાણે વાચ્ય જ હોઇ શકે છે એ રીતે અહીં વ્યંગ્યને પણ બ્રાહ્મણ શ્રમણ ન્યાયથી અલંકાર કહ્યો છે. બ્રાહ્મણ શિખા સૂત્રનો ત્યાગ કરી શ્રમણ થાય ત્યારે તે વાસ્તવિક રીતે બ્રાહ્મણ રહેતો નથી છતાં તેનો પૂર્વ સંબંધ સ્મરણમાં રાખી જેમ તેને બ્રાહ્મણ કહે છે તેની રીતે જેમ અપ્રસ્તુત હકીકત વાચ્યમાં આવતાં અપ્રધાન હોઈ અલંકાર કહેવાય તેમ તેની જ હકીકત વ્યંગ્યમાં આવતાં પ્રધાન છતાં અલંકાર કહી છે.

૭૨ <હે પથિક! આ પત્થરવાળા ગામમાં પથારી જરાએ નહિ મળે. ઉન્નત પયોધરને જોઇને જો રહેવું હોય તો રહે.>

જો ઉપભોગ યોગ્ય હો તો રહે એવું અહીંઆં સૂચવેલું છે.

[૭૩]शनिरशनिश्च तमुच्चैर्निहन्ति कुप्यसि नरेन्द्र यस्मै त्वम् ।
यत्र प्रसीदसि पुनः स भात्युदारोऽनुदारश्च ॥ ८९ ॥

અહીંઆં વિરુદ્ધ એવી વસ્તુઓ તને અનુકૂળ થવાને માટે એક જ કાર્ય કરે છે એવી વસ્તુનો ધ્વનિ છે.

(સુ. ૫૪) જેથી, અર્થશક્તિમાંથી ઉત્પન્ન થાય તે અર્થ, સ્વતઃસંભવી અર્થાત્ પોતાની મેળે વ્યંજક છે, (૩૯) અથવા કવિની પ્રૌઢોક્તિથી વ્યંજક છે, અથવા કવિએ નિર્માણ કરેલા નાયક વગેરેની પ્રૌઢોક્તિથી વ્યંજક છે, તે વસ્તુ રૂપ હોય અથવા અલંકાર રૂપ હોય તેવો છ પ્રકારનો પોતે પણ (૪૦) વસ્તુ અથવા અલંકાર સૂચવે છે તેથી બાર પ્રકારનો છે.

સ્વતઃસંભવી એટલે કેવળ બોલવાથી જ સિદ્ધ થતો એટલું નહિ પણ લોકમાં પણ જેની યોગ્યતાનો સંભવ છે એવો. બીજો, બહાર લોકમાં ન હોવા છતાં પણ કવિની પ્રતિભાથી જ નિર્માણ પામેલો અથવા કવિએ રચેલા વક્તાથી નિર્માએલો એવો બે પ્રકારનો. એ રાતે ત્રણ પ્રકારનો. આ (પોતે) વસ્તુ હોય અથવા અલંકાર હોય એ રીતે છ પ્રકારનો વ્યંજક છે. તેનું વ્યંગ્ય વસ્તુ હોય અથવા અલંકાર હોય એ રીતે અર્થશક્તિમાંથી ઉત્પન્ન થયેલો ધ્વનિ બાર પ્રકારનો છે.

---

૭૩ <હે નરેન્દ્ર! જેના પર તું ગુસ્સે થાય છે તેને શનિ અને અશનિ એટલે વજ્ર અતિશય હણે છે. જેના પર પ્રસન્ન થાય છે તે ઉદાર અને અનુદાર (જેની પછવાડે દારા–સ્ત્રી ચાલે છે તેવો) થાય છે.> આ શબ્દશક્તિમૂલક વસ્તુધ્વનિકાવ્યનું ઉદાહરણ છે. આ શ્લોકમાં પૂર્વાર્ધ પૂરતું જ એ સમજવું. એટલે કે શનિ અને અશનિ બન્ને તને અનુકૂળ જ કાર્ય કરે છે, એવું વસ્તુ સૂચિત થાય છે. ઉત્તરાર્ધમાં તો વિરોધાભાસ અલંકાર વ્યંગ્ય છે જેનું ઉદાહરણ અહીં પ્રસ્તુત નથી.

[૭૪]ધૂર્તોનો મ્હોવડીઓ, આળસુનો પીર, બેટી! શ્રીમંત;
એવું વદતાં લોચન નમણી કેરાં પ્રફુલ્લ થયાં. ૬૦

અહી વસ્તુ વડે, મારેજ ઉપભોગ્ય છે એ પ્રમાણે વસ્તુ સૂચવાય છે.

[૭૫]વિશ્રબ્ધ ચાટુ વચનો પ્રિય સંગમાં તું
બોલી શકે સુરતમાં! સખી! કેવી ધન્ય!
નીવી ભણી કર જરા સરતાં પિયૂનો
જો શુદ્ધિ રહે કશીય તો સમ છે સખીના. ૬૧

અહીં તું અધન્ય છે અને હું ધન્ય છું એવો વ્યતિરેકાલંકાર છે.

[૭૬]ઉન્મત્ત ગન્ધગજકુંભ કપાટકૂટે
જામી ગયેલ ઘન રક્તની કાન્તિવાળો
દીઠો રણે કરસું, કોપથી લાલચોળ
કાલીકટાક્ષ સમ, વીરજને જગૈયો. ૬૨

અહીંઆં ઉપમા અલંકારથી, શત્રુના સમગ્ર સૈન્યનો ક્ષણમાં નાશ થશે એવી વસ્તુ સૂચવાય છે.

---

૭૪<'હે પુત્રી (આ) આળસુઓનો શિરોમણી, ધૂર્તોનો નાયક, ધન સમૃદ્ધિવાળો છે.' એ પ્રમાણે કહેતાં નતાંગીનાં નયનો વિકસી ગયાં.> આ સ્વતઃસંભવી ધ્વનિમાં વસ્તુથી વસ્તુ વ્યંજિત થયાનું ઉદાહરણ છે. [૧]

૭૫<સુરત ક્રીડા દરમીઆન, પ્રિયસંગમમાં પણ વિશ્વસ્ત ચાટુ વચનો તું બોલી શકે છે તે તને ધન્ય છે. નીવી તરફ પ્રિયતમે હાથ નાંખતાં મને જો કાંઈ સાંભરતું હોય તો સખીના જ સમ છે.> સ્વતઃસંભવી, વસ્તુથી અલંકાર. [૨]

૭૬<મદાંધ ગંધગજના, કમાડના આગળીઆ જેવા કુંભ ઉપર પડવાથી રુઢ સંબદ્ધ થયેલા ઘાડા લોહીથી જેનો પ્રકાશ રાતો છે એવો અને કોપથી લાલ કાન્તિવાળા કાલીના કટાક્ષ જેવો કૃપાણ જેના હાથમાં વીરોએ રણમાં જોયો.> સ્વતઃસંભવી, અલંકારથી વસ્તુ. [૩]

[77]યુદ્ધમાં અધર દંશતાં નિજ
કાન્તદન્તવ્રણુ કેરી પીડના
સંકટેથી કીધ મુક્ત શત્રુની
નારનાં અધર–ઓષ્ઠ પલ્લવો. ૬૩

આમાં વિરોધાલંકારથી હોઠના કરડવા સાથે જ શત્રુઓ હણાયા એ પ્રમાણે તુલ્યયોગિતા.[78] મારી ક્ષતિથી અન્યની ક્ષતિ દૂર થાઓ એવી તેની બુદ્ધિ સૂચવાય છે માટે ઉત્પ્રેક્ષા. આ દાખલાઓમાં વ્યંજક સ્વતઃસંભવી છે.

[79]વેણુ કેરા સરસ સ્વરથી, મુખ્ય કૈલાસશૃંગે
ગાતાં કીર્ત્તિ, અમરરમણી, જેહની સાંભળીને,
ત્રાંસું જોતા, કુણી કમલિની–દાંડલીના ભ્રમેથી
દિઙ્માતંગો, શ્રવણુતટમાં, સૂંઢને ફેરવે છે. ૬૪

અહીંઆ વસ્તુવડે, જેમને અર્થનું જ્ઞાન થતું નથી તેમને પણ આવી બુદ્ધિ ઉત્પન્ન કરવાથી તારી કીર્તિ ચમત્કાર કરે છે એવી વસ્તુ સૂચવાય છે.

---

૭૭ <યુદ્ધમાં રોષથી પોતાનો હોઠ કરડતાં જેણે શત્રુઓની સ્ત્રીઓના હોઠરૂપી પરવાળાની પાંદડીઓને કાન્તના ગાઢ દંતક્ષતની વ્યથારૂપી સંકટથી છોડાવી.> અહીં સ્વતઃસંભવીમાં વિરોધાલંકારથી તુલ્યયોગિતા અને ઉત્પ્રેક્ષા અલંકારો વ્યંજિત થાય છે. [૪]

૭૮. માત્ર પ્રસ્તુતોના અથવા માત્ર અપ્રસ્તુતોના સાધારણ ધર્મનું એકવાર કથન કર્યું હોય તે તુલ્યયોગિતા. અહીં પોતાનો હોઠ કરડવો અને શત્રુઓ નાશ પામવા એ બન્ને એક સાથે બનવારૂપ ધર્મનો ધ્વનિ છે માટે તુલ્યયોગિતા. (જુઓ સૂત્ર ૧૫૮)

૭૯<કૈલાસના પ્રથમ શિખર ઉપર વેણુની સંમૂર્છના વડે અપ્સરાઓથી ગવાતી, જેની કીર્તિ સાંભળીને સરસ મૃણાલીના દાંડાની શંકા થવાથી દિગ્ગજો આંખના ખૂણા ફેરવીને શ્રવણુતટ ઉપર પોતાની સૂંઢ ફેરવે છે.> કવિ પ્રૌઢોક્તિથી વસ્તુથી વસ્તુ વ્યંજિત થાય છે. [૫]

[80]સમર મહિં બલાત્કારે કેશથી તેણે જયશ્રી પકડી જ્યાં,
ત્યાં તેના રિપુઓને વળગી જઇ ગાઢ કન્દરા કંઠે. ૬૫

આમાં કેશગ્રહણ જોઇને કંદરા જાણે કામાસક્ત થઇ હોય તેમ તેના શત્રુઓને ગળે વળગી પડે છે એવી ઉત્પ્રેક્ષા છે. એક જ જગ્યાએ સંગ્રામમાં તેનો વિજય જોઈને તેના શત્રુઓ નાસીને ગુફામાં બેઠા છે એ કાવ્યહેતુ અલંકાર છે. તેના શત્રુઓ નાશી ગયા નથી પણ તેના તરફથી પરાભવની બીકથી ગુફાઓ જ તેમને છોડતી નથી એવી રીતે અપહ્નુતિ અલંકાર છે.[81]

[82]હોંસથી ગાઢાલિંગન કરવા જાતાં પિયૂજી માનુનીનું
માન સરે છે દડબડ પીલાવાની બ્હીકે શું હૃદયેથી. ૬૬

અહીં ઉત્પ્રેક્ષા વડે, તેમાં પ્રત્યાલિંગન વગેરે જામે છે એમ વસ્તુ (સૂચવાય છે)

[83]બુદ્ધાને હસતી શું, કવિના વદનાંબુજે જઈ બેઠી,
ભુવન બીજું શું બતાવે વાગ્દેવી તેહ જય પામે. ૬૭

---

[80] <ચોટલો ઝાલીને તેણે સમરમાં જયશ્રીને બળાત્કારથી એવી પકડી કે તેના શત્રુઓ ગુફાઓ વડે પોતાના કાંઠે જ સજ્જડ બેસાડાયા.> કવિપ્રૌઢોક્તિથી વસ્તુ વડે અલંકાર વ્યંજિત થાય છે. [૬]

૮૧. કાવ્યહેતુને કાવ્યલિંગ પણ કહે છે. હેતુનું વાક્યથી કે પદથી કથન કર્યું હોય તે કાવ્યલિંગ. કાવ્યની ચમત્કૃતિવાળું હેતુપૂર્વક અનુમાન કર્યું હોય તે કાવ્યલિંગ. અહીં વિજય દર્શન એ નાસી જવાનો હેતુ છે માટે કાવ્યલિંગાલંકાર. ઉપમેયને અસત્ય કરીને ઉપમાનને સત્યરૂપે સ્થાપવું તે અપહ્નુતિ (સૂ. ૧૭૪. ૧૪૬)

[82] <વ્હાલો ગાઢાલિંગન કરવાને હોંસથી આવતાં મનસ્વિનીના હૃદયમાંથી માન, પીલાવાની બીકથી જાણે એકદમ સટકી ગયું.> કવિપ્રૌઢોક્તિથી અલંકારથી વસ્તુ વ્યંજિત થાય છે. [૭]

[83] <કવિના વદનકમલ ઉપર બેઠેલી, બુદ્ધાને હસતી જાણે બીજું ભુવનમંડલ બતાવે છે તે વાણી જય પામો.> કવિ પ્રૌઢોક્તિથી અલંકારથી અલંકાર વ્યંજિત થાય છે. [૮]

અહીંઆં ઉત્પ્રેક્ષાથી, અજડાસન ઉપર બેઠેલી, ચમત્કારનું અનન્ય કારણ નવું નવું જગત્ નિર્માણ કરે છે. એ રીતે વ્યતિરેક અલંકાર[૮૪] છે. ઉપરના બધા દાખલાઓમાં કવિની પ્રૌઢોક્તિથી વ્યંજક નિષ્પન્ન થયેલ છે.

[૮૫]જે લંકાગિરિને તટે ખળી રહ્યા, થાકે લૂખી સર્પિણી
ન્હોળી ફેણની હાર ફૂલવી ગળી જાતાં થતા દૂબળા,
તે હાવાં મલયાનિલો વિરહિણી નિશ્વાસના સ્પર્શથી
છોટા છે પણ પૂર્ણ જોબનથી શું માતા થયા દીસતા. ૬૮

અહીંઆં, વસ્તુ વડે નિશ્વાસ વડે ઐશ્વર્ય પામેલા વાયુઓ શું શું નથી કરતા એ રીતે વસ્તુ સૂચવાય છે.

[૮૬]મુજ હઠને આશ્વાસન, આપ્યું જે ધીરજે સખિ! તેહ
પિયુદર્શન કૌતુકના કાલે 'સાહસ' કરી ગયું જ સરી. ૬૯

અહીંઆં, પ્રાર્થના કર્યા વિના પણ પ્રસન્ન થઇ એમ વિભાવના, અથવા પ્રિયદર્શનનું સૌભાગ્યબલ ધૈર્યથી સહન ન થઇ શક્યું એવી ઉત્પ્રેક્ષા વસ્તુ વડે સૂચવાય છે.

---

[૮૪]બ્રહ્માને જડપદ્મનું આસન છે અને વાગ્દેવીને કવિના મુખરૂપી અજડ આસન છે તથા વાગ્દેવી નવીન જ ભુવન બતાવે છે માટે વ્યતિરેક.

[૮૫]<લંકાગિરિની મેખલા ઉપર સ્ખલન પામેલા, સંભોગથી ખિન્ન થઇ ગયેલી સર્પિણીઓની અત્યંત ફેલાયેલી ફેણો વડે ભક્ષાવાથી દરિદ્રતાને પામેલા, તે મલયાનિલો હવે વિરહીણીના નિશ્વાસના સંપર્કથી, શિશુ હોવા છતાં પણ, જાણે એકદમ તારુણ્યથી ભરાઇ જઇને ફાલી જાય છે.> કવિ નિર્મિત પાત્રની ઉક્તિથી વસ્તુથી વસ્તુ વ્યંજિત થાય છે. [૯]

[૮૬]<સખિ! જે ધૈર્યે મારા માનને આશ્વાસન આપ્યું હતું, તે પ્રિયદર્શનની વિહ્વલ ક્ષણે, "આતો સાહસ!" એમ કરી એકદમ સરકી ગયું.> કવિ નિર્મિત પાત્રની ઉક્તિ વડે વસ્તુથી ઉત્પ્રેક્ષા અથવા વિભાવના અલંકાર વ્યંજિત થાય છે. [૧૦] વિભાવના એટલે કારણનો પ્રતિષેધ કર્યા છતાં કાર્ય પ્રકટ કરવું તે. અહીં પ્રાર્થના વિના પ્રસન્નતા થઇ તે. (સૂત્ર ૧૬૨.)

[૮૭]લીલાં દશન નખ ક્ષત તારાંએ, રક્તઅંશુક નયનને
બક્ષ્યો, એ જ પ્રસાદી એ છે, નથી કોપ કૈં ચડિયો. ૭૦

અહીંઆં, તારાં નયન કેમ ગુસ્સે ભર્યાં છે એવા ઉત્તરાલંકાર[૮૮] વડે 'તું આર્દ્રનખક્ષતને છુપાવે છે' એટલું જ નહિ પણ 'હું તેની પ્રસાદપાત્ર થઇ ગઈ છુ' એવી વસ્તુ (સૂચવાય છે).

[૮૯]મહિલાની ભીડ ભર્યા તવ હૈયે માગ સુભગ! ના મળતાં,
તજી બીજું કામ દિનદિન તનુ તનડાને ય તનુ કરતી. ૭૧

અહીંઆં, હેતુ અલંકારથી દુબળાને વધારે દુબળું કરવા છતાં પણ એ તારા હૃદયમાં વસતી નથી એવી વિશેષોક્તિ[૯૦] (સૂચવાય છે). આ દાખલાઓમાં વ્યંજકનું શરીર કવિએ રચેલા વક્તાની પ્રૌઢોક્તિથી જ નિષ્પન્ન થાય છે.આ પ્રમાણે બાર ભેદો.

(સૂ. ૫૫) શબ્દ અને અર્થ બન્નેમાંથી નિષ્પન્ન થતો એક. જેમકે

---

૮૭ <હે પ્રિય! તારાં અત્યંત આર્દ્ર દંતક્ષતો અને નખક્ષતોએ મારા નયનને આપેલા રક્તાંશુકનો આ પ્રસાદ છે. એ કાંઇ ક્રોધે ભર્યાં નથી.> રક્તાંશુક શબ્દ ઉપર શ્લેષ છે. રક્ત અંશુ એટલે રાતાં કિરણો અને તેનાથી બનેલું રક્તાંશુક એટલે રાતો સાળુ એવો અહીં અર્થ છે. કવિ નિર્મિત પાત્રની ઉક્તિ વડે અહીં અલંકારથી વસ્તુ વ્યંજિત થાય છે. [૧૧]

૮૮ માત્ર ઉત્તર સાંભળવાથી જ જ્યાં પ્રશ્નનું અનુમાન થાય તે ઉત્તરાલંકાર. (સૂત્ર ૧૮૮).

૮૯ <હે સુભગ! હજારો મહિલાઓથી ભરેલા તારા હૃદયમાં એ ન સમાતી દરરોજ, બીજું કાંઇ કર્યા વિના, પોતાના દુબળા અંગને દુબળું કરે છે.> કવિ નિર્મિત પાત્રની પ્રૌઢોક્તિવડે અલંકારથી અલંકાર સૂચવાય છે. [૧૨]

૯૦. અખંડ કારણો હોવા છતાં કાર્ય ન થવાનું કહે તે વિશેષોક્તિ. (સૂત્ર ૧૬૩).

[৬१]अतन्द्रचन्द्राभरणा समुद्दीपितमन्मथा ।
तारकातरला श्यामा सानन्दं न करोति कम् ॥७३॥

અહીંઆં ઉપમા વ્યંગ્ય છે.

(સૂ. ૫૬) આ રીતે આના અઢાર ભેદ (થયા). ૪૧.
આના એટલે ધ્વનિના.

રસોના બહુ ભેદ હોવાથી અઢાર જ કેમ ? તો કહે છે કે

(સૂ. ૫૭) રસ વગેરે અનંત હોવાથી એક જ ભેદ ગણાય છે.
અનંત હોવાથી એટલે કે નવ રસો, તેમાં શૃંગારના બે ભેદ, સંભોગ અને વિપ્રલંભ. સંભોગના પણ પરસ્પર અવલોકન આલિંગન, પરિચુમ્બન વગેરે, પુલવીણવાં, જલકેલિ, સૂર્યાસ્ત, ચન્દ્રોદય, ષડ્ઋતુવર્ણન વગેરે બહુ ભેદો છે. વિપ્રલંભના અભિલાષ વગેરે કહી ગયા છીએ. તે બન્નેનું પણ વિભાવ અનુભાવ વ્યભિચારીથી વૈચિત્ર્ય થાય છે. તેમાં પણ નાયક નાયિકાની ઉત્તમ પ્રકૃતિ મધ્યમ પ્રકૃતિ અધમ પ્રકૃતિ. તેમાં પણ દેશ કાળ અવસ્થા વગેરેના ભેદો છે. એ રીતે એકજ રસ અનન્ત થાય છે. તો બીજાની ગણત્રી કેમ કરી શકાય ? પણ અસંલક્ષ્યક્રમત્વને સાધારણ ધર્મ તરીકે આશ્રય લઇને રસ વગેરેનો ધ્વનિભેદ એકજ ગણાય છે.

---

[৬१] <પ્રકાશમાન ચન્દ્રરૂપી આભરણવાળી, કામને ઉદ્દીપ્ત કરવાવાળી, થોડા તારાઓવાળી શ્યામા કોને આનંદ નથી પમાડતી.> તન્દ્રા વિનાની, ચન્દ્રના આભરણવાળી, કામને ઉદ્દીપ્ત કરવાવાળી આંખના તારા જેના ચપળ છે એવી શ્યામા (સ્ત્રી) કોને આનંદ કરતી નથી એવો આ શ્લોકનો બીજો અર્થ વ્યંજિત થાય છે. એવી રીતે જ્યોત્સ્નામયી રાત્રીને સ્ત્રી સાથે સરખાવી છે. અહીં શબ્દ અને અર્થ બન્નેની શક્તિ વડે વ્યંગ્ય થાય છે. ચન્દ્રનો અર્થ આકાશનો ચન્દ્ર અને સ્ત્રીનું માથાનું ચન્દ્રનામનું ઘરેણું તેમજ તારક એટલે આકાશના તારા અને આંખના તારા અને શ્યામા એટલે રાત્રી અને સ્ત્રી થાય છે તે શબ્દશક્તિથી થાય છે, અને શબ્દોને બદલાવ્યા હોય તો એ વ્યંજક શક્તિ ચાલી જાય છે. પણ समुद्दीपितमन्मथा રાત્રી અને સ્ત્રીને બન્નેને લાગુ પડે છે તે અર્થશક્તિથી. એ રીતે અહીં વ્યંગ્ય ઉભયશક્તિથી ઉત્પન્ન થાય છે.

**(સૂ. ૫૮) બન્નેમાંથી ઉત્પન્ન થતો વાક્યમાં હોય છે.**[૯૨]

બન્નેમાંથી ઉત્પન્ન થતો એટલે શબ્દ અને અર્થ બન્નેની શક્તિથી ઉત્પન્ન થતો.

**(સૂ. ૫૯) બીજાં, પદમાં પણ, હોય છે.**[૯૩]

'પણ' શબ્દથી વાક્યમાં પણ. એક અંગે પહેરેલા ભુષણ વડે કામિનીની જેમ, પદથી પ્રકાશતા વ્યંગ્ય વડે વાક્યથી સૂચવવા યોગ્ય ભારતી પ્રકાશે છે. તેમાં પદથી પ્રકાશ થતા ધ્વનિના ક્રમથી દાખલાઓ:

[૯૪] મિત્ર છે જેહના મિત્રો, શત્રુઓ શત્રુ છે વળી,
દયાપાત્ર દયાપાત્ર, તે જન્મ્યો, તે જ જીવતો. ૭૩ [૧]

અહીં બીજા મિત્ર વગેરે શબ્દો, વિશ્વસનીયપણું નિયન્ત્રણયોગ્યતા સ્નેહપાત્રપણું વગેરે અર્થમાં પરિણામ પામેલા છે.

[૯૫] ખલનાં ચરિતો દારુણ દેખાયે છે તથાપિ ધીરોનાં
હૃદયવયસ્યે સન્માનેલાં કર્મો ન મૂંઝાયે. ૭૪ [૨]

---

૯૨. ૯૩. ૫૬મા સૂત્ર સુધીમાં ધ્વનિ કાવ્યોના ૧૮ ભેદો કર્યા. હવે એજ ભેદોના વધારે ભેદો જૂદી દૃષ્ટિથી પાડે છે. કાવ્યમાં જે વ્યંગ્ય સૂચિત થાય છે તે બે રીતે થઈ શકે. ૧ વાક્યમાં ૨ પદમાં. એ દૃષ્ટિથી ૧૮ ભેદોના વિભાગો કરતાં કહે છે કે ઉભયશક્તિમૂલક ધ્વનિ તો માત્ર વાક્યમાં જ હોય છે એટલે એના આ દૃષ્ટિએ ભેદો થઇ શકશે નહિ. બાકીના ૧૭ પ્રકારો વાક્યમાં તો હોય છે પણ 'પદમાં પણ' હોય છે. એ ૧૭ ધ્વનિ ભેદોનાં દૃષ્ટાન્તો આગળ આવી ગયાં (૨૩ થી ૭૨) તે સઘળાંમાં વ્યંગ્ય વાક્યમાં સૂચિત થાય છે અને તેમના પદમાં સૂચિત થતા દાખલાઓ ૫૯ સૂત્ર નીચેની વૃત્તિમાં આપેલા છે. એ રીતે આ ૧૭ પ્રકારોના બબ્બે પ્રકારો થયા અને ઉભયશક્તિમૂલકના વિભાગો ન થયા એટલે આ દૃષ્ટિએ ધ્વનિ કાવ્યના કુલ ૩૫ પ્રકારો થયા. (જુઓ ૫૯ મા સૂત્ર નીચેની વૃત્તિનો છેલ્લો ભાગ).

૯૪ <જેના મિત્રો મિત્રો છે, શત્રુઓ શત્રુઓ છે, દયાપાત્રો દયાપાત્ર છે તે જ જન્મીને જીવે છે.>

૯૫<લુચ્ચાઓના વ્યવહારો દારુણ દેખાય છે છતાં પણ હૃદયરૂપી વયસ્યને બહુમત એવા ધીર પુરૂષોના વ્યવસાયો મૂંઝાતા નથી.>

અહીં મૂંઝાયે છે [એ શબ્દ વ્યંજક છે].

૯૬ એ લાવણ્ય અને કાન્તિ રૂપ એ વાક્યની છટા,
સુધા શાં લાગતાં ત્યારે સપ્ત જ્વર સમાં હવાં. ૭૫

અહીયાં 'એ' વગેરે પદોથી 'કેવળ અનુભવથીજ સમજાઇ શકે' એવો અર્થ પ્રકાશાય છે. અથવા તો જેમકે

૯૭ભોળી ! ભોળપણા મહીં જ સઘળો શું કાળ છે ગાળવો ?
માની થા, ધર ધૈર્ય ને સરલતા વ્હાલા વિશે દે તજી.
એવો બોધ સુણી સખીથી, વદને વ્હેબાકળી બોલી કે
"ધીમે બોલ કદાચ સાંભળી જશે પ્રાણેશ હૈયે રહ્યો." ૭૬ [૩]

અહીં 'વદને વ્હેબાકળી' એ શબ્દો. એ વડે 'ધીમે બોલ' એવા કથનની યોગ્યતા સમજાય છે.

પદ વડે ભાવ વગેરેનો પ્રકાશ થાય છે તેમાં વિશેષ ચમત્કાર નથી માટે તેનાં ઉદાહરણો આપ્યાં નથી.

૯૮રક્તની ધારથી મંડિત ખડ્ગથી સુંદર-કરાલ ભુજ તારો;
ભ્રુકુટિ-કમાન શી શોભે તેં ઝટ રચી જે લલાટ નૃપ ! ભીમ !
૭૭ [૪]

અહીં ભયંકર લાગતા નૃપનું ભીમસેન ઉપમાન (વ્યંગ્યથી જણાય છે)

---

૯૬<તે લાવણ્ય તે કાન્તિ તે રૂપ અને તે વાણીની છટા તે વખતે અમ્રત જેવાં લાગતાં હતાં પણ અત્યારે તો સખ્ત તાવ જેવાં લાગે છે.>

૯૭<હે મુગ્ધે ! શું મુગ્ધપણામાંજ આખો વખત ગાળવાનું ધાર્યું છે ? જરા માન ખા, ધૈર્ય રાખ, પ્રિયતમ સાથે ભોળી ન થા. એમ સખી વડે ઉપદેશ પામેલીએ બીનેલા મોઢે જવાબ આપ્યો 'ધીમે બોલ. ક્યાંક હૃદયમાં રહેલો પ્રાણેશ્વર સાંભળી જશે.>

૯૮<હે ભીમ નૃપ ! લોહીની ધારથી અલંકૃત થયેલી તરવારથી જેના હાથરૂપી ભોગળ વિકરાળ અને સુંદર લાગે છે એવો અને એકદમ ભમરથી તરંગિત થયેલા કપાળવાળો તું શોભે છે.>

[૯૯]भुक्तिमुक्तिकृदेकान्तसमादेशनतत्परः ।
कस्य नानन्दनिस्यन्दं विदधाति सदागमः ॥७८॥ (५)

કોઈ સ્ત્રી, સંકેત આપનારને એ પ્રમાણે મુખ્ય વૃત્તિથી વખાણે છે.

[૧૦૦]સાયંસ્નાન પૂરૂં થયું, અગરુનો છે લેપ અંગે થયો,
પામ્યો અસ્ત દિનેશ, આવી અહિં તું વિશ્રંભથી ચાલતી;
શી તારી સુકુમારતા ! અહહ ! કે સર્વાંગ થાકી ગઈ
અત્યારે તવ આંખડી મટમટયા વિના રહી ના શકે. ૭૯ [૬]

અહીંઆં વસ્તુવડે, પરપુરુષનો પરિચય કરી આવેલી તું થાકી ગઇ છે એવી વસ્તુ 'અત્યારે' પદથી પ્રકટ થતી સૂચવાય છે.

[૧૦૧]તેના વિયોગના દુઃખે લીન નિઃશેષ પાતકો,
તેના ધ્યાન તણા મોદે ક્ષીણ પુણ્યચયે થતાં, ૮૦
ચિન્તતાં જગદુત્પત્તિ પરબ્રહ્મ સ્વરૂપીને
નિરુચ્છ્વાસ બની, મુક્ત થૈ બીજી ગોપકન્યકા. ૮૧. [૭]

અહીંઆં હજારો જન્મોમાં ભોગવવાનાં દુષ્કૃત અને સુકૃતનાં ફળો વિયોગનાં દુઃખ અને ચિંતનના આહ્લાદથી અનુભવાયાં એમ કહ્યું, અને આ પ્રમાણે 'નિઃશેષ' અને 'ચય' પદથી પ્રકટ થતી બે અતિશયોક્તિઓ [સૂચવાય છે.]

---

[૯૯]<સદાગમ, ભુક્તિ (ભોગ) અને મુક્તિ આપનારો એકાન્ત ઉપદેશ આપનારો કોને આનંદ વહેવરાવતો નથી> ૧ સદાગમ. પ્રિયતમ પક્ષે સત્ સુંદર, આગમ આવવું. વેદ પક્ષે સત્ સારો, આગમ વેદ. ૨ એકાન્ત. પ્રિયતમ પક્ષે એકાંતસ્થાન. વેદ પક્ષે નિશ્ચિત વિધિઓ.

[૧૦૦] <સાંજનું સ્નાન થયું છે, ચંદનથી અંગ લેપાયું છે, સૂર્ય અસ્તાચલના શિખરે ગયો, અહીં નિર્ભય (નીરાંતે) ચાલતી આવી છે; અહો! તારી શી સુકુમારતા છે! કે જેનાથી તું અત્યારે સાવ થાકી ગઇ છે! તારાં નયનો મટમટ્યા વિના રહી શકતાં નથી.>

[૧૦૧]<બીજી ગોપકન્યા, તેની અપ્રાપ્તિના મહાદુઃખમાં અશેષ પાપ લય થતાં અને તેના ધ્યાનના અત્યંત આહ્લાદને લઇને પુણ્યસમૂહ ક્ષીણ થતાં પરબ્રહ્મ સ્વરૂપ જગતના મૂળની ભાવના કરતી, શ્વાસ નીકળી ગયા વિના, મુક્તિ પામી.>

[102]क्षणदासावक्षणदा वनमवनं व्यसनमव्यसनम् ।
बतवीर तव द्विषतां पराङ्मुखे त्वयि पराङ्मुखं
सर्वम् ॥८२॥ [८]

અહીંઆં શબ્દશક્તિમૂલક વિરોધના અંગભૂત અર્થાન્તરન્યાસ વડે "વિધિ પણ તને અનુવર્તે છે" એવું સર્વ પદથી પ્રકટ થતું વસ્તુ [ સૂચવાય છે ].

[103]વ્હીલું કમલદલ હતો તવ વલ્લભનો પરોઢિયે અધર,
એવું સુણી નવવધૂ ઢાળે ધરતી ભણી મુખને. ૮૩. [૯]

અહીંઆં, રૂપક વડે, તેં એને એટલી બધી વાર પરિચુંબન કર્યું કે તે મ્લાન થઈ ગયો, એમ 'મ્લાન' વગેરે પદથી પ્રકટ થતો કાવ્યલિંગ અલંકાર સૂચવાય છે. આ દાખલાઓમાં વ્યંજક સ્વતઃસંભવી છે.

[104]ચન્દ્ર–ધવલ રજનીમાં જે કરી ટંકાર કોમલ ધનુષનો,
જાણે એકી છત્રે કરે ભુવનરાજ મ્હાલંતો. ૮૪ [૧૦]

અહીંઆં વસ્તુવડે, જે કામીઓનો આ સ્મર રાજા છે તેમાંથી એકપણ તેનાં આદેશથી વિમુખ થતો નથી; એટલે કે ઉપભોગમાં રોકાયેલા જાગતા જાગતા જ તેઓ રાત્રિ પસાર કરે છે એમ "ભુવનરાજ" પદથી પ્રકટ થતું વસ્તુ પ્રકાશે છે.

---

૧૦૨<હે વીર! તું શત્રુઓની વિરુદ્ધ પડતાં તેમને બધું વિરુદ્ધ પડે છે. આ ક્ષણદા અક્ષણદા, વન અવન, અને વ્યસન અવ્યસન થાય છે.> ક્ષણદા = રાત્રિ. અક્ષણદા-એક પક્ષે રાત્રિ નહિ તે, બીજે પક્ષે ક્ષણ, ઉત્સવ નહિ આપનારી. અવન એક પક્ષે વન નહિ તે, બીજે પક્ષે રક્ષક. વ્યસન એટલે દુઃખ. અવ્યસન એક પક્ષે વ્યસન નહિ તે, બીજે પક્ષે અવી (ઘેટાં) તેનું અસન (પ્રેરવું) ઘેટાં હાંકવાં તે.

૧૦૩<તારા વલ્લભનો અધર સવારમાં મ્લાન કમલદલ હતો એવું સાંભળીને નવવધૂ જમીન તરફ વદન કરે છે.>

૧૦૪<ચન્દ્રધવલ રાત્રિઓમાં પોતાના લલિત ચાપને ખેંચીને ભમતો ભુવનોનું એકછત્ર રાજ્ય જાણે કરે છે.>

[૧૦૫]સ્વબલ મદન દે સુદૃગ્નીં દૃષ્ટે
કુટિલ વચે શર તીક્ષ્ણ ધારીં તેને,
જઇ પડતીં જ તેહ જે દિશામાં
સઘળીં મળી તહિં જામતી દશાઓ. ૮૫ [૧૧]

અહીંઆં વસ્તુવડે, પરસ્પર વિરુદ્ધ દશાઓ પણ એક સાથે ઉત્પન્ન થઈ શકે છે એ રીતે ‘મળી’ પદથી પ્રકટ થતો વિરોધ [સૂચવાય છે].

[૧૦૬]સંતાપે પીડેલા હૃદયે પણ વારવાર વારંતાં,
સ્તનરૂપી મિત્રોથી વિશુદ્ધજાતિ ચળે નહીં હાર. ૮૬[૧૨]

અહીંઆં ‘વિશુદ્ધજાતિત્વ’ લક્ષણ રૂપી હેતુ અલંકારથી ‘ચળે નહીં’ એ પદોથી પ્રગટ થતું, હાર સતત કંપતો જ રહે છે એવું વસ્તુ [સૂચવાય છે].

[૧૦૭]એ મુગ્ધ અને શામળ અંબોડો નિજ ધરી લલિત દેહ,
તેના સ્કન્ધથીં બલ લઈ સ્મર પામે વિજય સુરતસંગ્રામે.
૮૭[૧૩]

અહીંઆં રૂપક વડે, અનેકવાર ખેંચાવાથી કેશપાશ એવો ખભા

---

૧૦૫<અનંગ તીક્ષ્ણ શર ધારીને જુવાનીમાં સુંદર નેન વાળીની દૃષ્ટિને પોતાનું સામર્થ્ય આપે છે. જ્યાં તે પડે છે ત્યાં અનંગદશાઓ ભેગી મળીને ઉદય પામે છે.>

૧૦૬. <સંતાપથી પીડાયલા હૃદય વડે ફરી ફરીને વાર્યા છતાં આનો વિશુદ્ધજાતિનો [મોતીનો] હાર સ્તનરૂપી મિત્રથી ચલિત થતો નથી.> વિશુદ્ધજાતિ શબ્દમાં શ્લેષ છે. એક પક્ષે ઊંચી જાતનાં મોતી એવો અર્થ છે અને બીજે પક્ષે વિશુદ્ધ જન્મવાળો એવો અર્થ છે. અને ઊંચા કુળનો હોવાથી મિત્રને તજતો નથી એવો અર્થ છે.

૧૦૭. <મુગ્ધ અને શ્યામ અંગવાળો પોતાનો સુંદર દેહ ધારણ કરીને અંબોડા રૂપી સ્મર સ્કંધમાંથી બલ લઇને સુરતસંગ્રામમાં વિજય પામે છે.> સ્કંધનો અર્થ છાવણી અને કાંધ બન્ને થાય છે. તેમજ બલનો અર્થ સામર્થ્ય તથા લશ્કર બન્ને થાય છે.

પર આવી ગયો કે જેથી રતિ પૂરી થતાં પણ કામુકનો અભિલાષ પૂરો થયો નહિ એમ સ્કન્ધ પદથી પ્રગટ થતી વિભાવના [સૂચવાય છે].

આ દાખલાઓમાં [વ્યંજક અર્થ] કવિની પ્રૌઢોક્તિથી જ નિષ્પન્ન થાય છે.

[૧૦૮]સાચું કહે શું થાયે પૂનમનો નવમયંક તુજ સુભગ!
કઈ સૌભાગ્ય ભરેલી પ્રદોષરજની શી તુજ આજે! ૮૮ [૧૪]

અહીંઆં વસ્તુ વડે, મારી જેમ બીજીની અંદર પણ તું અનુરાગ વાળો હતો અને પછી નહિ, એમ 'નવ' વગેરે અને 'પ્રદોષ' વગેરે શબ્દોથી પ્રગટ થતું વસ્તુ [સૂચવાય છે].[૧૦૯]

[૧૧૦]સખિ! ગાઢ અંકપાળી સખીએ નવ સુરત સમરમાં હાર
વધુકા જેવો દીધો નીવારી, પછી રંગમાં રમી કેવી!
૮૯ [૧૫]

અહીંઆં વસ્તુવડે, હાર તૂટ્યા પછી બીજું સુરત જરૂર થયું હશે તે કહે કેવું થયું એવો વ્યતિરેક અલંકાર 'કેવી' પદથી સમજાતો [સૂચવાય છે].

---

૧૦૮. <હે સુભગ! પૂર્ણિમાના નવીન ઉગેલા ચન્દ્રને તું શું થાય તે તું મને સાચું કહે. પ્રદોષરજની જેવી સમગ્રસૌભાગ્યવાળી તારી આજે કોણ છે?>

૧૦૯. 'નવ' શબ્દથી ચંચલતા એટલે કે થોડી વાર સુધીનું જ અનુરાગીપણું સૂચવાય છે. પૂર્ણિમાનો ચન્દ્ર પ્રદોષે, સાંઝે લાલ હોય છે અર્થાત્ પ્રદોષરજનીમાં અનુરક્ત હોય છે. અને પછી ઘડીમાં જ નવ પૂર્ણિમામાં આસક્ત થાય છે. માટે પ્રેમનું ક્ષણિકત્વ. પ્રદોષ શબ્દથી અતિશય દોષ હોવા પણું અને રજની શબ્દથી મલિનતા સૂચવાય છે. ભાવાર્થ એવો છે કે તું પૂનમ જેવી કોઇ ઘરડી સ્ત્રીને ચ્હાય છે તો આજે, મારી જેમ, પ્રદોષરજની જેવી કઇ સ્ત્રીને તેં છોડી દીધી તે કહે.

૧૧૦. <હે સખિ! નવીન સુરતસંગ્રામમાં ગાઢ અંકપાલી (આલિંગન) રૂપી સખી એ વધૂકા જેવો હાર નિવાર્યો પછી કેવી રમી!> અંકપાલી સ્ત્રીલિંગ શબ્દ હોઇ સખીનું રૂપક ઉપપન્ન છે.

[૧૧૧]ઘડો ખભે લેઇને મુખ ફેરવીને સખી નિરખી માર્ગ,
પેસંતી ઘર દ્વારે 'હા ફૂટયો' કહી રુવે કેમ! ૯૦

અહીંઆં હેતુ અલંકાર વડે સંકેતસ્થાન તરફ જતાને જોઇને જો તારે ત્યાં જવાનું મન હોય તો બીજો ઘડો લઇને જા એ વસ્તુ 'કેમ' પદથી સૂચવાય છે. અથવા જેમકે

[૧૧૨]ચકિત નજર વ્યાકુલતા તારી સખિ જોઇને ઘડો પોતે
'બહુ ભારે છું' કરીને દ્વારે અડકયા મિષે પડી ભાગ્યો.
૯૧ [૧૬]

અહીંઆં નદીના તીર ઉપર લતાગહનમાં સંકેત કરેલા [પણ] નહિ આવી પહોંચેલાને ઘરમાં પેસતી વખતે પાછળ આવેલો જોઇને ફરીથી નદી જવા માટે બારણાને અથડાવાના બહાનાથી બુદ્ધિપૂર્વક તેં વ્યાકુલ થઇને ઘડો ફોડી નાખ્યો એમ હું સમજી ગઇ તો તું આશ્વાસન કેમ પામતી નથી, તેથી ધારેલું પૂરૂં કરવા જા. હું તારી સાસુની પાસે બધું બંધબેસતું કહીશ. એવું વસ્તુ બારણાના અડવાના બહાના રૂપ અપહ્નુતિથી [સૂચવાય છે].

[૧૧૩]જ્યોત્સ્નાથી જોબનિયું મધુરસથી પામી ઉત્સુક થએલી
બુઢ્ઢીય નવોઢા જયમ એ પરવહુ તુજ હરે અરે! હૃદય.
૯૨ [૧૭]

અહીંઆં કાવ્યલિંગ વડે, તું અમને છોડીને બુઢ્ઢી પરવધૂનો અભિલાષ કરે છે એ તારૂં આચરણ કહ્યું જાય એવું નથી એવો આક્ષેપ [અલંકાર] 'પરવહુ' પદથી પ્રગટ થતો [સૂચવાય છે].

---

૧૧૧. <ખભે ઘડો લઇને ઘરના બારણામાં પેસતી મોઢું ફેરવીને માર્ગ જોઇ, હાય હાય ફૂટયો કહીને સખી! કેમ રૂવે છે.>

૧૧૨. <હે સખિ, તને ચપલ દૃષ્ટિવાળી અને વિહ્વળ જોઇને ઘડો 'હું ભારે છું' એમ કરીને, બારણાને અડકવાના બહાનાથી પોતે પડી ભાંગી ગયો.>

૧૧૩. <જ્યોત્સ્ના અને મધુરસ વડે તારુણ્ય અપાયાથી જેનું મન ઉત્સુક થયું છે એવી જે બુઢ્ઢી પરવધૂ [હોવાથી] અહહા તારૂં હૈયું હરે છે.<

આ (ઉદાહરણો)માં [વ્યંજકઅર્થ] કવિએ નિર્માણ કરેલા વક્તાની પ્રૌઢોક્તિથી જ નિષ્પન્ન થાય છે.

વાક્યથી પ્રકાશ પામે એવા [વ્યંજકના વિષય]માં પહેલાં ઉદાહરણો[114] અપાઈ ગયાં છે. શબ્દ અને અર્થ બન્નેની શક્તિમાંથી ઉત્પન્ન થતો [વ્યંજક] પદથી પ્રકાશતો નથી માટે પાંતરીસ ભેદો.

**સૂ. ૬૦. અર્થશક્તિમાંથી ઉત્પન્ન થએલો પ્રબન્ધમાં પણ.[115]** ૪૨

જેમકે ગીધના અને ગોમાયુ (શીઆળ) ના સંવાદ વગેરેમાં

[116]ઊભા શું! ગીધ શીઆળ બહુ જ્યાં હાડપિંજરો,
પ્રાણી માત્ર બ્હીએ તેવા, આ અઘોર શ્મશાનમાં. ૯૩
અહીં ના જીવતો કોઈ પામ્યો જે કાલધર્મને
વ્હાલો વા વેરી વા હોયે, પ્રાણીની એહવી ગતિ. ૯૪

દિવસે જેનું જોર ચાલે છે એવા ગીધનું લોકોને વિખેરવા માટે કહેલું આ વચન છે;

[117]આ રહ્યો સૂર્ય હે મૂઢો! વ્હાલનો કાલ છે હજુ,
વિઘ્નોનો યોગ ચાલે છે, કદી જીવે ય એ ખરો. ૯૫
સુવર્ણકાન્તિ આ બાલ પામ્યો ના યૌવને હજુ,
ગીધ વાક્યે કેમ તેને, મૂઢો! નિઃશંક છોડી દો! ૯૬

---

૧૧૪. જુઓ ઉદાહરણ ૨૩ વગેરે, અને ટીપ ૯૨-૯૬.

૧૧૫. અર્થશક્તિમૂલક બાર પ્રકારનો ધ્વનિ પદ ને વાક્યમાં હોય છે એ ઉપરાંત પ્રબંધમાં પણ હોય છે.

૧૧૬. <ગીધ અને શીઆળવાંથી ભરેલા બહુ હાડપિંજરોવાળા ઘોર અને સર્વ પ્રાણીઓને ભયંકર એવા શ્મશાનમાં બહુ ઊભા! અહીંઆં કાલધર્મને પામેલો કોઇ પણ—વ્હાલો કે વેરી—જીવતો નથી. પ્રાણીઓની ગતિ એવી છે!> આમાં સ્વતઃસંભવી વાચ્યાર્થ રૂપ વસ્તુ વડે લોકોને વિખેરવા રૂપ વસ્તુ સૂચવાય છે. તેનો વ્યંજક કોઇએક પદ કે વાક્ય નથી પણ આખો પ્રબંધ છે.

૧૧૭. <સૂર્ય આ રહ્યો. હે મૂઢો! હજી સ્નેહ કરો. આ મુહૂર્ત બહુ વિઘ્નોવાળું છે, [માટે મુહૂર્ત પસાર થયા પછી એ] કદાપિ જીવે

[અને] એ પ્રમાણે રાત્રે જેનું જોર ચાલે છે એવાં શીઆળવાંનું લોકોને રોકવાના તાત્પર્યવાળું આ વચન છે. એવા [વ્યંજકપણા]માં પ્રબન્ધ જ સમર્થ છે. બીજા અગીઆર ભેદોનાં ઉદાહરણો ગ્રન્થ વિસ્તારના ભયથી આપ્યાં નથી. પણ લક્ષણ પ્રમાણે પોતાની મેળે જ સમજી લેવાં. 'પણ' શબ્દથી પદના અને વાક્યના [ભેદો સમજી લેવા ].

**સૂ. ૬૧. પદના એક ભાગમાં, રચનામાં, અને વર્ણમાં પણ રસ વગેરે [સંભવે છે].**

તેમાં પ્રકૃતિનું [૧૧૮] [વ્યંજકત્વ], જેમકે

[૧૧૯]રતિમાં વસ્ત્ર હરન્તા હરનાં બે નેત્ર હસ્તપલ્લવથી
ઢંકાતાં ગૌરીએ, ત્રીજું ચુંબાતું જય પામે. ૯૭

અહીંઆં 'જય પામે' પણ 'શોભે' ઈત્યાદિ કહ્યું નથી. (ત્રીજું નયન) બંધ કરવાની ક્રિયા (બીજાં નયનને બંધ કરવાની) સમાન હોવા છતાં અલૌકિક વ્યાપારથી એને બંધકર્યું. તેથી તે (ત્રીજું નેત્ર) જ ઉત્કૃષ્ટ છે.

અથવા જેમકે

[૧૨૦]કાન્તાએ તરછોડિયો, સમ લઈ, પાયે પડેલો પિયૂ
આવાસેથી ન જાય બે ત્રણ ડગો ઊંચા મનેથી, ત્યહાં
ધાઈ ઊલટી, સંપુટે કરતણા, સાહી સરન્તી નીવી,
રોકયો નાવ કરી પ્રણામ; ગતિ હા ! છે પ્રેમની અદ્‌ભુત. ૯૮

---

પણ ખરો. આ સુવર્ણના જેવા રંગવાળા, યૌવન ન પામેલા એવા બાળકને ગીધના વાક્યથી હે મૂઢો ! તમે શા માટે નિઃશંક થઇ છોડી દો છો.>

૧૧૮. પ્રકૃતિ એટલે કે જેને પ્રત્યય લાગે તે, એટલે કે પ્રત્યય લગાડવા પહેલાંનું નામ અને ધાતુનું મૂળ રૂપ.

૧૧૯. < રતિકેલિમાં વસ્ત્ર હરી લેતાં કરકિસલય વડે બે નયન જેનાં રૂંધાયાં છે એવા રુદ્રનું પાર્વતીથી ચુંબાતું ત્રીજું નયન જય પામે છે.>

૧૨૦. <સમ ખાઇને પગે પડેલો પ્રિયતમ કાન્તા વડે સમ ખાઇને તિરસ્કારાયો અને ઊંચું મન થતાં જેવો તે ઘરથી બે ત્રણ પગલાં ગયો

અહીંઆં 'ડગો' એમ કહ્યું છે, નહિ કે 'બારણા (સુધી)' એમ. ક્રિયાપદના અને નામના પ્રત્યયોનું [વ્યંજકત્વ], જેમકે

[૧૨૧]પથ પથ શુકચંચૂ શી પ્રભા અંકુરોની,
દિશ દિશ મહિં વાયુ વલ્લિઓને નચાવે,
નર નર પર બાણો તુર્ત પુષ્પેષુ ફેંકે,
પુર પુર વિરમેલી, માનિની માનવાર્તા. ૯૯

અહીંઆં 'ફેંકે' એમાં ફેંકવાનું સાધ્યમાનત્વ, 'વિરમેલી' એનાથી વિરમવાનું સિદ્ધત્વ, तिङ् અને सुप् વડે, તેમાં પણ क्त (લી) પ્રત્યય વડે અતીતત્વ સૂચવાય છે.[૧૨૨]

---

નહિ હોય એટલામાં તો ઉપટું પ્રણામપૂર્વક, અને હાથ જોડતાં [તેમાં] નીવીબન્ધ સરી પડે એ રીતે દોડીને જાણે તેણીએ રોક્યો. અહો પ્રેમની વિચિત્ર ગતિ.>

૧૨૧. <રસ્તે રસ્તે અંકુરોની કાન્તિ પોપટની ચાંચ જેવી સુંદર છે. દિશાએ દિશાએ પવન વેલીઓને લાસ્ય કરાવે છે. પુરુષે પુરુષે પુષ્પધન્વા એકદમ પોતાનાં બાણ વેરે છે. નગરે નગરે માનિનીઓની માનકથા બંધ થઇ ગએલી છે.>

૧૨૨. तिङ् એટલે ધાતુને લાગતા કાલઅર્થવાચક પ્રત્યયો. सुप् એટલે નામને લાગતા વિભક્તિઓના પ્રત્યયો. तिङ् પ્રત્યયો વડે ક્રિયાનું 'ચાલતા' હોવાપણું સૂચવાય છે અને सुप् પ્રત્યયો વડે ક્રિયાનું સિદ્ધપણું સૂચવાય છે. આ દાખલાઓમાં એ રીતે (क्षिरति=ફેંકે)થી બાણ ફેંકવાની ક્રિયા ચાલુ છે એમ સૂચવાય છે; અને (विनिवृत्ता=વિરમેલી) થી માનિનીઓની માનચર્ચા બંધ થઇ છે એમ સૂચવાય છે.

હવે બાણનું ફેંકાવું એ કારણ છે અને માનચર્ચા બંધ થવી એ કાર્ય છે. સામાન્યરીતે કારણ સિદ્ધ તરીકે અને કાર્ય સાધ્ય તરીકે કહેવાય એ પૌર્વાપર્યનો ક્રમ આમાં બદલાઇ ગયો છે. અહીંઆં માનચર્ચા બંધ થઇ જવા રૂપી કાર્યને सुप् દ્વારા સિદ્ધ તરીકે સૂચવ્યું છે અને બાણ ફેંકવા રૂપી કારણને तिङ् દ્વારા સાધ્ય તરીકે સૂચવ્યું છે. क्त (લી) પ્રત્યય કર્મણિ ભૂત કૃદન્તનો છે. માનચર્ચા બન્ધ થવાની ક્રિયા સિદ્ધ થઇ છે તેનું અતીતત્વ क्त પ્રત્યય વડે સૂચવાય છે. આ રીતે એમાં કાર્ય કારણ વિપર્યય રૂપ

[૧૨૩] નીચે મ્હોં બેસે છે ધરણિ લખતા પ્રાણપ્રિયજી;
સૂજાડ્યાં નેનો યે સતત રડી ભૂખ્યા સખીજને;
તજી દીધું સર્વે હસવું પઢવું પંજર શુકે;
દશા તારી આવી થઈ, તજ હઠીલી! હઠ હવે. ૧૦૦

અહીંઆં 'લખતા' [કહ્યું છે] નહિ કે 'લખે છે' તેમ જ 'બેસે છે' નહિ કે 'બેઠેલા છે' પણ પ્રસન્ન થાય ત્યાંસુધી બેસે છે, એવું तिङ् વિભક્તિ વડે વ્યંગ્ય છે. 'ધરણિ (ને)' કહ્યું છે નહિ કે 'ધરણિ ઉપર' એટલે કે બુદ્ધિ પૂર્વક કાંઇ બીજું લખતો નથી એવું सुप् વિભક્તિ વડે વ્યંગ્ય છે. [૧૨૪]

સંબંધનું, [૧૨૫] જેમકે

---

અતિશયોક્તિ અલંકાર પ્રકાશે છે. અને તે માનચર્યા બંધ થયાનું શીઘ્રત્વ સૂચવી વસંતનું અત્યંત ઉદ્દીપકપણું સૂચવે છે. અને એ રીતે રસમાં પરિણામ પામે છે.

૧૨૩. <પ્રાણ સમો વ્હાલો બ્હાર નીચે મોઢે ભોંય લખતો બેઠો છે; આહાર છોડેલી સખીઓની આંખો સતત રોવાથી સૂજી ગઇ છે; પાંજરાના પોપટોએ હસવું પઢવું છોડી દીધું છે; અને તારી આ દશા થઇ છે. હે કઠિને, હવે માન છોડ.>

૧૨૪. लिखन् 'લખતો' એ વર્તમાન કૃદન્તના પ્રયોગથી લખવાની ક્રિયાની ગૌણતા અને તેથી તે બુદ્ધિ પૂર્વક કાંઈ લખતો નથી એમ સૂચવાય છે. आस्ते 'બેસે છે' એ વર્તમાન કાળના પ્રયોગથી, શરૂ કરેલું પૂરૂં થાય ત્યાં સુધી બેસવાનું સૂચવાઈ પ્રસન્ન થશે ત્યાંસુધી બેસશે એમ સૂચવાય છે; भूमिम् 'ધરણિ(ને)' લખતા એ દ્વિતીયાના પ્રયોગથી લખવાની ક્રિયાનું કર્મ ભૂમિ જ છે અને બીજું કાંઇ નથી એટલે કે બીજું કાંઇ વિચારપૂર્વક લખતો નથી એમ સૂચવાય છે. આથી નાયકનો અતિશય મોહ સૂચવાય છે અને તે વડે અતિશય વિપ્રલંભ સૂચવાય છે. આ રીતે વર્તમાન કાળ અને વર્તમાન કૃદન્તનો અને દ્વિતીયાના પ્રયોગથી એટલે કે तिङ् અને सुप् વિભક્તિઓથી ઉપરની હકીકત સૂચવાય છે.

૧૨૫. મૂળમાં संबन्धस्य यथा એવો પાઠ છે. કાવ્યપ્રદીપ વગેરેમાં અને કાવ્યપ્રકાશની કેટલીક પ્રતોમાં આ પાઠ નથી. એ પાઠ છોડી દઇને

[૧૨૬] ગામડીઅણછું ગામેવસું છું, નગરસ્થિતિ નહીં જાણું,
નાગરિકાના પતિઓ હરૂં છું જે છું હું તે છું હું. ૧૦૧

અહીંઆં 'નાગરિકાઓના' એમ કહી ષષ્ઠીનું [વ્યંજક-પણું] છે.[૧૨૭]

'ક્ષત્રિય કુમાર રમણીય હતો.'

**એમાં કાલનું [વ્યંજકપણું] છે.[૧૨૮] મહેશ્વરના ધનુષ્યના ભાગનાર રામ પ્રત્યે ગુસ્સે થએલા પરશુરામની આ ઉક્તિ છે.**

વચનનું, જેમકે

[૧૨૯] તે ગુણનાં કીર્તનનું, ઉત્કંઠાઓનું, તેહ પ્રેમતણું,
તે વચનોનું, સુંદર! આવ્યું આવું જ પરિણામ! ૧૦૨

અહીંઆં [બહુવચનથી] ગુણવર્ણન વગેરેનું બહુત્વ અને [એક વચનથી] પ્રેમનું એકત્વ સૂચવાય છે.

પુરુષવ્યત્યયનું, જેમકે

---

કેટલાએક ટીકાકારો ઉદાહરણ શ્લોકમાં આવતી છઠ્ઠી વિભક્તિનો 'અનાદર અર્થ' લે છે તે વધારે સુસંગત લાગે છે.

૧૨૬. <ગામડામાં ઉછરેલી ગામડામાં રહું છું; નગરની રીતભાત જાણતી નથી. [પણ] નાગરિકાઓના પતિઓને હરૂં છું; જે છું તે છું.>

૧૨૭. આ શ્લોકમાં 'નાગરિકોને' એમ કહેવાને બદલે 'નાગરિકાઓના પતિઓને' એમ કહી સંબંધ સૂચક ષષ્ઠીના પ્રયોગથી 'તે પતિઓ ચતુર છે' એમ સૂચવાય છે અને તે ઉપરથી પોતાનું અતિચાતુર્ય પણ સૂચવાય છે. संबन्धस्य પાઠ છોડી દઇ અનાદર અર્થની ષષ્ઠી લઇએ તો એવો અર્થ થાય કે તેમના દેખતાં છતાં તેઓના પતિઓને હું હરી જાઉં છું.

૧૨૮. आसीत् 'હતો' એ ભૂતકાળના પ્રયોગથી અહીંઆં રૌદ્ર રસ સૂચવાય છે. ભવભૂતિના મહાવીરચરિત નામના નાટકના બીજા અંકમાં પરશુ-રામ આ વાક્ય બોલે છે. 'રામ પહેલાં રમણીય હતો' એટલે કે હવે નથી તેથી તેને ક્ષણમાં હણી નાખું એમ રૌદ્રરસ સૂચવાય છે.

૧૨૯. <તે ગુણ વર્ણનોનું તે ઉત્કંઠાઓનું, તે પ્રેમનું, તે વચનોનું, હે સુંદર આ પરિણામ આવ્યું!>

૧૩૦રે રે ચંચલ લોચને ભટકતા ચિત્ત સ્થિર પ્રેમનો
છોડીને મહિમા મૃગાક્ષી નિરખી શું આમ નાચી રહે!
શું માનું ? વિહરીશ ! હાય તજી દે એ તુચ્છ આશા ઊંડી,
આ તો હા! ભવસાગરે તુજ ગળે ઘાલી શિલા છે ખરે. ૧૦૩

અહીંઆં [પુરુષવ્યત્યયથી] પ્રહાસ [સૂચવાય છે].૧૩૧

પૂર્વનિપાતનું, જેમકે

૧૩૨જેને બહુનું જોર દુર્બલ ગણ્યા છે તેમને, જેહ છે
નીતિરીતિ તણા જ ભક્ત બહુધા, શું કામના એ નૃપો ?
પાળે છે ક્રમ જે પરાક્રમ અને નીતિ તણો સુંદર
તે બે ચાર ત્રિલોકમાં ન જ મળે પુણ્યાત્મ કૈં આપ શા. ૧૦૪

---

૧૩૦. <ચંચલ લોચનવાળી [કામિની]માં રુચિવાળા હે ચિત્ત સ્થિર પ્રેમવાળી મહત્તાને છોડી મૃગલોચનાને જોઇ કેમ નાચે છે? શું એમ માનું છું કે તું વિહરીશ? અરે આ દુષ્ટ અંતરાશાને છોડી દે. સંસાર સાગરમાં એ ખરેખર ગળે બાંધેલી શિલા છે.> મૂળ શ્લોક નીચે પ્રમાણે છે.

रे रे चंचललोचनांचितरुचे चेतः प्रमुच्य स्थिर–
प्रेमाणं महिमानमेणनयनामालोक्य किं नृत्यसि ।
किं मन्ये विहरिष्यसे बत हतां मुंचांतराशामिमां
एषा कण्ठतटे कृता खलु शिला संसारवारांनिधौ ॥

૧૩૧. આ શ્લોક ચિત્તને સંબોધીને કહેલો છે. એટલે સામાન્ય રીતે ચિત્ત સંબંધી બધાં ક્રિયાપદો બીજા પુરુષ એક વચનમાં આવે, અને તે પ્રમાણે 'નાચી રહે' (नृत्यसि) અને 'વિહરીશ' (विहरिष्यसि) અને 'તજી દે' (मुञ्च) બીજા પુરુષ એક વચનમાં છે. પણ 'માનું' (मन्ये) પહેલા પુરુષ એક વચનમાં છે એટલે એ ક્રિયાપદમાં પુરુષવ્યત્યય થયો. 'प्रहासे च०' એ સૂત્ર પ્રમાણે જ્યારે બીજા અને પહેલા પુરુષનો સંબંધ હોય ત્યારે પુરુષને ફેરવી નાખવાથી પ્રહાસ-હાસ્ય સૂચવાય છે.

૧૩૨. <જેઓને ફક્ત બાહુનું જોર છે તે દુર્બલ ગણાય છે અને જે મોટે ભાગે રાજનીતિની પદ્ધતિનું શરણ લેનાર છે તેવા રાજાઓથી શું થાય? પણ હે રાજેન્દ્ર, પરાક્રમ અને નય [બન્નેના] સ્વીકારથી થતા સુંદર ક્રમવાળા એવા, ત્રણ જગતમાં બે ત્રણ હોય તે તમારા જેવા પરમ પવિત્ર તો ન જ

અહીંઆં પરાક્રમનું પ્રાધાન્ય સમજાય છે.

વિભક્તિવિશેષનું, જેમકે

[૧૩૩]प्रधनाध्वनि धीरधनुर्ध्वनिभृति विधुरैरयोधि तव दिवसम् ।
दिवसेन तु नरप भवानयुद्ध विधिसिद्धसाधुवादपदम् ॥१०५॥

અહીંઆં दिवसेन એ અપવર્ગતૃતીયા ફલપ્રાપ્તિ સૂચવે છે.

[૧૩૪]"સાક્ષાત્ દેખે જયમ રતિ નવા કામને, તેવીં રીતે,
ગોખે બેઠી, ભવનનીં ઊઁચી મેડીના, માલતી એ,
વારે વારે, નિકટથી જતો માધવ પ્રેક્ષીં માર્ગે
ગાઢોત્કંઠા થકીં અતિ ખ્હીલાં અંગડાંથી ઝુરે છે." ૧૦૬

અહીંઆં અનુકંપા સૂચવનાર क (ડું)રૂપ તદ્ધિતનું [વ્યંજકત્વ છે].

---

હોય.> સામાન્ય નિયમ પ્રમાણે पराक्रमनय સમાસમાં नय શબ્દ ઓછા સ્વરોવાળો હોવાથી પહેલો આવે પણ અહીંઆં पराक्रम શબ્દનો પૂર્વનિપાત એટલે પહેલાં આવવાથી તેનું પ્રાધાન્ય સૂચવ્યું છે.

૧૩૩. <ધનુષના ગંભીર ધ્વનિવાળા યુદ્ધ માર્ગમાં તારા શત્રુઓ આખો દિવસ લડયા પણ હે રાજા! બ્રહ્મા અને સિદ્ધોની વાહ વાહ પામે એવી રીતે તું દિવસ વડે લડયો !> અહીંઆં दिवसेन એ શબ્દમાં દ્વિતીયાને બદલે તૃતીયા વાપરી ફલ પ્રાપ્તિ થતાં ક્રિયાનો પરિત્યાગ अपवर्गे तृतिया સૂત્રને આધારે સૂચવાય છે.

૧૩૪. <" ઘરની ઉપરના માળની ઊંચી બારીમાં રહી રહી નજીકની નગરની શેરી આગળ થઇને અનેકવાર ફરતા, સાક્ષાત્ નવા કામ જેવા માધવને, રતિ જેવી માલતી, વારે વારે જોઇને ગાઢોત્કંઠાને લઇને ઢીલાં અંગડાં-થી ગ્લાનિ પામે છે " એવું જે કહ્યું.> મૂળમાં अंग ને માટે अंगक શબ્દ વાપર્યો છે તે अनुकम्पायाम् એ પાણિનિના સૂત્રને આધારે અનુકમ્પા સૂચવે છે. એ क પ્રત્યય તદ્ધિત ગણાય છે તેથી આ શ્લોકમાં એ તદ્ધિતનું વ્યંજકપણું કહેલું છે. ગૂજરાતીમાં 'ડું' વગેરે લઘુતાવાચક પ્રત્યય એ અર્થ સૂચવે છે.

[૧૩૫]વટયો જે સીમાઓ, સકલ વચનો ના કથી શકે,
વળી આ જન્મારે અનુભવપથે જે નથી ચડયો,
વિવેકપ્રધ્વંસે, અતિ ઘન થયે મોહ, વસમો,
વિકાર સ્વાન્તર્ કો જડ પણ કરે, દાહ પણ દે. ૧૦૭

અહીં ઉપસર્ગ પ્ર શબ્દનું [વ્યંજકત્વ છે].

[૧૩૬]કર્યું જરા તેં મન ગર્વની ભણી,
અને થયા શત્રુ વિનાશ, શું બીજું;
તમો રહે ત્યાં સુધી જ્યાં સુધી નહીં
ચડે મરીચી ઉદયાદ્રિમસ્તકે. ૧૦૮

અહીંઆં તુલ્યયોગિતાના સૂચક 'અને' નિપાતનું [વ્યંજકત્વ છે].

[૧૩૭]પામ્યા શૌર્યગુણોથી કીરતિ વડી આ રામ લોકોમહીં,
ઊંઘે આપણુ ભાગ્ય—દેવ પણ ના જો તેહને ઓળખે;
જેના એક શરેથી પંકિત ઘન જે વીંધાઇ તાડોની તે
રન્ધ્રોમાં યશ ગાય બન્દીજન થૈ સપ્તસ્વરે વાયુ આ. ૧૦૯

---

૧૩૫. <સીમાઓને ઉલ્લંઘી જતો, વાણીનો વિષય ન થઇ શકે એવો, વળી આ જન્મમાં જે કદી અનુભવમાં આવ્યો નથી, વિવેકનો પ્રધ્વંસ થતાં ઉપચય પામેલા મહા મોહથી ગહન થએલો એવો, આ કોઇ વિકાર અંતઃકરણને જડ કરે છે અને તાપ કરે છે.> અહીંઆં પ્રધ્વંસ શબ્દના પ્ર ઉપસર્ગથી અતિશયત્વ સૂચવાય છે.

૧૩૬. <તેં તારૂં મન ગર્વાભિમુખ કર્યું અને આપણા શત્રુઓ નાશ પામ્યા. બીજાનું શું કામ? જ્યાં સુધી સૂર્ય ઉદયપર્વતના શિખર ઉપર આવતો નથી ત્યાં સુધી અંધકાર રહે છે.>

૧૩૭. <આ રામ ભુવનોમાં પરાક્રમના ગુણો વડે મોટી પ્રસિદ્ધિને પામેલા છે; એક જ બાણના ઘાથી હારબંધ આવેલા વિશાળ તાડનાં કાણાંમાંથી નીકળતા સાત સ્વરો વડે પવન બન્દીની જેમ જેનાં ગીત ગાય છે તેને જો દેવ ન ઓળખે તો એ આપણા અવળા નશીબને લઇને જ.>

અહીંઆં 'આ' એ સર્વનામનું, 'લોકોમહીં' અને 'ગુણોથી' એ પ્રાતિપદિક વચનોનું[138] [વ્યંજકપણું છે]; 'તારૂં' નહિ, 'મારૂં' નહિ પણ 'આપણું' એ સર્વેને લાગુ પડે એવા સર્વનામનું, અને 'ઊંધા ભાગ્ય' એથી થતા–વિપરીત સંપત્તિદ્વારા, નહિ કે અભાવદ્વારા કથનનું [વ્યંજકપણું છે][139]

[140]तरुणिमनि कलयति कलामनुमदनधनुर्भ्रुवोः पठत्यग्रे ।
अधिवसति सकलललनामौलिमियं चकितहरिणचलनयना ॥१०॥

અહીંઆં [तरुणिमामां] इमनिच् પ્રત્યયના [अनुमदनधनुःमां] અવ્યયીભાવના, [°मौलि માં] કર્મરૂપ આધારના સ્વરૂપનું [વ્યંજકત્વ છે]; 'તરુણત્વ' 'ધનુષની સમીપ' 'માથા ઉપર' એ રીતે त्व વગેરે સાથે તેઓનું (इमनिच् વગેરેનું) સરખું વાચકત્વ હોવા છતાં પણ (ઉપરના શબ્દોના) સ્વરૂપની કોઈ વિશેષતા છે કે જે ચમત્કારી છે અને તે જ વ્યંજકપણાને પામે છે.

આ પ્રમાણે બીજાઓનું પણ સમજી લેવું.

---

૧૩૮. પ્રાતિપદિક વચન એટલે નામરૂપ પ્રકૃતિથી આવેલાં વચનો. જેમકે 'લોકોમહીં' 'ગુણોથી' એ બહુવચન રૂપો. પાણિનીય વ્યાકરણમાં ધાતુ સિવાયની પ્રકૃતિને પ્રાતિપદિક કહે છે. તેને જ હેમચંદ્ર વગેરે વૈયાકરણો નામ કહે છે.

૧૩૯. 'આ રામ' માં 'આ' સર્વનામથી પ્રસિદ્ધિ સૂચવાય છે, અને એ પ્રસિદ્ધિ એકાદ ભુવન–લોકમાં નહિ પણ ત્રણેય 'લોકોમહીં' છે અને એકાદ ગુણથી નહિ પણ અનેક 'ગુણોથી' છે એમ સર્વનામ તથા બહુવચન સૂચવે છે. એને ન ઓળખવાનું દુર્ભાગ્ય કેવળ મારૂં જ કે તારૂં જ નથી પણ સમસ્ત રાક્ષસ કુળનું છે એવું 'આપણું' શબ્દથી સૂચવાય છે, અને 'ઊંધા ભાગ્યથી' શબ્દોથી એવું સૂચવાય છે કે માત્ર ભાગ્યનો અભાવ નથી પણ ભાગ્ય ઊંધું ફળ આપનારૂં છે.

૧૪૦. <જુવાની કલા શીખવતાં અને ભવાંનો અગ્રભાગ મદનચાપની સમીપ પડતાં, આ ચકિત હરિણીના જેવા ચંચલ નયનવાળી, બધી સ્ત્રીઓમાં માથાને અધિવસે છે (અર્થાત્ શ્રેષ્ઠત્વ પામે છે).>

વર્ણના અને રચનાના વ્યંજકત્વનાં ઉદાહરણો ગુણસ્વરૂપનું નિરૂપણ કરતી વખતે અપાશે. 'પણ' શબ્દ વડે પ્રબન્ધોમાં અને નાટકોમાં [એમ સમજવું].

આ પ્રમાણે પૂર્વે ગણાવેલા બે ભેદો સાથે રસ વગેરેના છ[૧૪૧] ભેદ છે.

**સૂ. ૬૨. તેના એકાવન ભેદો.[૧૪૨]**

તેમની વ્યાખ્યા થઈ ગઈ.

**સૂ. ૬૩. તેઓનો પરસ્પર સંબંધ થતાં (૯૩) ત્રણરૂપ સંકર વડે અને એક રૂપ સંસૃષ્ટિ વડે**

---

૧૪૧. રસ વગેરે એટલે અસંલક્ષ્યક્રમવ્યંગ્ય ધ્વનિકાવ્યના છ ભેદો થયા. પહેલાં ૫૯મા સૂત્રમાં (૧) વાક્યપ્રકાશ્ય અને (૨) પદપ્રકાશ્ય સૂચવ્યા હતા તે બે, સૂત્ર ૬૦માં બતાવેલ (૩) પ્રબંધપ્રકાશ્ય અને તે ઉપરાંત ૬૧મા સૂત્રમાં ગણાવેલા (૪) પદૈકદેશપ્રકાશ્ય (૫) રચનાપ્રકાશ્ય (૬) વર્ણપ્રકાશ્ય.

૧૪૨. જુઓ આ ઉલ્લાસની ટીપ ૧.

ધ્વનિ કાવ્ય.

- અવિવક્ષિતવાચ્યધ્વનિ
  - અર્થાન્તરસંક્રમિત } × પદપ્રકાશ્ય, વાક્યપ્રકાશ્ય= ૪
  - અત્યન્તતિરસ્કૃત
- વિવક્ષિતાન્યપરવાચ્ય
  - અસંલક્ષ્યક્રમવ્યંગ્ય × ટીપ ૧૪૧ પ્રમાણે છ ભેદો= ૬
  - સંલક્ષ્યક્રમવ્યંગ્ય
    - શબ્દશક્તિમૂલક
      - અલંકારધ્વનિ } × પદપ્રકાશ્ય, વાક્યપ્રકાશ્ય=૪
      - વસ્તુધ્વનિ
    - અર્થશક્તિમૂલક ૧૨ × પદપ્ર૦ વાક્યપ્ર૦, પ્રબંધપ્ર૦=૩૬
    - ઉભયશક્તિમૂલક ૧

---
૫૧

માત્ર શુદ્ધ એકાવન ભેદો જ નથી પણ તેઓના પોતાના એકાવન ભેદો જોડે સંશયાસ્પદત્વ, અનુગ્રાહ્ય-અનુગ્રાહકત્વ અને એક-વ્યંજકાનુપ્રવેશ એવા ત્રણ પ્રકારના સંકર અને પરસ્પર નિરપેક્ષ રૂપી એક પ્રકારની સંસૃષ્ટિ[૧૪૩] એમ ચાર વડે ગુણતાં—

સૂ. ૬૪. વેદ (૪) ખ (૦) અબ્ધિ (૪) વિયત્ (૦) ચન્દ્ર (૧) [= ૧૦૪૦૪ ભેદો થાય ].[૧૪૪]

શુદ્ધ ભેદોની સાથે—

સૂ. ૬૫. શર (૫) ઇષુ (૫) યુગ (૪) ખ (૦) ઈન્દુ (૧) [= ૧૦૪૫૫ ભેદો થાય ].[૧૪૫] ૪૪.

તેમાં દિશા બતાવવા પૂરતાં જ ઉદાહરણ અપાય છે.

[૧૪૬]દીયર ! વહુએ વઢ્યાથી આવેલી અવસરે પરોણી તે,
રુવે પછીતની મેડી, સુભગ ! મનાવો બિચારીને. ૧૧૧

અહીંઆં અનુનય (લક્ષણાથી) ઉપભોગ રૂપી અન્ય અર્થમાં સંક્રમિત થાય છે, કે અનુરણનન્યાયથી ઉપભોગ વ્યંગ્યમાં જ વ્યંજક છે એ સંદેહ છે.

---

૧૪૩. જેમાં એકથી વધારે પ્રકારના વ્યંગ્ય હોય તેવા મિશ્રણના બે ભેદો પડે. ૧ જેમાં ભિન્ન ભિન્ન તત્ત્વો પરસ્પર સાપેક્ષ હોય તે અર્થાત્ સંકર, ૨ અને જેમાં નિરપેક્ષ રીતે ભેગાં થયાં હોય તે એટલે કે સંસૃષ્ટિ. સંકરમાં પરસ્પર સંબંધ ત્રણ રીતે થાય. (૧) જેમાં એક બીજા વિષે, આ હશે કે આ, એ રીતે સંશય પેદા થાય તે એટલે કે સંશયાસ્પદરૂપી (૨) જેમાં એક બીજાનું પોષક બને તે એટલે કે અનુગ્રાહ્ય-અનુગ્રાહક રૂપી અને (૩) જેમાં બધાએ વ્યંગ્યો એક વ્યંજકથી સૂચવાતા હોય તે એટલે કે એક વ્યંજકાનુપ્રવેશ. સંસૃષ્ટિના તત્ત્વોમાં પરસ્પર સંબંધ નહિ હોવાથી તે એક જ પ્રકારની છે.

૧૪૪. ૫૧×૫૧=૨૬૦૧×૪=૧૦૪૦૪.

૧૪૫. ગયા સૂત્રના ૧૦૪૦૪માં ૬૨મા સત્રના શુદ્ધ ૫૧ ભેદો ઉમેરતાં ઉપરની સંખ્યા થાય છે.

૧૪૬. <હે સુભગ દીયર, તારી સ્ત્રીએ કાંઈ કહેવાથી ઉત્સવે આવેલી પરોણી પાછલી મેડીએ રુવે છે. બિચારીને મનાવ.>

૧૪૭છો લીંપે મૃદુ શ્યામ કાન્તિથી ઘનો આકાશ, માંડી રમે
પંક્તિઓ બકની, પયોદસુહૃદો આનંદકેકા કરે,
છો વ્હે ઝર્મર વાયુ, સખ્ત દિલનો છું રામ, સર્વે સહું,
વૈદેહીનું પરંતુ શું! ધર હવે હા! દેવિ! હા! ધૈર્ય તું. ૧૧૨

અહીંઆં 'લીંપે' એમ કહીને (અને) 'પયોદસુહૃદો' એમ કહીને વાચ્ય જેનાં અત્યંત તિરસ્કૃત થયાં છે એવા (લક્ષ્યાર્થોની વ્યંગ્યમાં) સંસૃષ્ટિ છે. તે બન્નેની સાથે, 'રામ છું' એવા બીજા અર્થમાં સંક્રમિત થતા વાચ્યનો, અનુગ્રાહ્ય–અનુગ્રાહક ભાવ વડે સંકર છે. 'રામ' પદની લક્ષણાથી જ એકવ્યંજનકાનુપ્રવેશ વડે અર્થાન્તરસંક્રમિતવાચ્યનો અને રસધ્વનિનો સંકર છે.[૧૪૮] એમ બીજાનાં પણ ઉદાહરણો આપવાં.

કાવ્ય પ્રકાશનો ધ્વનિનિર્ણય નામનો ચોથો ઉલ્લાસ સમાપ્ત થયો.

---

૧૪૭. <આકાશને પોતાની સ્નિગ્ધ અને શ્યામ કાન્તિથી લીંપી દેતા (અને) જેની આગળ બગલીઓ નાચતી હોય એવા મેઘ ભલે હોય; જલકણવાળા પવન ભલે (વાય); અને પયોદના મિત્ર (મયૂર)ની અસ્પષ્ટ આનન્દકેકા ભલે થાય. હું રામ બહુ જ કઠોર હૃદયવાળો છું તે બધું સહીશ પણ વૈદેહીનું શું થશે! દેવી ધીરજ ધર.>

૧૪૮. આ ઉદાહરણમાં સંસૃષ્ટિ અનુગ્રાહ્ય–અનુગ્રાહક રૂપ સંકર તથા એકવ્યંજકાનુપ્રવેશ રૂપ સંકર એમ ત્રણેય મળી આવે છે. ૧. આકાશ અમૂર્ત હોવાથી તેમાં લીંપવાની ક્રિયા સંભવતી નથી એથી લક્ષણાથી 'આકાશમાં વાદળાં પથરાઇ રહ્યાં છે' એવો અર્થ નીકળે છે; તે જ રીતે મોરનું અચેતન મેઘમાં મિત્રત્વ ન ઘટવાથી 'તે જોઇને પોતે કેકા કરે છે' એવો અર્થ નીકળે છે. આ બન્નેથી અતિશયત્વ—આકાશમાં વાદળાં ગાઢ છવાયાં છે અને તે જોતાં વેંત મોર કેકારવ કરવા મંડી જાય છે—સૂચવાય છે. આમાં એ બન્ને લક્ષ્યાર્થરૂપ વ્યંજકોની સંસૃષ્ટિ છે અને એ રીતે તેમના વ્યંગ્યોની પણ સંસૃષ્ટિ છે. ૨. આ બન્નેનો 'રામ' પદથી સૂચવાતા વ્યંગ્ય સાથે અનુગ્રાહ્ય–અનુગ્રાહક રૂપ સંકર છે. તે આ પ્રમાણેઃ—'રામ' પદમાંથી 'બધું એ સહન કરૂં એવો છું' એવો લક્ષ્યાર્થ નીકળે છે, અને તે અર્થથી પોતાની અવજ્ઞા સૂચવાય છે. આકાશમાં વાદળાં છવાઈ રહ્યાં છે,

મોર કેકા કરી રહ્યા છે—એ ઉદ્દીપકોને પણ હું સહન કરી લઉં એવો છું એ જાતની પોતાની અવજ્ઞા બન્નેના સંકરથી સચવાય છે; 'રામ' શબ્દથી સૂચવાતી અવજ્ઞાને ઉપરના અર્થો પોષે છે માટે પોતાની અવજ્ઞા 'અનુગ્રાહ્ય' છે અને મેઘાદિ ઉદ્દીપકો અનુગ્રાહક છે. ૩. 'રામ' પદથી જેવી રીતે પોતાની અવજ્ઞા સૂચવાય છે તેમ એક રીતે પોતાનું વિયોગીપણું પણ સૂચવાય છે. અને એ રીતે પોતાની અવજ્ઞા અને વિપ્રલંભ રસ બન્નેનો એક 'રામ'-પદ રૂપી વ્યંજકમાં અનુપ્રવેશ થાય છે.—એટલે કે બન્ને એક પદ વડે સૂચવાય છે—અને એ રીતે એકવ્યંજકાનુપ્રવેશરૂપ સંકર થાય છે.

# પાંચમો ઉલ્લાસ

આ પ્રમાણે ધ્વનિનો નિર્ણય થયા પછી ગુણીભૂત વ્યંગ્યના પ્રભેદો[૧] વર્ણવેછે.

**સૂ. ૬૬ અગૂઢ, અપરનું અંગ, વાચ્યસિદ્ધ્યંગ, અસ્ફુટ, સંદિગ્ધપ્રાધાન્ય, તુલ્યપ્રાધાન્ય, કાકુ વડે આક્ષિપ્ત થતું અને અસુંદર, (૪૫) વ્યંગ્ય (હોય છે). આમ ગુણીભૂત વ્યંગ્યના આઠ ભેદો કહેવાય છે.[૨]**

કામિનીના કુચકલશની જેમ ગૂઢ (વ્યંગ્ય) ચમત્કાર કરે છે; અગૂઢ તો સ્ફુટ હોવાને લીધે વાચ્ય જેવું થઈ જતું હોવાથી ગુણીભૂત જ છે.

અગૂઢ જેમકે–

[૩]જેના રિપુ કરી તિરસ્કૃતિ આત્મ કેરી
આવી, ધગાવી સુઇને નિજ કાન વીંધે,.
તે હું રહ્યો ગૂંથું રસી કટિમેખલાની,
જીવન્ત હું નથી હયાત હવાં, કરૂં શું ? ૧૧૩

---

૧. પ્રભેદનો સાધારણ અર્થ પેટાભેદો થાય છે. પણ ગ્રન્થકારે કોઈ સ્થાને ગુણીભૂત વ્યંગ્યના ભેદો કહ્યા નથી કે જેથી આને પેટા ભેદ કહેવાનો પ્રસંગ આવે એવી શંકા ઉત્પન્ન થવાનો સંભવ છે. એનું સમાધાન એ રીતે થઇ શકે કે ૪થા ઉલ્લાસમાં પ્રધાનભૂત વ્યંગ્યની ચર્ચા કરતી વખતે જે વ્યંગ્યના ભેદો આપી ગયા છે તે ભેદોના અહીંઆં ગુણીભૂતની દૃષ્ટિએ પેટાભેદો આપે છે. ગયા ઉલ્લાસમાં કરેલા જે ભેદો આમાં ઘટી શકે તેટલા જ લેવાના. જુઓ સૂત્ર ૬૭.

૨. દરેકની સમજુતી તેનાં તેનાં ઉદાહરણો આગળ આવશે.

૩. <(પોતાનો) તિરસ્કાર કરી જેના શત્રુઓ આવી, તપેલી સોય વડે કાનને વીંધે તે હું કટિમેખલાની દોરી ગૂંથવાને યોગ્ય થયો છું; હું હવે જીવતાં (છતાં) નથી; શું કરૂં.?>

આમા બીજા અર્થમાં સંક્રમિત થતા વાચ્યવાળા 'જીવન્ત' પદનું [ વ્યંગ્ય અગૂઢ છે ] [૪].

[૫]ખીલેલ કોકનદ રેણુથી જાંબુરંગી
ગાયે છ મંજુ મધુપો ઘરવાવમાંહી
ને બન્ધુજીવ નવ પુષ્પ સમું વિરાજે
આ સૂર્યનું ઉદયપર્વતચુમ્બિ બિમ્બ. ૧૧૪

આમાં અત્યન્ત તિરસ્કૃત થએલા વાચ્યવાળા 'ચુંબન' પદનું [ વ્યંગ્ય અગૂઢ છે ].[૬]

[૭]આંહી બંધન નાગપાશથી થયું, દ્રોણાદ્રિ આણ્યો અહીં
વજ્રાંગે, તુજ વાગતાં દીયરને શક્તિ ઊંડી ઉરમાં,
પ્હોંચાડયો અહીં સ્વર્ગ ઇન્દ્રજિતને દિવ્યાસ્ત્રથી લક્ષ્મણે,
કોકે કાપી, મૃગાક્ષિ, રાક્ષસપતિની કંઠ ઝાડી અહીં. ૧૧૫ [૬]

૪. 'જીવન્ત' પદ 'નથી હયાત' સાથે ઘટતું ન હોવાથી બાધિત થાય છે તેથી લક્ષણા વડે તેનો વાચ્યાર્થ 'યોગ્ય જીવન' રૂપી બીજા અર્થમાં સંક્રમિત થાય છે; અને તેવા પ્રયોગથી 'મરવું જ સારૂં છે' એવું વ્યંગ્ય સૂચવાય છે. આ વ્યંગ્ય વાચ્યની માફક ગમે તે કોઈ સ્હેલાઇથી સમજી શકે એવું અગૂઢ-સ્પષ્ટ છે; અને તેથી તે ગુણીભૂત છે-તે અત્યન્ત સરળ હોવાથી પ્રધાનપણે ધ્યાન ખેંચતું નથી.

૫. <ઘરની વાવમાં વિકસેલા કોકનદની રજથી જાંબુડીઆ થએલા અંગવાળા ભમરા મીઠું ગાય છે; અને આ નવીન બન્ધુજીવ ફૂલની પાંદડી જેવું, ઉદયાચલને ચુમ્બતું સૂર્યનું બિમ્બ પ્રકાશે છે.>

૬. ચુંબન શબ્દનો અર્થ અચેતન સૂર્યમાં ઘટતો નથી; માટે તેનો અર્થ કેવળ સંયોગ જ લેવો પડે, અને એ રીતે તેનો વાચ્યાર્થ અત્યન્ત તિરસ્કૃત થઇ જાય છે. આ જાતના પ્રયોગથી ઉષઃકાલ થયો છે એવો વ્યંગ્ય સચવાય છે,-તે તદ્દન અગૂઢ છે-સ્પષ્ટ છે.

૭. <અહીંઆં નાગપાશબંધન થયું હતું, અને તારો દીયર શક્તિ વડે છાતીમાં સખ્ત ઘવાતાં હનુમાન અહીં દ્રોણાદ્રિ લાવ્યા હતા; અહીંઆં લક્ષ્મણનાં દિવ્ય શરો વડે ઇન્દ્રજિત પરલોક પહોંચાડાયો. અને હે મૃગાક્ષિ ! અહીંઆં કોકે રાક્ષસપતિનું કંઠવન છેદી નાખ્યું હતું.>

અહીંઆં 'કોકે' પદની અર્થશકિતથી થતો રણકાર રૂપ [વ્યંગ્ય અગૂઢ છે] ૮. 'કાપી તે ય,' પાઠ યુકત છે.[૯]

અપરનું એટલે કે (વાક્યાર્થ થએલા) રસાદિનું અથવા વાચ્યનું અંગ રસાદિ અથવા રણકાર રૂપ.[૧૦] જેમકે

[૧૧] તેજ આ કાંચી ખેંચન્તો પીનસ્તન વિમર્દતો
નાભ્યૂરુજઘનસ્પર્શી નીવીને છોડતો કર. ૧૧૬

---

૮. આ અર્થશકિતમૂલક વ્યંગ્યનું ઉદાહરણ છે. 'કોકે' એ શબ્દના અર્થથી 'મેં રામે' એ વ્યંગ્ય સૂચવાય છે; અને તે તદ્દન અગૂઢ છે—સરળતાથી સમજાઇ જાય છે; અને તે ગુણીભૂત છે.

૯. 'કોકે કાપી' એના સ્થાને 'કાપી તેય' એ પાઠ હોય તો તે યુકત છે એટલે કે વ્યંગ્ય ગુણીભૂત ન થતાં પ્રધાન થાય—એટલે કે અગૂઢપણું જતું રહે અને વ્યંગ્ય પ્રધાન થાય.

૧૦. અહીંથી ગુણીભૂત વ્યંગ્યના બીજા પ્રકારની એટલે કે 'अपरस्यांगम्' 'અપરના અંગની—અપરાંગની' ચર્ચા શરૂ થાય છે. આમાં વ્યંગ્ય ગુણીભૂત થવાનું કારણ એ છે કે પોતે બીજા કોઇનું અંગ બને છે. આ અંગ બનતું વ્યંગ્ય પોતે રસાદિરૂપ હોય એટલે કે અસંલક્ષ્યક્રમરૂપ હોય અથવા રણકારરૂપ હોય એટલે કે સંલક્ષ્યક્રમરૂપ હોય. તે જેનું અંગ બને તે કાંતો રસાદિ હોય કે વાચ્યાર્થ હોય; આ રસાદિ અને વાચ્ય, વાક્યાર્થ થએલા હોય છે એટલે કે વાક્યના તાત્પર્યાર્થ રૂપ હોઇ પ્રધાન હોય છે—મુખ્ય હોય છે—તેનું રસાદિ રૂપ અને રણકાર રૂપ વ્યંગ્ય અંગ બને, અને એ રીતે ગૌણ થાય. ટીકાકારો આ પ્રધાનભૂત રસાદિથી રસ, ભાવ, રસાભાસ, ભાવાભાસ, ભાવશાન્તિ, ભાવોદય, ભાવસંધિ, ભાવશબલતારૂપ અસંલક્ષ્યક્રમરૂપ વ્યંગ્ય અને સંલક્ષ્યક્રમરૂપી વ્યંગ્ય પણ સમજે છે, આ રીતે અપર શબ્દથી અસંલક્ષ્યક્રમ, સંલક્ષ્યક્રમ અને વાચ્ય વસ્તુ એમ ત્રણ સમજવા પડે; જોકે કાવ્યપ્રકાશકાર આ પ્રધાનવ્યંગ્યનાં, રસ, ભાવ અને વાચ્ય એમ ત્રણ પ્રકારનાં જ ઉદાહરણો આપે છે.

૧૧. <આ એ કટિમેખલાને ખેંચનાર, પીનસ્તનનું વિમર્દન કરનાર નાભિ ઊરુ જઘનને સ્પર્શ કરનાર, નીવી છોડનાર હાથ છે.>

આમાં શૃંગાર કરુણનું [ અંગ છે ] [૧૨].

[૧૩]રક્ષો તે તમને નખદ્યુતિ સદા ગૌરી તણા પાદની,
જ્યાં લાગ્યો, હરભાલલોચનતણી લાલીથી લાક્ષારસ;
જે રક્ત દ્યુતિએ, સમૃદ્ધ થઈને ઈર્ષ્યાથી શું, સત્વરે
ધાડી નેત્રની શોણપદ્મ સરખી કાન્તિ ઉતારી દીધી. ૧૧૭

આમાં ભાવનું રસ [ અંગ છે ][૧૪].

[૧૫]શું ઊંચા ફરતા સ્ફુરે ગિરિ અને વિસ્તારી અંભોધિઓ !
તેને ધારતી તો ય થાકતી નહીં લેશે ! નમું છું તને;
એવી જ્યાં બહુ વાર હું સ્તુતિ કરૂં આશ્ચર્યથી પૃથ્વીની
ત્યાં તારો ભુજ તે ધરંત સમરી થંભી ગઇ વાણી એ. ૧૧૮

આમાં રાજા વિશેના રતિભાવનું પૃથ્વી વિશેનો રત્યાખ્ય ભાવ [અંગ છે][૧૬].

---

૧૨. ભૂરિશ્રવાના રણભૂમિમાં પડેલા હાથ વિષે તેની સ્ત્રીઓનો આ શ્લોકમાં વિલાપ છે. આમાં મુખ્ય રસ કરુણ છે, તેનું શૃંગારરસ અંગ બને છે. આને કેટલાક ‘રસવત્’ અલંકાર કહે છે.

૧૩. <પાર્વતીના પગની તે દ્યુતિ તમારૂં હંમેશાં રક્ષણ કરો. કૈલાસવાસીના ભાલના લોચનના તેજથી જેનો અળતો પ્રકટ થાય છે, જેના વડે અત્યન્ત વધેલી કોકનદના જેવી અને તેથી રસવાળી નેત્રની કાન્તિ જાણે સ્પર્ધાના સાતત્યથી સમૃદ્ધિ વડે દૂર કરાય છે.>

૧૪. આ શ્લોકમાં કવિનો પાર્વતી વિષેનો રત્યાખ્ય ભાવ પ્રધાન છે; તેનું, માહાદેવનો પાર્વતી વિષેનો શૃંગારરસ અંગ છે. આમાં પણ ‘રસવત્’ અલંકાર છે.

૧૫. <ચારે બાજુ ફરતા ઊંચા પર્વતો સ્ફુરે છે, તેમ જ વિશાળ સમુદ્રો; તે બધાને ધારણ કરતી તું કેમે કરીને થાકતી નથી; તને નમસ્કાર. આ પ્રમાણે જ્યાં હું આશ્ચર્યથી અનેકવાર પૃથ્વીની સ્તુતિ કરૂં છું ત્યાં તો એને ધારણ કરતો તારો હાથ યાદ આવ્યો; અને ત્યારે વાણી બંધ થઇ ગઇ.>

૧૬. આ શ્લોકમાં કવિનો રાજા વિશેનો રત્યાખ્યભાવ પ્રધાન છે; તેનું અંગ પૃથ્વી વિશેનો કવિનો રત્યાખ્ય ભાવ છે. આને ‘પ્રેય’ અલંકાર કહે છે.

[૧] તારા સૈનિક શત્રુસુંદરી હરી લાવી, પતિ દેખતાં
આલિંગે, પકડે, કરે પ્રણુતિઓ, ચૂમે બધે અંગને;
તે તારા રિપુઓ સ્તવે નૃપ તને "ઔચિત્યના સાગર!
પામ્યા દર્શન તારું ને સુકૃતથી વામી વિપત્તિ બધી. ૧૧૯

આમાં ભાવનું, પ્રથમાર્ધ અને દ્વિતીયાર્ધથી (ક્રમે) પ્રગટ થતા રસાભાસ અને ભાવાભાસ [અંગ છે][૧૮].

[૧૯]અસિ વીંઝી જ ગર્જના કરી
ભ્રુકુટિથી ભડકાવીને બહુ
મદ શત્રુ બતાવતા; ગયો
ક્ષણમાં તે કહીં એ તું નિર્ખતાં. ૧૨૦

આમાં ભાવનું ભાવપ્રશમ [અંગ છે][૨૦].

---

૧૭. <હે નૃપ તારા સૈનિકો તારા શત્રુઓની મૃગલોચનાઓને કેદ કરી તેમના વ્હાલાઓના દેખતાં ભેટે છે, પગે પડે છે, પકડે છે, જ્યાં ત્યાં ચૂમે છે; અને તે શત્રુઓ વડે તું આ પ્રમાણે વખણાય છે, 'હે ઔચિત્યના સમુદ્ર, તું અમારા સારા નશીબથી અમારી આંખે પડ્યો કે જેથી અમારી બધી આપત્તિઓ દૂર થઈ ગઈ.>

૧૮. આ શ્લોકમાં કવિનો રાજા વિશેનો રત્યાખ્ય ભાવ પ્રધાન છે. શ્લોકની પ્હેલી બે લીટીઓ સૈનિકોનો પરસ્ત્રી વિશેનો શૃંગાર રસાભાસ સૂચવે છે; છેલ્લી બે શત્રુઓનો પોતાના શત્રુરાજા વિશેનો રત્યાખ્ય ભાવાભાસ સૂચવે છે. આ બન્ને–રસાભાસ અને ભાવાભાસ રાજા વિશેના, રત્યાખ્ય ભાવનું અંગ છે. આને 'ઊર્જસ્વી' અલંકાર કહે છે.

૧૯. <સતત તરવારના ફેરવવાથી અને ભમરના તર્જન વડે અને ગર્જન વડે તારા શત્રુઓનો મદ અનેકવાર દેખાયો હતો; તે તારું દર્શન થતાં ક્ષણમાં ક્યાંક ચાલ્યો ગયો.>

૨૦. આ શ્લોકમાં કવિનો રાજા વિષેનો રત્યાખ્યભાવ પ્રધાન છે; શત્રુઓના મદરૂપી ભાવનું શાન્ત થઈ જવું એ તેનું અંગ છે. આને 'સમાહિત અલંકાર કહે છે.

[૨૧]મિત્રોની સંગ પણ, શત્રુ, મૃગાક્ષીઓની
સાથે શરૂ જ કરતાં મધુપાન લીલા;
લીધું બીજા અરથમાં તવ નામ કોકે
તેણે વિભો! કરી દીધી વસમી અવસ્થા. ૧૨૧

આમાં ત્રાસોદય [અંગ છે][૨૨].

[૨] ન સ્હેવાતાં, ત્યારે પ્રગટિત થતું દોહ્યલું તપ,
ઉમાની ગોષ્ઠીના પ્રણયરસમાં લીન બનતાં,
થતા એકીવારે ત્વરિત શિથિલ સ્વાંગ તજવા
બટુનો. તે અર્પો સ્મરહર પ્રમોદો જ તમને. ૧૨૨

આમાં આવેગ અને ધૈર્યની સંધિ [અંગ છે][૨૪].

[૨૫]'દેખે કોઈ, ખસ ચપલ રે, શી ત્વરા, હું કુમારી,
સ્હાવા દેને કર, અરર! શે થાય એ, ક્યાં તું જાયે?'

---

૨૧. <બાલમૃગનેણીઓ (અને) મિત્રો સાથે તારા શત્રુ મધુપાન કરવા પ્રવૃત્ત થતાં હે વિભો! અન્ય અર્થનું બોધક કોઈકે લીધેલા તારા નામે, ત્યાં વિષમ અવસ્થા કરી નાખી.>

૨૨. આ શ્લોકમાં કવિનો રાજા વિષેનો રત્યાખ્યભાવ પ્રધાન છે; 'વસમી અવસ્થા'થી વ્યક્ત થતો ત્રાસોદય તે રત્યાખ્યભાવનું અંગ છે. આને 'ભાવોદય' અલંકાર કહે છે.

૨૩. <તે સમયના ઉત્પન્ન થતા તપના દુઃસહત્વને સહન ન કરી શકતો અને પાર્વતીના કથાના વિશ્રંભનો રસિક, ખોટા બટુવેષને દૂર કરવામાં ત્વરા અને શૈથિલ્યથી એકી સાથે પ્રેરાએલ સ્મરહર (શંકર) તમને આનંદ આપો.>

૨૪. આ શ્લોકમાં કવિનો શિવ વિષેનો રત્યાખ્યભાવ પ્રધાન છે. 'ત્વરિત' અને 'શિથિલ' પદોથી વ્યક્ત થતા આવેગ અને ધૈર્યની સંધિ તેનું અંગ છે. આને 'ભાવસંધિ' અલંકાર કહે છે.

૨૫. <'કોઈ જોશે, હે ચપલ ખસ, આટલી ઉતાવળ કેમ છે? હું કુમારી છું, હાથનો ટેકો આપ, અરે આતો અનુચિત થયું, તું ક્યાં જાય છે.' હે રાજન્ વનવાસમાં રહેતા તારા શત્રુની કન્યા ફળ અને કુંપળો તોડતી કોકને આ પ્રમાણે કહે છે.>

પૃથ્વીસ્વામી! વન નિવસતા આપના શત્રુ કેરી
કન્યા લેતી કુંપળ ફૂલ ત્યાં કોઇને એમ કહે છે. ૧૨૩

આમાં શંકા, અસૂયા, ધૃતિ, સ્મૃતિ, શ્રમ, દૈન્ય, વિબોધ અને ઔત્સુક્યની શબલતા [અંગ છે][૨૬].

આ બધા રસવત્ વગેરે અલંકારો જો કે ભાવોદય, ભાવસંધિ, ભાવશબલતા, અલંકાર તરીકે કહેવાયા નથી તોપણ કોઈ કહે એટલા માટે એમ કહ્યું છે.[૨૭] જો કે એવો

૨૬. આ શ્લોકમાં કવિનો રાજા વિષેનો રત્યાખ્યભાવ પ્રધાન છે. 'દેખે કોઇ' એ પદોથી શંકા, 'ખસ ચપલ રે', એ પદોથી અસૂયા, 'શી ત્વરા' એ પદોથી ધૃતિ, 'હું કુમારી' એ પદોથી સ્મૃતિ, 'સ્હાવા દેને કર' એ પદોથી શ્રમ, 'અરર' એ પદથી દૈન્ય, 'શે થાય એ' એ પદો વડે વિબોધ, 'ક્યાં તું જાયે' એ પદોથી ઔત્સુક્ય સૂચવાય છે. આ બધાની શબલતા કવિના રત્યાખ્યભાવનું અંગ છે. આમાં 'ભાવશબલતા' અલંકાર છે.

૨૭. જેમાં 'રસ' ગુણીભૂત હોય તે રસવત્ અલંકાર જુઓ. ટિ. ૧૨, ૧૪; જેમાં 'ભાવ' ગુણીભૂત હોય તે 'પ્રેયસ્' અલંકાર જુઓ. ટિ. ૧૬; જેમાં 'રસાભાસ અને ભાવાભાસ' ગુણીભૂત હોય તે 'ઊર્જસ્વી' જુઓ ટિ. ૧૮; જેમાં 'ભાવશાન્તિ' ગુણીભૂત હોય તે 'સમાહિત' અલંકાર જુઓ. ટિ. ૨૦.

'આ બધા રસવત્ વગેરે અલંકારો છે'—એ વાક્યમાંથી એ પણ નિષ્પન્ન થાય છે કે ભાવોદય (ઉ. ૧૨૧) ભાવશાન્તિ (ઉ. ૧૨૨) અને અને ભાવશબલતા (ઉ. ૧૨૩) પણ અલંકારો છે. હવે પૂર્વના આલંકારિકોએ આમને અલંકાર ગણ્યા નથી, તો પછી વૃત્તિકાર શા માટે તેમનો પણ અલંકારમાં સમાવેશ કરે છે એવી શંકાના સમાધાનમાં કહે છે જે દૃષ્ટિથી 'રસવત્' વગેરે અલંકાર કહેવાય છે તે દૃષ્ટિથી જો કોઇ 'ભાવોદય' વગેરેને અલંકાર કહેવા ધારે તો તે કહી શકે; અને તેથી વૃત્તિકાર પણ એ દૃષ્ટિએ તેમનો અલંકારમાં સમાવેશ કરે છે. 'જે પોતે બીજાનો ઉત્કર્ષ કરવા વપરાય' તે અલંકાર; ઉપરનાં ઉદાહરણોમાં રસ વગેરે તેમ જ ભાવોદય વગેરે સરખી રીતે ગૌણ હોઇ પ્રધાનભૂત રસ, ભાવ વગેરેના પોષક છે; માટે તેમાંના અમુકને જો અલંકાર કહો તો તે જ કારણથી બીજાને પણ અલંકાર કહેવાનું પ્રાપ્ત થાય છે.

**કોઈ વિષય નથી જેમાં ધ્વનિ અને ગુણીભૂત વ્યંગ્યનો પોતાના પ્રભેદો સાથે સંકર અથવા સંસૃષ્ટિ ન હોય તો પણ 'પ્રધાનપણાથી વ્યવહારો થાય છે'** [૨૮] **એ ન્યાયે કોઇક સ્થાને કોઈકિ વડે વ્યવહાર થાય છે.** [૨૯]

---

વાસ્તવિક રીતે શ્રી. મમ્મટાચાર્યને આ બધા અલંકારો તરીકે સંમત નથી; તેમ હોત તો તેનો અલંકારની ચર્ચા કરતા દશમા ઉલ્લાસમાં ઉલ્લેખ હોત. પણ તેમાં એનો ઉલ્લેખ કર્યો નથી. મમ્મટાચાર્યે સૂ. ૮૮ માં આપેલા લક્ષણ પ્રમાણે આ અલંકાર કહેવાય નહિ. તે પ્રમાણે જે ધર્મો 'શબ્દાર્થ' અંગદ્વારા રસ વગેરે અંગીના ઉપકારક થાય તે અલંકાર કહેવાય; ઉપર પ્રમાણે જે સાક્ષાત્ ઉપકારક થાય તે અલંકાર નહિ, પણ ગુણીભૂત વ્યંગ્ય કહેવાય. એટલે કે અલંકાર ત્યારે કહેવાય કે જ્યારે અમુક કથન શબ્દની અથવા અર્થની ચમત્કૃતિ ઉત્પન્ન કરી તે દ્વારા મુખ્ય બાબતની ઉપકારક થાય, નહિં કે શબ્દાર્થ પોતાની વ્યંજના શક્તિથી વ્યંગ્ય બતાવીને લાગલા જ પ્રધાનભૂત બાબતના ઉપકારક થાય ત્યારે. અહીંઆં ગ્રંથકાર તેમનો અલંકાર તરીકે ઉલ્લેખ કરે છે તે કેવળ પ્રાચીન પ્રથા જણાવવા માટે જ.

૨૮. प्राधान्येन व्यपदेशा भवन्ति—અનેક બાબતોમાં જે મુખ્ય હોય તેને જ લઇને આખા વિશે વ્યવહાર થાય.

૨૯. ઉપરના ઉદાહરણોમાં અમુક રસ કે ભાવ પ્રધાનપણે છે અને બીજા તેને ગૌણ છે. તો પછી તે શ્લોકોને રસધ્વનિ કે ભાવધ્વનિના ઉદાહરણ કહેવાને બદલે શામાટે ગુણીભૂત વ્યંગ્યનાં ઉદાહરણો કહેવાં? તેના જવાબમાં કહે છે કે સાધારણ રીતે ધ્વનિવાળા અને ગણીભૂત વ્યંગ્ય વાળા શ્લોકોમાં એવો કોઇ નથી હોતો કે જેમાં તેમનો પોતાના પેટાભેદો સાથે એક અથવા બીજી રીતે સંકર કે સંસૃષ્ટિ ન હોય; છતાં પણ વ્યવહાર તો જે મુખ્ય હોય છે તેને લઇને જ થાય છે. મુખ્ય એટલે કે વધારે ચમત્કારી. ઉપરનાં ઉદાહરણોમાં અમુક રસ કે ભાવ અર્થની દૃષ્ટિએ પ્રધાન એટલે કે અંગી છે પણ તેમના કરતાં તેમને અંગભૂત વ્યંગ્ય વધારે ચમત્કારી હોવાથી તેઓને ગુણીભૂતવ્યંગ્યનાં ઉદાહરણો ગણ્યાં છે; જ્યારે અર્થની દૃષ્ટિએ પ્રધાન વ્યંગ્ય ચમત્કૃતિમાં પણ પ્રધાન હોય ત્યારે તે ધ્વનિ કહેવાય.

[30]जनस्थाने भ्रान्तं कनकमृगतृष्णान्धितधिया ।
वचो वैदेहीति प्रतिपदमुदश्रुप्रलपितम् ॥
कृतालंकाभर्तुर्वदनपरिपाटीषु घटना ।
मयाप्तं रामत्वं कुशलवसुता न त्वधिगता ॥ १२४ ॥

આમાં શબ્દ શક્તિથી ઉત્પન્ન થતો રણકાર રૂપ, રામ સાથેનો ઉપમાન–ઉપમેયભાવ વાચ્યના અંગપણાને પામેલ છે.[31]

[32]ગાળી નિશાપ્રહર ક્યાંક, હવે પ્રભાતે
આવી ધીમા પદથી, તન્વિ ! સહસ્રરશ્મિ

---

૩૦. <જનસ્થાનમાં કનકમૃગતૃષ્ણાથી આંધળી થએલી બુદ્ધિથી ભટક્યો, ડગલે ડગલે આંસુ આણી વૈદેહિ વૈદેહિ એવી વાણી બક્યા કરી. ખરાબ શેઠની તાબેદારી ઉઠાવવા પૂરેપૂરી ઘટના કરી, અને રામત્વ તો મળી ગયું પણ કુશલ-વસુતા ન મળી.> આ શ્લોક રાજસેવાથી નિરાશ થએલા કવિની ઉક્તિ છે. તેમાં મૂળ શ્લોકમાં શબ્દો એવી રીતે ગોઠવ્યા છે કે જેથી તેમાંથી રામ સાથે ઉપમાનઉપમેય ભાવ વ્યક્ત થાય. જેમકે–( કવિપક્ષે ) કનકની મૃગતૃષ્ણાથી –ધન મેળવવાની નિષ્ફળ આશાથી–આંધળો થએલો જનસ્થાનમાં–લોકોમાં ' वै देहि ' ' આપો ' એમ બકતો બકતો ભટક્યો. ( રામપક્ષે ) કનકમૃગની તૃષ્ણાથી આંધળો થએલો રામ વૈદેહિ–સીતા, સીતા બકતો રડતો જનસ્થાન નામના અરણ્યમાં ભટક્યો. (કવિપક્ષે) काभर्तुः—ખરાબ ધણીની ( वदनपरिपाटीषु कृता अलं–घटना ) તાબેદારી વિષે ઘણું કર્યું ( રામ પક્ષે ) ( लंकाभर्तुः ) લંકાના ધણી રાવણની ( वदन परीपाटीषुघटना कृता ) મુખપંક્તિ વિષે બાણની યોજના કરી. ( કવિ પક્ષે ) મેં રામત્વ મેળવ્યું પણ કુશલ વસુતા–લક્ષ્મી ન મેળવી, (રામ પક્ષે) કુશલવસુતા ( કુશલવ જેના સુત છે એવી ) –સીતા–ન મેળવી.

૩૧ ઉપરના શ્લોકોમાં ' મેં રામત્વ મેળવ્યું ' એ વાચ્યાર્થ પ્રધાન છે; ' जनस्थाने ' વગેરે પદોથી સૂચવાતો ઉપમાન–ઉપમેયભાવ તેનું અંગ બને છે. આ વ્યંગ્ય શબ્દશક્તિમૂલક છે, કારણ કે તેનો આધર ઉપરના શબ્દો ઉપર છે, તે ફેરવી નાંખવામાં આવે તો તે ભાવ વ્યક્ત ન થાય.

૩૨. <હે તન્વંગિ ! જો ! સૂર્ય કોઇ ઠેકાણે રાત્રિ પસાર કરીને અત્યારે સવારે ધીમે ધીમે આવીને વિયોગથી બ્હીલાઇ ગએલા અંગવાળી આ કમલિનીને પાદપતનવડે પ્રસન્ન કરે છે.>

જેને પ્રસન્ન કરતો ચરણે પડીને
આ પદ્મિની વિરહથી કૃશ અંગવાળી. ૧૨૫ [૨]

અહીંઆં અર્થશક્તિમૂલક વસ્તુરૂપ નાયકનાયિકાનો વૃત્તાન્ત, તેની અપેક્ષા ન રાખતા રવિકમલિનીના વૃત્તાન્તના અધ્યારોપ (અભેદારોપ) થી જ ખડો થાય છે.[૩૩]

વાચ્યસિદ્ધયંગ જેમકે—

[૩૪]भ्रमिमरतिमलसहृदयतां प्रलयं मूर्छां तमः शरीरसादम् ।
मरणं च जलदभुजगजं प्रसह्य कुरुते विषं वियोगिनीनाम् ॥१२६॥

આમાં વ્યંગ્ય હાલાહલ વાચ્ય ભુજગરૂપકને સિદ્ધ કરે છે.[૩૫]
અથવા તો જેમકે—

---

૩૩. આ શ્લોકમાં સૂર્ય અને પદ્મિનીનો વૃત્તાન્ત મુખ્ય છે. આખા શ્લોકના અર્થમાંથી નાયકનાયિકાવૃત્તાન્તરૂપ વસ્તુ વ્યક્ત થાય છે. આ અર્થ-શક્તિમૂલક વ્યંગ્ય સૂર્ય અને પદ્મિનીના વાચ્ય વૃત્તાન્તને પોષતો હોવાથી તેનું અંગ છે.

અહીંઆં ગુણીભૂત વ્યંગ્યના બીજા ભેદની–અપરનું અંગ–ની ચર્ચા પૂરી થાય છે.

૩૪. અહીંથી વાચ્યસિદ્ધયંગનાં ઉદાહરણો શરૂ થાય છે. <જલદ રૂપી ભુજગમાંથી ઉત્પન્ન થતું વિષ (પાણી) બળાત્કારે વિયોગિનીઓને (ચિત્ત) ભ્રમ, (વિષયોમાં) અરુચિ, ઉદાસીનતા, નિશ્ચેષ્ટતા, મૂર્છા, અંધકાર, શરીરની દુર્બળતા, અને મરણ કરે છે.>

૩૫. અહીંઆં જલદ (વાદળું) એ જ ભુજગ (સર્પ) છે એ રૂપક વાચ્ય છે. જલવાચક વિષ શબ્દ હાલાહલ સૂચવે છે. આ વ્યંગ્ય વાચ્ય રૂપકની સિદ્ધિનું અંગ છે. એટલે કે જલવાચક વિષ શબ્દ હાલાહલ ન સૂચવે તો જલદ એ જ ભુજગ છે એ (વાચ્ય) રૂપક સિદ્ધ થાય નહિ. એ રીતે આ ઉદાહણમાં વ્યંગ્ય વાચ્યાર્થની સિદ્ધિનું અંગ બને છે, અને તેથી ગુણીભૂત બને છે.

[૩૬]જાઉં અચ્યુત! દર્શનેથી વળશે શું આપના તૃપ્તિ કૈં ?
ને એકાન્ત રહ્યાથી આમ વદશે વાંકું મુઆં દુર્જનો;
એ વેણે સૂચવેલી મોઘ સ્થિતિના ખેદે વ્હૉલી ગોપીને
ભેટન્તો પુલકે ભરેલ તનુથી રક્ષો તમોને હરિ.
૧૨૭ [૩]

આમાં અચ્યુત વગેરે પદનું વ્યંગ્ય ‘એ વેણે’ વગેરે વાચ્યની [ સિદ્ધિનું અંગ છે ][૩૭].

એક જગ્યાએ એક જ વકતાના કહેવાથી અને બીજી જગાએ ભિન્ન વકતાઓના કહેવાથી એ રીતે આ બેમાં ભેદ છે.[૩૮]

અસ્ફુટ જેમકે—

[૩૯]અદૃષ્ટે દર્શનોત્કણ્ઠા, દૃષ્ટે બ્હીક વિયોગની;
તમે અદૃષ્ટ[૪૦] કે દૃષ્ટે બન્નેયે સુખ ના મળે. ૧૨૮ [૪]

આમાં, દેખાતો બંધ ન થાય અને વિયોગનો ભય ઉત્પન્ન ન થાય એવું કર’ એવું (વ્યંગ્ય) કિલષ્ટ છે.

---

૩૬. <હે અચ્યુત! હું જાઉં છું, તમારા દર્શનથી કાંઇ તૃપ્તિ થશે? અને વળી મુઆ લોક આપણે બે એકાંતમાં છીએ એનો બીજો અર્થ કરશે. એ પ્રમાણે બોલવાની રીતથી જેનો ત્યાં વૃથા ઉભા રહ્યાનો ખેદ સૂચવાય છે તે વડે મંદ થએલી ગોપીને આલિંગતા, રોમાંચથી વ્યાપ્ત થએલા શરીરવાળા હરિ તમારૂં રક્ષણ કરો.>

૩૭. અચ્યુત વગેરે પદથી એવું વ્યંગ્ય સૂચવાય છે કે ‘તું અચ્યુત છે–ધૈર્યમાંથી ચ્યુત થાય–ખસે–એવો નથી માટે અહીં ઉભા રહેવું નકામું છે વગેરે’. આ વ્યંગ્ય ‘એ વેણે’ વગેરેના વાચ્યાર્થની સિદ્ધિનું અંગ છે; એ વાચ્યાર્થ ઉપરના વ્યંગ્ય વિના સમજાય નહિ.

૩૮. ‘भ्रमिमरतिम्’ વગેરે ઉદાહરણમાં વાચ્ય અને વ્યંગ્યનો વક્તા એક જ છે—એટલે કે કવિ પોતે છે. બીજામાં–‘જાઉં અચ્યુત’ વગેરેની વક્તા ગોપી છે અને ‘એ વેણુ’ વગેરેનો વક્તા કવિ છે.

૩૯. <દેખાય નહિ ત્યારે જોવાની ઉત્કંઠા, દેખાય ત્યારે વિયોગની બ્હીક, આ રીતે તમારા દેખાવાથી અને ન દેખાવાથી સુખ મળતું નથી.>

૪૦. આ શ્લોકનું વ્યંગ્ય સહૃદયોને પણ વિલંબથી સમજાય એવું કિલષ્ટ છે–અસ્ફુટ છે–માટે તે ગુણીભૂત થાય છે.

સંદિગ્ધપ્રાધાન્ય જેમકે—

[૪૧]શશી ઉગન્તાં ઉદધિની જેમ જરા ચળન્તાં નિજ ધૈર્ય ઈશે
સંચારિયાં લોચન, બિંબ જેવા ઓષ્ઠો પરે ત્યાં વદને ઉમાના.
૧૨૯ [૫]

આમાં 'પરિચુંબન કરવાને ઇચ્છા કરી' એ વ્યંગ્ય પ્રધાન છે કે 'લોચન સંચાર્યાં 'એ વાચ્ય પ્રધાન છે એવો સંદેહ [છે].[૪૨]

તુલ્યપ્રાધાન્ય જેમકે—

[૪૩]બ્રાહ્મણોનો તિરસ્કાર તજ્યે છે હિત આપનું;
જામદગ્ન્ય સમો મિત્ર, નહિ તો દુર્મનાં થશે. ૧૩૦ [૬]

આમાં જામદગ્ન્ય સર્વે ક્ષત્રિઓની જેમ રાક્ષસોનો ક્ષણમાં ક્ષય કરશે એ વ્યંગ્ય અને વાચ્યનું સરખું પ્રાધાન્ય છે [૪૪].

કાકુથી આક્ષિપ્ત થતું જેમકે—

[૪૫]રોળું ન કોપથી રણે શત કૌરવોને,
પીઉં દુશાસન તણા ઉરથી ન રક્ત,
ભાંગું ન સાથળ સુયોધનના ગદાથી,
સંધિ કરો પણ લઈ નૃપતિ તમારા. ૧૩૧ [૭]

---

૪૧. <ચન્દ્રનો ઉદય થતાં, સમુદ્રની જેમ, પોતાનું ધૈર્ય કંઇક ખસતાં શંકરે ઉમાના મુખ ઉપર બિંબફલ જેવા અધરોષ્ઠો તરફ લોચનો પ્રેર્યાં.>

૪૨. વાચ્ય વધારે ચમત્કારી છે કે વ્યંગ્ય એ સંદેહ છે, માટે વ્યંગ્ય ગુણીભૂત છે.

૪૩. <બ્રાહ્મણોના અપમાનનો ત્યાગ તમારા જ કલ્યાણને માટે છે. નહિ તો તેવો જમદગ્નિ મિત્ર ગુસ્સે થશે.>

૪૪. આ શ્લોકમાં 'ક્ષત્રિયોનો જેમ નાશ કર્યો એમ તમારો રાક્ષસોનો પણ નાશ કરશે' એ વ્યંગ્ય છે. 'બ્રાહ્મણોનું અપમાન નહિ કરવામાં તમારૂં ભલું છે' એ વાચ્ય છે. બન્ને સરખી રીતે પ્રધાન છે.

૪૫. <યુદ્ધમાં કોપથી સો કૌરવોને નહિ હણું, દુઃશાસનની છાતીમાંથી લોહી નહિ પીઉં, અને ગદા વડે સુયોધનની જાંગના ચૂરા નહિ કરી નાંખું. તમારો રાજા ભલે સાટાથી સંધિ કરે.>

આમાં રોળું જ વગેરે વ્યંગ્ય વાચ્યના નિષેધની સાથે રહેલું છે.[૪૬]

અસુંદર જેમકે—

[૪૭]વાનીર કુંજમાંથી ઊડંતાં પંખીંનો અવાજ સુણી,
ઘરકામમાં પડેલી વહુનાં ગાત્રો ઢીલાં થાયે. ૧૩૨ [૮]

આમાં 'સંકેત દીધેલો કોઇક લતાગહનમાં પેઠો છે' એ વ્યંગ્યના કરતાં 'ગાત્રો ઢીલાં થઈ જાય છે' એ વાચ્ય (વધારે) ચમત્કારી છે.[૪૮]

**(સૂ. ૬૭) યોગ્યતા પ્રમાણે આમના ભેદો પહેલાંની જેમ[૪૯] જાણી લેવા. ૪૬.**

યોગ્યતા પ્રમાણે એટલે કે—'જ્યારે વસ્તુ માત્રથી અલંકારો વ્યક્ત થાય ત્યારે તે ખરેખર ધ્વનિનાં અંગ છે—એને ધ્વનિ કહેવ-

૪૬. આ શ્લોક કૌરવકુળનો નાશ કરવાની પ્રતિજ્ઞા લેનાર ભીમ બોલે છે. 'રોળીશ નહિ' વગેરે શબ્દો એને માટે ઘટતા નથી. માટે કાકુ વડે–એટલે બોલતાં અવાજ બદલાઇ જાય છે તે વડે–'રોળીશ નહિ એમ નહિ' વગેરે અભાવનો અભાવ સૂચવી 'રોળીશ જ વગેરે' એવું વ્યંગ્ય સૂચવાય છે. આમાં વ્યંગ્ય પ્રધાન થતું નથી કારણકે તે અભાવસૂચક વાચ્ય-ની સાથે જ સૂચવાય છે. જ્યાં કાકુ પછી વિલંબથી ધ્વનિ સ્ફુરે ત્યાં તે પ્રધાન થાય. જુઓ ઉલ્લાસ ૩. ઉદાહરણ ૧૫ અને ટીપ અહીંઆં બન્નેનું ભાન કાકુ વડે સાથે થવાથી વ્યંગ્ય ગુણીભૂત થાય છે.

૪૭. <નેતરના કુંજમાંથી ઊડતાં પંખીઓનો કોલાહલ સાંભળતી, ઘરકામમાં રોકાએલી વહુનાં ગાત્રો ઢીલાં થઇ જાય છે.>

૪૮. આ શ્લોકમાં વાચ્ય કરતાં વ્યંગ્ય અસુંદર છે–માટે ગુણીભૂત શબ્દ સુણતાં એકદમ સર્વ અંગો ઢીલાં થઈ જવાં–એ વાચ્ય વધારે સુંદર છે.

૪૯. ગુણીભૂત વ્યંગ્યના ફક્ત આ આઠ ભેદો જ નથી. પણ ધ્વનિના જે રીતે ભેદ પાડવામાં આવે છે તે રીતે ગુણીભૂત વ્યંગ્યના પણ ભેદો થઇ શકે. યોગ્યતા પ્રમાણે એટલે કે ધ્વનિના જે ભેદ ગુણીભૂત વ્યંગ્યમાં ન ઘટી શકે એવા હોય તે બાદ કરીને. જુઓ ટિ. ૧.

હાવામાં પ્રયોજક છે[51]-કારણકે કાવ્યવૃત્તિને તેમનો આશ્રય છે"[51]. એ રીતે ધ્વનિકારે બતાવેલી દિશાએ જ્યાં વસ્તુ માત્રથી અલંકાર વ્યક્ત થાય ત્યાં ગુણીભૂત વ્યંગ્યત્વ નથી.[52]

**(સૂ. ૬૮) સાલંકાર[53] એવાં તેમની સાથે સંસૃષ્ટિ અને સંકરની રીતે ધ્વનિનું મિશ્રણ થાય છે.**

સાલંકાર એટલે તે જ અલંકારો, અને અલંકારથી યુક્ત એવાં તે[54] [ ગુણીભૂત વ્યંગ્ય ]. ધ્વનિકારે તે કહ્યું છે—"તે સાલંકાર ગુણીભૂત વ્યંગ્ય સાથે અને પોતાના પ્રભેદો સાથે સંકર અને સંસૃષ્ટિ વડે વળી અનેક રીતે પ્રકાશે છે."[55]

---

૫૦. જે કાવ્યમાં વસ્તુમાત્રથી અલંકાર વ્યક્ત થાય તે ધ્વનિ કાવ્ય કહેવાય. જુઓ સૂત્ર ૫૩.

૫૧. કાવ્યનો વ્યવહાર અલંકારની અપેક્ષા રાખે છે—એટલે કે અલંકારની સુંદરતાથી શબ્દાર્થને કાવ્ય કહી શકાય.

૫૨. ધ્વનિ કાવ્યના જે ભેદ ગુણીભૂત વ્યંગ્યમાં ઘટી શકતા નથી તે આમાં બતાવે છે. જ્યારે વસ્તુથી અલંકાર સૂચવાય ત્યારે તે હંમેશાં ધ્વનિ કાવ્ય જ બને; તે કદાપિ ગુણીભૂત થાય નહિ. માટે એ દૃષ્ટિએ પાડેલા ભેદો ગુણીભૂત વ્યંગ્યમાં આવી શકે નહિ. કારણકે વાચ્ય વસ્તુ કરતાં અલંકાર વધારે સુંદર હોય છે એ નિયમથી અગૂઢત્વ વગેરે કારણોથી વ્યંગ્યનું ચારુત્વ ઘટી જાય તો પણ અલંકારની ચારુતાને લઇને તેને ધ્વનિ જ કહેવો પડે.

૫૩. અલંકાર શબ્દથી બે અર્થો લેવાના: અલંકારો, અને અલંકારત્વ–અલંકૃત થવું તે—ભાવવાચકનામ.

૫૪. ધ્વનિ અને ગુણીભૂત વ્યંગ્યનું એક પ્રકારની સંસૃષ્ટિ અને ત્રણ પ્રકારના સંકરથી મિશ્રણ થાય. અલંકારો સાથે એટલે—સમાસોક્તિ, રસવત્ વગેરે ગુણીભૂતવ્યંગ્ય અલંકારો સાથે. અલંકારથી યુક્ત એવાં તે સાથે એટલે કે ઉપમા વગેરે (વાચ્ય) અલંકારોથી યુક્ત વસ્તુરૂપ ગુણીભૂત વ્યંગ્ય સાથે. આવા ગુણીભૂત વ્યંગ્ય સાથે ધ્વનિનું મિશ્રણ થાય.

સૂ. ૬૩ અને સૂ. ૬૮ ની હકીકત ભેગી કરીએ તો એમ ફલિત થાય કે ધ્વનિનું ધ્વનિ સાથે, ગુણીભૂત વ્યંગ્ય સાથે અને વાચ્ય અલંકાર સાથે મિશ્રણ થાય.

૫૫. તે એટલે ધ્વનિ. પોતાના એટલે ધ્વનિના.

**(સૂ. ૬૯) એમ એકબીજાના મિશ્રણથી ભેદની સંખ્યા ઘણી મોટી થાય. ૪૭**

એમ—એ પ્રકારે પેટા ભેદો ગણાતાં ગણના બહુ જ મોટી થઈ જાય. જેમકે—ભેદ અને પ્રભેદ ગણતાં શૃંગારનું અનન્તપણું થાય. બધાની ગણત્રીની તો શી વાત?

પણ [૫૬]સંક્ષેપમાં ધ્વનિના ત્રણ ભેદો છે; શાથી જે વ્યંગ્યનાં ત્રણ રૂપ [૫૭]છે. જેમકે કોઈક વાચ્યતાને સહન કરે છે અને કોઈક બીજા પ્રકારનું છે (એટલે કે કોઈક વાચ્યતાને સહન ન કરે તેવું છે). તેમાં વાચ્યતાસહ અવિચિત્ર અને વિચિત્ર. અવિચિત્ર માત્રવસ્તુ રૂપ પણ વિચિત્ર અલંકારરૂપ છે. જોકે પ્રધાનપણે તે અલંકાર્ય છે છતાં બ્રાહ્મણશ્રમણ ન્યાયથી [૫૮]તેમ કહેવાય છે. પરંતુ રસાદિ સ્વરૂપ અર્થ સ્વપ્ને પણ વાચ્ય નથી કારણકે [તે જો વાચ્ય હોય તો] તેનું રસાદિ શબ્દ વડે અથવા શૃંગારાદિ શબ્દ વડે અભિધાન થાય, પણ તેમ અભિધાન થતું નથી. તેનો પ્રયોગ હોય તો પણ વિભાવાદિનો પ્રયોગ ન હોય તો તેથી તેનું ભાન થતું નથી તેથી, તેનો પ્રયોગ ન હોય તો પણ વિભાવાદિનો પ્રયોગ હોય તો તેનું ભાન થાય તેથી—એ રીતે અન્વય વ્યતિરેકથી—એમ નિશ્ચિત થાય છે કે તે વિભાવાદિના અભિધાન દ્વારા જ સમજાય છે. [૫૯]તેથી આ વ્યંગ્ય જ છે. મુખ્યાર્થને બાધ વગેરે ન હોવાથી તે લક્ષણાથી જણાતો નથી.

---

૫૬. અહીંથી નવું પ્રકરણ શરૂ થાય છે. અત્યાર સુધી ધ્વનિ અને ગુણીભૂત વ્યંગ્યની ચર્ચા કરી. હવે વ્યંજના શક્તિની સિદ્ધિ માટે ચર્ચા કરે છે.

૫૭. વસ્તુરૂપ, અલંકારરૂપ, અને રસરૂપ.

૫૮. જુઓ ઉલ્લાસ ૪ ટીપ ૭૧.

૫૯. રસ વાચ્ય નથી કારણકે 'અહીં રસ છે' અથવા 'શૃંગાર છે' એવા શબ્દો બોલ્યા છતાં પણ જો વિભાવાદિનો પ્રયોગ ન હોય તો રસનું ભાન થતું નથી એ વ્યતિરેક, અને અહીં રસ છે વગેરે શબ્દો ન વાપરીએ પણ વિભાવાદિનો પ્રયોગ કરીએ તો રસનું ભાન થાય એ અન્વય. આ બન્નેથી એમ સિદ્ધ થાય છે કે રસ વાચ્ય નથી પણ વ્યંગ્ય છે.

અર્થાન્તરસંક્રમિતવાચ્યમાં અને અત્યન્તતિરસ્કૃતવાચ્યમાં [૬૦]વસ્તુમાત્રરૂપ વ્યંગ્ય વિના લક્ષણા જ સંભવતી નથી એ પહેલાં સાબીત કર્યું છે.[૬૧] શબ્દશક્તિમૂલકમાં[૬૨] અભિધાનું નિયન્ત્રણ થવાથી અભિધાથી નહિ કહેવાતા અન્ય અર્થનું અને તેની સાથેના ઉપમા વગેરે અલંકારનું વ્યંગ્યત્વ નિર્વિવાદ છે.

અર્થશક્તિમૂલકમાં પણ, જે મતે વાક્યાર્થ, વિશેષમાં સંકેત કરવો યોગ્ય નથી એથી સામાન્યરૂપ પદાર્થોનો આકાંક્ષા સંનિધિ અને યોગ્યતાને લીધે પરસ્પર સંસર્ગવાળો, (કોઇ એક) પદનો અર્થ નહિ એવો વિશેષરૂપ (મનાય) છે તે અભિહિતાન્વયવાદમાં[૬૩] વ્યંગ્યને અભિધેય ગણવાની તો વાત ક્યાંથી હોય ?

"[૬૪][બાલ] અહીંઆં શબ્દ, વૃદ્ધ અને અભિધેયોને પ્રત્યક્ષથી જુએ છે. શ્રોતા અર્થ સમજ્યો છે એમ અનુમાન કરવાના સાધનરૂપ [તેની] ચેષ્ટાથી સમજે છે. (૧). બીજી રીતે ઘટી ન શકે એ રૂપ અર્થાપત્તિ વડે દ્વિવિધ[૬૫] શક્તિ જાણે. [પછી]

---

૬૦. જુઓ ઉ. ૨૩, ૨૪.

૬૧. જુઓ. સૂ. ૨૩ અને આગળ.

૬૨. જુઓ. ઉ. ૫૪.

૬૩. જૂઓ સૂ. ૭ અને વૃત્તિ. કહેવાની મતલબ આ પ્રમાણે છે. અભિધાશક્તિ પદનો અર્થ જણાવી ક્ષીણ થતી હોવાથી વાક્યાર્થ ઘટાવવા માટે અભિહિતાન્વયવાદીઓ એક જુદી તાત્પર્યવૃત્તિ સ્વીકારે છે. તો પછી તેઓ, વ્યંગ્ય કે જેનું ભાન વાક્યાર્થનું જ્ઞાન થયા પછી થાય છે તેને, અભિધાનો વિષય શી રીતે કહી શકે?

૬૪. અભિહિતાન્વયવાદીનું સમાધાન કરી હવે અન્વિતાભિધાનવાદીના મતની ચર્ચા કરે છે. આ બન્ને કારિકાઓમાં અને પછીની વૃત્તિમાં બાળક સંકેત કેવી રીતે ગ્રહણ કરે છે તે બતાવે છે.

૬૫. વાચકત્વરૂપી અને વાચ્યત્વરૂપી.

ત્રણ પ્રમાણોથી જણાતો સંબંધ[66] જાણે. (૨)." આ બતાવેલી દિશાએ[67—68] 'દેવદત્ત ગાય લાવ' વગેરે ઉત્તમ વૃદ્ધના[69] વાક્ય પ્રયોગથી, મધ્યમ વૃદ્ધ એક જગ્યાએથી બીજી જગ્યાએ કામળા વગેરેવાળા અર્થને લઇ જતાં, 'આ આ વાક્યથી આવો અર્થ સમજ્યો' એવું તેની ચેષ્ટા વડે અનુમાન કરીને, તેમનો—અખંડ વાક્ય અને વાક્યાર્થનો,—અર્થાપત્તિથી, વાચ્યવાચક ભાવરૂપ સંબંધ નિશ્ચિત કરી બાલ તેમાં વ્યુત્પન્ન થાય છે. પછી 'ચૈત્ર ગાય લાવ,' 'દેવદત્ત ઘોડો લાવ' 'દેવદત્ત ગાય લાવ' વગેરે વાક્યપ્રયોગમાં તે તે શબ્દનો તે તે અર્થ બરાબર સમજે છે. એ રીતે અન્વયવ્યતિરેકથી પ્રવૃત્તિનિવૃત્તિકારી વાક્ય જ પ્રયોગને યોગ્ય છે; તેથી વાક્યસ્થિત જ (અને) અન્વિત જ પદોનો અન્વિત પદાર્થો સાથે સંકેત ગ્રહણ કરાય છે. એ રીતે વિશિષ્ટ જ પદાર્થો વાક્યાર્થ છે, નહિ કે પદાર્થોનું વૈશિષ્ટ્ય.[70] જો કે, ભિન્ન ભિન્ન વાક્યોમાં વપરાતાં પદો પ્રત્યભિજ્ઞારૂપ જ્ઞાન વડે તેનાં તે જ છે એમ નિર્ણય થાય છે માટે અન્ય પદાર્થ-માત્રથી અન્વિત પદાર્થ સંકેતનો વિષય છે તો પણ સામાન્યથી અવચ્છાદિત વિશેષરૂપ જ આ સમજાય છે; શાથી જે પરસ્પર અન્વિત પદાર્થો તેવા છે.[71] આ પ્રમાણે જે અન્વિતાભિધાન

---

૬૬. સંકેતરૂપ સંબંધ.

૬૭. આનો સંબંધ 'બરાબર સમજે છે' એની સાથે છે.

૬૮. અવતરણમાં આપેલી બે કારિકાઓ સમજાવે છે.

૬૯. આદેશ કરે તે ઉત્તમ વૃદ્ધ, આદેશ પ્રમાણે વર્તે તે મધ્યમ વૃદ્ધ.

૭૦. પદોના અર્થોનું વૈશિષ્ટ્ય નહિ એટલે કે—સંબંધ વાક્યાર્થ નથી, વાક્યથી પ્રતિપાદિત થતો નથી; પણ પરસ્પર સંબદ્ધ પદાર્થો જ (પદોના અર્થો જ) વાક્યથી પ્રતિપાદિત થાય છે.

૭૧. ગાય લાવ—એ વાક્યમાં જે 'લાવ' પદ છે તે જ 'ઘોડો લાવ' એ વાક્યમાં પણ છે, બન્નેમાં 'લાવ' પદ સમાન છે. પહેલામાં 'લાવ' પદ ઘોડાથી અન્વિત છે તે અન્વય બીજા વાક્યમાં નથી. આ ઉપરથી

વાદીઓ કહે છે તેમના મતે પણ.—સામાન્યવિશેષરૂપ પદાર્થ સંકેતનો વિષય છે તેથી જે મતે અતિવિશેષભૂત પદાર્થ સંકેતનો વિષય ન હોવાથી, અવાચ્ય જ વાક્યાર્થની અંદર પહેલો સમજાય છે ત્યાં, અર્થાન્તરભૂત 'ઓષ્ઠે રાગ ફીકો' (ઉદાહરણ ૨) વગેરેમાં વિધિને [વાચ્ય ગણવાની] ચર્ચા આઘી રહી.[૭૨]

---

એમ ફલિત થાય છે કે 'લાવ' એ અમુક વિશિષ્ટ પદાર્થ સાથે અન્વિત નથી પણ 'કોઇક પદાર્થથી અન્વિત' એવો તેનો સામાન્ય અર્થ જ થાય. પણ 'ગાય લાવ' વગેરે વાક્યમાં તો ગાયરૂપી વિશિષ્ટ પદાર્થ સાથે અન્વિત થાય છે. આ શી રીતે બને? માટે જુદી એક તાત્પર્યવૃત્તિ સ્વીકારવી જોઇએ જેના વડે વિશેષ અર્થ સ્ફુરે. એના જવાબમાં અન્વિતાભિધાનવાદી કહે છે કે એ વાત સાચી છે કે સંકેતનો વિષય પદાર્થ, માત્ર બીજા કોઇ પદાર્થથી જ અન્વિત હોય છે. તો પણ તે સામાન્યથી વ્યાપ્ત વિશેષરૂપે જ ભાસે છે. કારણકે જે પદાર્થો પરસ્પર સંબંદ્ધ થાય છે તેમનું સ્વરૂપ એ જાતનું છે એટલે કે સામાન્યરૂપ વિશેષવાળું છે, અને તેથી વિશેષ સંબંધ સમજાય છે. માટે તાત્પર્યવૃત્તિ જેવી બીજી વૃત્તિ સ્વીકારવાની જરૂર નથી.

૭૨. અન્વિતાભિધાનવાદીઓને મતે પણ વ્યંજના સ્વીકારવાની જરૂર છે એમ સાબીત કરે છે. સંકેતનો વિષય સામાન્યવિશેષરૂપ પદાર્થ છે ઉદા. તરીકે 'ગાય લાવ' એ વાક્યનું 'લાવ' પદ સામાન્યવિશેષરૂપ છે. 'લાવવું' એ પદમાં 'ગમે તે કાંઇક લાવવું' એવો સામાન્ય અર્થ છે; અમુક ચોક્કસ કંઇક લાવવું, એ વિશેષ અર્થ પણ છે. આ સામાન્યવિશેષરૂપ ક્રિયા વાક્યાર્થમાં અતિવિશેષભૂત થાય છેઃ—'અમુક કાંઇક ચોક્કસ લાવવાની,' ક્રિયા 'અમુક ગાય જ લાવવાની' ક્રિયારૂપ અતિવિશેષ રૂપ પકડે છે. આ અતિવિશેષ ક્રિયા પદના સંકેતનો વિષય નથી; માટે વાક્યાર્થમાં રહેલો પદનો અતિવિશેષભૂત અર્થ અવાચ્ય છે એટલે કે અભિધાનો વિષય નથી. હવે 'ઓષ્ઠે રાગ ફીકો' (ઉદા. ૨) વગેરે શ્લોકમાં 'તું તે અધમની પાસે ગઈ નથી' એ નિષેધરૂપ વાક્યાર્થમાં જે વિધિરૂપ વ્યંગ્યાર્થ નીકળે છે તેને અભિધાનો વિષય ગણવાનો વિચાર પણ કેમ કરી શકાય? વાક્યાર્થ પોતે જ જો અભિધાનો વિષય ન હોય તો તેના જ્ઞાનમાંથી નીકળતો વ્યંગ્યાર્થ પણ અભિધાનો વિષય ન હોય એમાં નવાઇ નથી.

[૭૩]અભિહિતાન્વયવાદમાં અનન્વિત અર્થ છે ( એટલે કે સંકેતનો વિષય છે )અને અન્વિતાભિધાનવાદમાં ફક્ત અન્ય પદાર્થથી જ અન્વિત (અર્થ છે એટલે કે સંકેતનો વિષય છે). અન્વિતવિશેષ તો અવાચ્ય જ છે. તેથી બન્ને મતમાં વાક્યાર્થ અપદાર્થ જ છે.

[૭૪]"નૈમિત્તિક પ્રમાણે નિમિત્તો કલ્પવાં" એમ જે કહેવામાં આવે છે તે વિષે [પૂછવાનું કે] નિમિત્ત કારકરૂપ છે કે જ્ઞાપકરૂપ? શબ્દ (અર્થનો) પ્રકાશક હોવાથી કારક નથી; જે અજ્ઞાત છે તે જ્ઞાપક શી રીતે બને? અને જ્ઞાતત્વ સંકેતથી જ આવે; અને તે ( સંકેત ) ફક્ત અન્વિતમાં જ હોય. આ રીતે જ્યાં સુધી નિયત નિમિત્તપણું નિશ્ચિત થતું નથી ત્યાં સુધી નૈમિત્તિકની પ્રતીતિ જ શી રીતે થવાની? તેથી 'નૈમિત્તિક પ્રમાણે નિમિત્તો કલ્પવાં' એ અવિચારી બોલવું છે.

---

૭૩. બન્ને મતનો સંક્ષેપમાં સાર આપે છે. અભિહિતાન્વયવાદમાં અન્વિત થયા વિનાના અર્થો— વાક્યાર્થ—તાત્પર્યવૃત્તિથી સમજાય છે એટલે કે તે અવાચ્ય છે—પદનો અર્થ નથી—એટલે કે અભિધાથી જણાતો નથી; અન્વિતાભિધાન-વાદમાં અમુક કાંઇકથી અન્વિત, અમુક ( અતિ )વિશિષ્ટ અર્થથી અન્વિત થાય છે. આ ( અતિ )વિશિષ્ટ અર્થ પણ પદનો અર્થ નથી—એટલે કે અભિધાથી જણાતો નથી. બન્ને મતમાં વાક્યાર્થ અભિધાનો વિષય નથી —તો પછી તેમાંથી નીકળતો વ્યંગ્ય પણ બન્ને મતે અભિધાનો વિષય ન કહેવાય.

૭૪. અહીંથી નવો વાદ શરૂ થાય છે. નૈમિત્તિક પ્રમાણે નિમિત્તો કલ્પાય છે—કાર્યથી કારણ કલ્પાય છે ( કારણ શબ્દ સાધારણ અર્થમાં, એકલા કારક અર્થમાં નહિ). વ્યંગ્યરૂપી કાર્ય આપણી પાસે છે તેનું કારણ કલ્પવાનું છે; બીજું કોઇ કારણ સંભવી શકતું નથી એટલે શબ્દને જ તેનું કારણ માનવું જોઇએ. એટલે કે જેમ શબ્દ વાચ્યાર્થ પ્રતીતિનું નિમિત્ત છે તેમ તેનું ઘડી ઘડી અનુસંધાન કરી તેને વ્યંગ્યનું પણ નિમિત્ત માનવું જોઇએ; બીજી કોઇ વૃત્તિ સ્વીકારવાની જરૂર નથી. અભિધા જ બસ છે. શબ્દ સાંભળ્યા પછી જેટલો અર્થ નીકળે—પછી તે વાચ્ય હોય કે વ્યંગ્ય હોય—તે

[૭૫] 'તીરની જેમ તે આ દીર્ઘ અને દીર્ઘતર વ્યાપાર છે' એથી અને 'જે પર શબ્દ હોય તે શબ્દાર્થ છે' એથી, વિધિ અહીંઆં વાચ્ય જ છે—એમ જેઓ કહે છે તે મૂર્ખાઓ તાત્પર્યની વાચો

---

બધાની પ્રતીતિનું નિમિત્ત શબ્દ જ છે-કારણકે દરેક ઠેકાણે તે જ ઉપસ્થિત છે. આમ પૂર્વપક્ષ છે. તેનું ખણ્ડન વૃત્તિકાર આ પ્રમાણે કરે છે. નિમિત્ત બે રૂપે હોય-કાંતો વસ્તુને ઉત્પન્ન કરવા રૂપ કારક હોય કે જણાવવા રૂપ જ્ઞાપક હોય. (જુઓ ઉલ્લાસ ૪ ટી. ૨૬, ૨૭) શબ્દ અર્થનું કારક નિમિત્ત હોઈ શકે નહિ—તે અર્થનો પ્રકાશ કરે છે માટે જ્ઞાપક રૂપ જ સંભવી શકે. હવે શબ્દને જ્ઞાપકરૂપ માનીએ તો તે પણ ઉપરના ન્યાયથી શી રીતે સંભવે ? કાર્ય ઉપરથી કારણ જાણવાનું છે; એટલે કે કારણ, અહીંઆં શબ્દરૂપી કારણ, અજ્ઞાત છે-હવે શબ્દરૂપી અજ્ઞાત કારણ શી રીતે અર્થનો જ્ઞાપક થઈ શકે? પોતે અજ્ઞાત હોઈ બીજાને શી રીતે જણાવી શકે? માટે તે જ્ઞાપક પણ આ ન્યાયથી સંભવી શકે નહિ. હવે ધારો કે શબ્દ જ્ઞાત થયો છે અને એ રીતે તે જ્ઞાપક થાય છે પણ એનું જ્ઞાતત્વ તો સંકેતથી જ સંભવી શકે એટલે કે અમુક અર્થવાચક અમુક શબ્દ છે એવા જ્ઞાનથી જ સંભવી શકે. પણ સંકેત તો કેવળ અન્વિત અર્થમાં ગ્રહણ કરાય છે નહિ કે અન્વિતવિશેષમાં અથવા વિધિરૂપ અર્થમાં. હવે જ્યાં સુધી અમુક શબ્દ અમુક વિશેષ અર્થમાં સંકેતવાળો છે એવો નિર્ણય ન થાય ત્યાં સુધી તે શબ્દથી તે અર્થનું ભાન ન થાય, અને જ્યાં સુધી તે વિશેષ અર્થનું ભાન ન થાય ત્યાં સુધી તે વિશેષ અર્થનો તે શબ્દમાં સંકેત ગ્રહણ પણ ન થાય. આ રીતે નૈમિત્તિક પ્રમાણે નિમિત્તની કલ્પના કરવા જતાં અન્યોન્યાશ્રય દોષ આવી પડે છે. આ રીતે તમારે મતે જ્યાં સુધી સંકેત જ સિદ્ધ થઇ શકતો નથી ત્યાં સુધી નૈમિત્તિકની—વ્યંગ્યની—પણ પ્રતીતિ અસંભવિત ઠરે છે.

સિદ્ધાન્તીના કહેવાનું તાત્પર્ય એ છે કે વ્યંગ્યની ઉપસ્થિતિમાં શબ્દ જ્ઞાપક તો છે પણ તેનું જ્ઞાપકત્વ વ્યાપાર વિના સંભવે નહિ. જેમ શબ્દ અભિધા વ્યાપારથી વાચ્યાર્થ દર્શાવે લક્ષણાવ્યાપારથી લક્ષ્યાર્થ દર્શાવે તેમ વ્યંગ્યાર્થ દર્શાવવા માટે કોઇ વ્યાપાર કલ્પવો જોઇએ. તે વ્યાપારને અમે વ્યંજના કહીએ છીએ.

૭૫. અહીંથી નવો વાદ શરૂ થાય છે. જેવી રીતે કોઇ બળવાન પુરુષે ફેંકેલું એક જ તીર પોતાના એક જ વેગરૂપી વ્યાપારથી શત્રુનું બખ્તર,

યુક્તિનું [76]તાત્પર્ય જાણતા નથી. જેમ કે [77]—'ભૂત અને ભવ્ય સાથે કહેવાતાં ભૂત ભવ્ય માટે કહેવાય છે.' એ રીતે કારક પદાર્થો ક્રિયાપદાર્થથી અન્વિત થતાં મુખ્ય ક્રિયાની સંપાદન કરનાર પોતાની ક્રિયાનો આશ્રય હોવાથી સાધ્યના જેવા થાય છે,[78]

---

ભેદે છે, મર્મ ભેદે છે અને પ્રાણ હરે છે એ જ રીતે સારા કવિએ વાપરેલો એક જ શબ્દ એક અભિધા વ્યાપારથી જ પદાર્થનું જ્ઞાન, અન્વયબોધ અને વ્યંગ્યપ્રતીતિ કરાવે છે. આ રીતે જેને વ્યંગ્ય કહીએ છીએ તે વાચ્ય જ છે. કારણકે શબ્દ એક જ અર્થ કહી વિરામ પામે છે એમ નથી પણ જેટલું કહેવાનું છે એટલું જણાવી વિરામ પામે છે. આ એક યુક્તિ થઇ. બીજી કહે છે–જે અર્થમાં જે શબ્દનું તાત્પર્ય જે હોય તે તે શબ્દનો અર્થ કહેવાય. આ બન્ને કારણોથી 'ઓષ્ઠે રાગ ઘીકો' (ઉદા. ૨) વગેરેનો વિધિરૂપ અર્થ વાચ્ય જ છે. વ્યંગ્ય સ્વીકારવાની જરૂર નથી.

૭૬. यत्परः शब्दः स शब्दार्थः—જે પર જે શબ્દ હોય તે શબ્દાર્થ–એ મીમાંસકોએ કહેલા નિયમનું તાત્પર્ય તેઓ જાણતા નથી—રહસ્ય જાણતા નથી.

૭૭. ઉપરના ન્યાયનો અર્થ સમજાવે છે. કહેવાનો સાર એ છે કે ઉચ્ચારેલા શબ્દો વડે પ્રતિપાદ્ય બધા અર્થોમાંથી જે ભાગમાં વિધેયત્વ હોય તે ભાગમાં તેનું તાત્પર્ય સમજવું, નહિ કે બધાએ અર્થોમાં. આ બાબતનું પ્રતિપાદન વાક્યના સ્વરૂપ નો વિચાર કરી કહે છે, 'ગાય લાવ' એ વાક્યમાં 'ગાય' ભૂત છે—સિદ્ધ છે—કારક છે. 'લાવ' ભવ્ય છે—સાધ્ય છે—ક્રિયા છે. આમાં ભૂત ભવ્યને માટે ઉચ્ચારાય છે—એટલે કે સિદ્ધ પદાર્થ સાધ્યના વિષય તરીકે ઉચ્ચારાય છે. કારણકે વાક્યમાં ઉપસ્થિત થએલા પદાર્થોમાં સિદ્ધ પદાર્થો પ્રાપ્તરૂપ હોવાથી તેમનું વિધાન કરવું નકામું છે. માટે સાધ્યરૂપ પદાર્થો જ વિધેય થઇ શકે—એટલે કે જે વિધેય હોય તે જ તાત્પર્ય થાય અને તે જ વાક્યાર્થ કહેવાય અને તેને માટે જ વાક્ય ઉચ્ચારાય.

૭૮. વિધેયત્વ એટલે પ્રવર્તનારૂપ વિધિના વિષય થવું તે. ક્રિયાપદ આ વિષય થઇ શકે એટલે કે સાધ્ય થઇ શકે પણ કારક શી રીતે સાધ્ય થાય? તો કહે છે કે જ્યારે કારક પદાર્થો ક્રિયાના સંબંધમાં આવે છે ત્યારે તે પણ સાધ્ય જેવાં થાય છે—કારણકે તેઓ પોતાની ક્રિયાના આશ્રયરૂપ છે—જે ક્રિયા મુખ્યક્રિયાનું સંપાદન કરે છે—જેમકે 'ગાય લાવ' એ વાક્યમાં

અને તેથી 'નહિ બળેલાને બાળવું' એ ન્યાયથી જેટલું અપ્રાપ્ત છે તેટલાંનું વિધાન થાય છે.[૭૯] જેમકે બીજા પ્રમાણોથી ઋત્વિજોએ કરવાનું અનુષ્ઠાન સિદ્ધ થયા પછી, "લાલપાઘથી ઋત્વિજો અનુષ્ઠાન કરે છે' એમાં લાલપાઘનું જ વિધાન કરવાનું છે. બીજી રીતે હવન ક્રિયાની સિદ્ધિ થઇ ગયાથી "દહિ વડે હોમે છે' વગેરેમાં દહિ વગેરેના સાધનપણાનું વિધાન કરવાનું છે.

કોઇ જગ્યાએ બેનું વિધાન, કોઇ જગ્યાએ ત્રણનું વિધાન પણ. જેમકે 'લાલ પટ વણ' વગેરેમાં એકનું વિધાન, બેનું વિધાન અથવા ત્રણનું વિધાન છે. તેથી 'જે જે વિધેય છે તેમાં જ તાત્પર્ય છે' (એનો અર્થ એવો છે કે) ઉપાત્ત શબ્દનું જ અર્થમાં તાત્પર્ય છે[૮૦]—નહિ કે સમજાય તેટલા બધામાં એ. એમ હોય તો 'આગળ દોડે છે' વગેરેનું કોઈકવાર પાછળ વગેરે અર્થમાં તાત્પર્ય થાય.[૮૧]

'ઝેર ખા, પણ એને ઘેર જમીશ નહિ' એ વાક્યમાં 'એને ઘેર જમીશ નહિ' એ તાત્પર્ય છે માટે તે જ વાક્યાર્થ છે'—એમ જે કહેવાય છે [તેના જવાબમાં કહેવાનું કે] તેમાં 'પણ' એક

---

ગાયની ચલનરૂપ ક્રિયા લાવવાની ક્રિયાનું સંપાદન કરે છે—અને ગાય તેનો આશ્રય છે—માટે તે સાધ્ય જેવી બને છે. આ રીતે ક્રિયા અને કારક બન્ને સાધ્યરૂપ બની શકતાં હોવાથી બન્નેમાં વિધેયત્વ ઘટી શકે.

૭૯. જેમ અગ્નિ બાળેલાને બાળતો નથી પણ નહિ બાળેલાને બાળે છે તેમ વાક્ય જે કાંઇ અપ્રાપ્ત છે તેનું જ વિધાન કરે છે—અને તે જ તેનું તાત્પર્ય છે.

૮૦ જેના માટે શબ્દ ઉચ્ચાર્યા હોય તે જ તેનું વિધેય છે અને તેમાં તેનું તાત્પર્ય છે.

૮૧ જે કાંઈ સમજાય એ બધામાં એ તાત્પર્ય ગણીએ તો 'આગળ' શબ્દ જે પાછળની અપેક્ષા રાખે છે તેથી પણ 'આગળ દોડે છે' એમ બોલતાં પાછળ પણ સમજાય અને તેમાં તેનું તાત્પર્ય થાય એટલે કે 'આગળ દોડે છે' તેનું પાછળ દોડે છે એવું તાત્પર્ય થાય.

વાક્યપણું સૂચવે છે. પણ બન્ને આખ્યાત વાક્યોમાં અંગાંગિભાવ (ઘટતો) નથી તેથી 'ઝેર ખા' એ વાક્યને મિત્રનું વાક્ય ગણી અંગતા કલ્પવી જોઇએ, અને એ રીતે 'ઝેર ખાવા કરતાં એને ઘેર જમવું ખરાબ છે; તેથી કોઇ પણ રીતે એને ઘેર જમવું નહિ' એવું ઉપાત્ત શબ્દોના અર્થમાં જ તાત્પર્ય છે.

વળી જો શબ્દ સાંભળ્યા પછી જેટલો અર્થ સમજાય તેટલા બધાંમાં શબ્દનો અભિધા જ વ્યાપાર હોય તો પછી 'બ્રાહ્મણ તને છોકરો થયો, બ્રાહ્મણ તારી કન્યા ગર્ભવતી છે' વગેરેમાં હર્ષ શોક વગેરે પણ કેમ વાચ્ય ન થાય? લક્ષણા પણ શા માટે (સ્વીકારવી), શાથી જે લક્ષણીય અર્થમાં પણ દીર્ઘ અને દીર્ઘતર વ્યાપારથી પ્રતીતિ સિદ્ધ થશે, અને શ્રુતિ, લિંગ, વાક્ય, પ્રકરણ, સ્થાન અને સમાખ્યામાં પહેલું બીજા કરતાં બળવાન શી રીતે થાય?[૮૨] આથી અન્વિતાભિધાનવાદમાં પણ વિધિનું એ વ્યંગ્યત્વ સિદ્ધ છે.

---

૮૨ જૈમિનિનું સૂત્ર નીચે પ્રમાણે છે. 'श्रुतिलिङ्गवाक्यप्रकरणस्थान-समाख्यानां समवाये पारदौर्बल्यमर्थविप्रकर्षात्' આ સૂત્રનો અર્થ એ છે કે શ્રુતિ આદી છ પ્રમાણોમાં જે પૂર્વ પૂર્વવર્તી છે તે પર પરવર્તી કરતાં બળવાન છે, અર્થાત્ પૂર્વ કરતાં પર (પછીનું પ્રમાણ) દુર્બળ છે. શાથી જે પરવર્તી પ્રમાણથી અર્થની પ્રતીતિ વિલંબથી થાય છે-જ્યારે પૂર્વવર્તી પ્રમાણથી શીઘ્ર થાય છે.

હવે જો કેવળ અભિધાવૃત્તિ જ સ્વીકારીએ તો જે સ્થાને શ્રુતિ, લિંગ આદિ અનેક પ્રમાણોથી અનેક અર્થો ઉપસ્થિત થતા હોય ત્યાં તે બધા અર્થો અભિધાવૃત્તિ દ્વારા ઉપસ્થિત થવાને લીધે એક જ સાથે ઉપસ્થિત થાય અને એ રીતે દરેક પ્રમાણોથી પ્રતીત થતા અર્થોના ભાગમાં પૌર્વાપર્ય ન રહેવાથી કોઇનું દુર્બળપણું કે પ્રબળપણું ન રહે, પણ ખરી રીતે તો પૌર્વાપર્યને લીધે દુર્બળપણું અને પ્રબળપણું જૈમિનિએ નક્કી કરેલું છે,

શ્રુતિ આદિ પ્રમાણોનો અર્થ સંક્ષેપમાં નીચે પ્રમાણે છે. (૧) શ્રુતિ— પોતાનો અર્થ જણાવા માટે જે શબ્દ અન્ય શબ્દની અપેક્ષા ન રાખતો

**વળી ‘कुरु रुचिम्’ (કરો રુચિં) કાવ્યની અંદર ઊંધાં હોય તો શી રીતે દોષ થાય? કારણકે આમાં અસભ્ય અર્થ અન્ય પદાર્થોથી અન્વિત નથી તેથી અનભિધેય જ છે; તેથી આવું વગેરે અપરિત્યાજ્ય થાય!**

---

હોય તે શ્રુતિ કહેવાય. જેમકે—‘व्रीहीनवहन्ति’ ‘ડાંગરને ખાંડે છે’ આમાં દ્વિતીયા વિભક્તિ એટલે કે ‘ને’—પ્રત્યયરૂપ શબ્દશ્રુતિ છે કારણકે તે પોતાનો કર્મત્વરૂપ અર્થ જણાવામાં બીજા કોઇ શબ્દની અપેક્ષા રાખતો નથી. (૨) લિંગ. અર્થવિશેષ જણાવનાર જે શબ્દગત સામર્થ્ય તે લિંગ. જેમકે—‘बर्हिर्देवसदनं दामि’ ‘પુરોડાશના સ્થાનભૂત દાભને કાપું છું’ એ સ્થાનમાં દાભને કાપવા રૂપ અર્થને પ્રકાશિત કરવાનું ‘दामि’ ‘કાપું છું’ એ (શ્રુત) પદમાં સામર્થ્ય છે તે જ લિંગ કેહેવાય. એ રીતે આ મંત્ર ‘દાભ કાપવાનું’ અંગ બને છે. ‘જે મન્ત્રનું જે અર્થ પ્રકાશિત કરવાનું સામર્થ્ય હોય તેનું તે અંગ બને છે’ એ ન્યાયથી. (૩) ‘પરસ્પર આકાંક્ષાને લીધે કોઈ પણ એક અર્થમાં પર્યવસાન પામેલાં પદો એ વાક્ય’ જેમકે देवस्य त्वा सवितुः प्रसवेऽश्विनोर्बाहुभ्याम् पूष्णो हस्ताभ्यामग्नये जुष्टं निर्वपामि ‘દેવ સવિતાના પ્રસવમાં રહેતું—એટલે કે અભ્યનુજ્ઞામાં રહેતું (સવિતા દેવ વડે પ્રસૂત)—અશ્વિનોના બાહુ વડે, પૂષનના હાથ વડે, અગ્નિને અભિપ્રેત એવા તને (હવિને) નિર્વપું છું (અર્પું છું, હોમું છું). આમાં ‘निर्वपामि’ ‘નિર્વપું છું’ એ લિંગથી ‘जुष्ट’ ‘અભિપ્રેત’ એ ભાગનો નિર્વાપમાં વિનિયોગ છે. તેની સાથે ‘देवस्य त्वा’ ‘દેવ તને’ વગેરે ભાગનો પણ એકવાક્યતાના બળથી નિર્વાપમાં જ વિનિયોગ થાય છે. (૪) પરસ્પરની આકાંક્ષા તે પ્રકરણ જેમકે दर्शपूर्णमासाभ्यां स्वर्गकामो यजेत, समिधो यजति तनूनपातं यजति आज्यभागौ यजति. ‘સ્વર્ગના ઇચ્છિનારે દર્શ અને પૂર્ણમાસ યાગ કરવો.’ અર્થાત્ તે યાગો વડે સ્વર્ગ—અપૂર્વ ઉત્પન્ન કરવું. ‘સમિધને યજે, તનૂનપાતને યજે, અને આજ્યભાગને યજે’ અર્થાત્ સમિધ્-યાગ, તનૂનપાતયાગ અને આજ્યભાગયાગવડે ઉત્પન્ન કરે. આ બે વાક્યો વચ્ચે પરસ્પર આકાંક્ષા છે. (બે વાક્યો વચ્ચે પરસ્પર આકાંક્ષા છે, કારણકે પહેલા વાક્યમાં સ્વર્ગરૂપ ફળનું કથન છે. તેથી સ્વર્ગાનુકૂલ અપૂર્વ દર્શ અને પૂર્ણમાસ યજ્ઞોવડે કેવી રીતે ઉત્પન્ન કરવું એવી ઉપકાર-આકાંક્ષા રહે છે; અને બીજા વાક્યોમાં ફળનું કથન ન હોવાથી

વળી જો વાચ્ય-વાચકથી ભિન્ન વ્યંગ્ય-વ્યંજકભાવ સ્વીકારવામાં ન આવે તો અસાધુત્વ વગેરેનું નિત્યદોષત્વ અને કષ્ટત્વ વગેરેનું અનિત્યદોષત્વ[૮૩] એ રીતે વિભાગ કરવા અયોગ્ય થાય, પણ અયોગ્ય નથી, શાથી જે [તે] બધાને વિભક્ત તરીકે સમજાય છે. વાચ્યવાચક ભાવથી ભિન્ન વ્યંગ્યવ્યંજકતાનો આશ્રય લેવામાં આવે તો, વ્યંગ્ય બહુ રૂપ હોવાથી ક્યાંક જ, કોઈકના જ ઉચિતપણાને લીધે વિભાગવ્યવસ્થા ઘટે.

'કપાલિના સંગ તણા પ્રલોભથી, થયાં હવે છે અતિશોચનીય બે,[૮૪]'

---

સમિધ્યાગ વગેરે યાગો વડે શું ઉત્પન્ન કરવું એવી પ્રયોજન-આકાંક્ષા રહે છે. પહેલા વાક્યમાં 'કઇ રીતે' એવી ઉપકાર-આકાંક્ષા અને બીજા વાક્યોમાં 'શું ઉત્પન્ન કરવું' એવી પ્રયોજન-આકાંક્ષા હોવાથી આ બન્ને વાક્યોનો પરસ્પર સંબંધ જોડાય છે. એનું નામ પ્રકરણ. તેથી એવો અર્થ નીકળે કે સમિધ્યાગ વગેરે દર્શ અને પૂર્ણમાસયાગનાં અંગ છે. [અપૂર્વ એટલે કે ફલ પ્રાપક અદૃષ્ટ]. ૫ 'દેશની સમાનતા તે સ્થાન' કહેવાય છે. સ્થાનને ક્રમ પણ કહે છે. પાઠક્રમ અને અનુષ્ઠાનક્રમ એવી રીતે તે બે પ્રકારનો હોય છે ઇત્યાદિ. ૬ 'સમાખ્યા એટલે યૌગિકશબ્દ' જે શબ્દથી તેના અવયવોનો જ અર્થ જણાય છે તે યૌગિક શબ્દ. જેમકે 'પાચક' પચ્=રાંધવું—'અક' કર્તૃબોધક પ્રત્યય એ બે અવયવોનો જ અર્થ એ શબ્દમાં જણાય છે, માટે તે યૌગિક છે.

વધારે વિગત માટે અને પૂર્વાપરની પ્રબળતા દુર્બળતા માટે જુઓ જૈમિનીસૂત્ર અધ્યાય ૩, પાદ ૩, સૂત્ર ૧૪.

૮૩ વ્યાકરણના દોષો આવવા તે અસાધુત્વ વગેરે દોષો. શ્રવણને કટુ લાગે એવા શબ્દોનો પ્રયોગ અમુક ઠેકાણે દોષરૂપ છે પણ અમુક ઠેકાણે નથી, જેમકે શૃંગારાદિમાં દોષરૂપ પણ રૌદ્ર વગેરેમાં દોષરૂપ નહિ.

૮૪ ઉપરનો શ્લોક કુમારસંભવ સર્ગ ૫ શ્લો. ૭૧માંથી લીધો છે. ઉત્તરાર્ધ નીચે પ્રમાણે છે. 'કલા કલાવાનની કાન્તિવાળી એ, અને તું આ લોકની નેત્રકૌમુદી.' આ શ્લોક શંકર માટે તપ કરતી પાર્વતીના પ્રેમની પરીક્ષા કરવા બટુક વેષધારી શંકરે કહેલો છે. એ સંબંધમાં 'કપાલી' પદનું ઔચિત્ય છે.

વગેરેમાં 'પિનાકી' વગેરે પદથી વિલક્ષણ રીતે 'કપાલી' વગેરે પદ શી રીતે કાવ્યને અનુગુણ થાય છે?

વળી વાચ્ય અર્થ બધા સમજનારા માટે એકરૂપ જ છે તેથી તે નિયત છે. કારણકે 'સૂર્ય અસ્ત થયો' વગેરેમાં વાચ્યાર્થ કદી બદલાતો નથી. પણ વ્યંગ્ય તો તે તે પ્રકરણ, વક્તા, સમજનાર વગેરે વિશેષોની સહાયતાથી વિવિધ થાય છે. જેમકે 'સૂર્ય અસ્ત થયો' એથી[૮૫] શત્રુ ઉપર સામી ચઢાઈ કરવાનો અવસર છે,[अ] અભિસરણ શરૂ કર,[आ] તારો પિયુ આવ્યામાં છે,[इ] કામ કરવાનું બંધ કરીએ,[उ] સંધ્યા સમયનો આચાર શરૂ કર,[ए] દૂર ન જા,[ऐ] ગાયોને ઘરમાં દાખલ કરો,[ओ] હવે તાપ નહિ પડે,[औ] વેચવાની વસ્તુઓ સંકેલી લ્યો,[अं] હજી પણ પિયુ આવ્યો નહિ,[अः] વગેરે અનવધિ વ્યંગ્ય અર્થ તે તે પ્રસંગે પ્રતિભાસે છે.

'ઓષ્ઠ' (ઉ. ૨) વગેરેમાં વાચ્યવ્યંગ્યનો નિષેધવિધિરૂપે, ભેદ હોવા છતાં,

[૮૬]"માત્સર્ય વીસારી વિચારી આર્યો
મર્યાદથી કાર્ય કર્યું કહો તે;
નિતંબ છે સેવ્ય મહીધરોના
કે કામથી હાસતી કામિનીના?" ૧૩૩

---

૮૫ अ રાજા સેનાપતિને કહે છે. आ દૂતી અભિસારિકાને, इ સખી વાસકસજ્જાને, उ મજુરો એક બીજાને, ए ધાર્મિક બ્રાહ્મણને ऐ આપ્ત જન કાંઇક કામસર બ્હાર જનારને, ओ ગૃહસ્થો ગોવાળને, औ દિવસે તાપથી બળેલાને अं વેપારીઓ પોતાના ગુમાસ્તાને, अः પ્રોષિતભર્તૃકા ખબર લાવનારને.

૮૬ <હે આર્યો માત્સર્ય છોડી વિચાર કરી મર્યાદાથી કાર્ય છે તે કહો—પર્વતોના નિતંબો સેવ્ય છે કે કામથી હસતી કામિનીઓના?>

વગેરેમાં વાચ્યવ્યંગ્યનો સંશય અને શાન્ત શૃંગારીમાંથી કોઈ પણ એક વિષયક નિશ્ચય રૂપે ભેદ હોવા છતાં,[૮૭]

"[૮૮] નૃપ તીખી અસિધારે શત્રુનાં શીર્ષ છેદી
ગ્રહણ કરી રિપુશ્રી દર્પ શો હોય તેમાં!
નથી શું તવ વહાલી કીર્તિ પ્હોંચાડી સ્વર્ગે
રિપુહર અરિઓએ અંગહોણા છતાં એ." ૧૩૪

વગેરેમાં વાચ્ય અને વ્યંગ્યનો નિન્દા અને સ્તુતિ રૂપે[૮૯] સ્વરૂપનો ભેદ હોવા છતાં; પ્હેલાં અને પછી જ્ઞાન થવાથી કાલનો ભેદ છતાં;[૯૦] શબ્દને આશ્રિત હોવાથી, અને શબ્દ, તેનો એક ભાગ, તેનો અર્થ, વર્ણ, અને રચનાને આશ્રિત હોવાથી, આશ્રયનો ભેદ હોવા છતાં;[૯૧] શબ્દાનુશાસન[૯૨] જ્ઞાન વડે જાણવું, અને પ્રકરણ વગેરેની સહાયતાવાળી પ્રતિભાની નિર્મળતાથી યુક્ત શબ્દાનુશાસન જ્ઞાનવડે જાણવું, એ રીતે નિમિત્તનો ભેદ હોવા છતાં; માત્ર સમજનાર એવા અને વિદગ્ધ એવા વ્યવહારને

---

૮૭ આ શ્લોકમાં વાચ્યાર્થ સંશયરૂપ છે પણ વ્યંગ્યાર્થ નિશ્ચયરૂપ છે—શાન્ત સ્વભાવના પુરુષોએ પર્વતના નિતંબો સેવવા યોગ્ય છે અને શૃંગારીઓએ કામિનીના નિતંબો સેવવા યોગ્ય છે,—

૮૮ <હે પૃથ્વીપાલક તીક્ષ્ણ તરવારની ધારવડે કરેલ છેદનથી જેમનાં માથાં પડ્યાં છે તે શત્રુઓની લક્ષ્મી લઇ તને શેનો ગર્વ થાય છે ! તારી—જેણે શત્રુઓને હણ્યા છે તેની—કીર્તિવલ્લભા તેઓ અપંગ હોવા છતાં શું સ્વર્ગમાં નથી ઉપાડી ગયા ?>

૮૯ આમાં નિન્દા વાચ્ય છે, સ્તુતિ વ્યંગ્ય છે.

૯૦ વાચ્યનું પહેલાં જ્ઞાન થાય અને વ્યંગ્યનું પછી થાય એ રીતે કાલનો ભેદ છે. વાચ્ય વ્યંજક હોઇ વ્યંગ્ય પ્રતીતિનું કારણ છે એટલે પૂર્વવર્તી છે.

૯૧ વાચ્યાર્થનો આશ્રય શબ્દ છે એટલે કે તે શબ્દની અભિધા શક્તિ ઉપર આધાર રાખે છે. વ્યંગ્ય તો શબ્દ, તેનો એક ભાગ વગેરે ઉપર આધાર રાખે છે એ રીતે આશ્રયનો ભેદ છે.

૯૨ વ્યાકરણ, કોશ વગેરે.

કરવાથી, તથા કેવળ પ્રતીતિ અને ચમત્કૃતિ કરવાથી કાર્યનો ભેદ હોવા છતાં; 'સૂર્ય અસ્ત થયો' વગેરેમાં બતાવેલી રીતે સંખ્યાનો ભેદ હોવા છતાં;

[૯૩]"કોને રોષ ચડે ના દેખીને વ્રણ પ્રિયા તણા અધરે !
પદ્મ ભમરવાળું સુંઘી વાર્યું કરનારી સ્હે હાવાં !" ૧૩૫

વગેરેમાં વાચ્ય વ્યંગ્યનો સખીમાં રહેવારૂપે અને તેના કાન્ત આદિમાં રહેવારૂપે વિષયનો ભેદ હોવા[૯૪] છતાં; પણ જો એકત્વ (મનાય) તો લીલાપીળા વગેરેમાં ક્યાંય પણ ભેદ ન રહે. શાથી જે,—કહ્યું છે કે—જે વિરુદ્ધ ધર્મોનો અધ્યાસ અને કારણનો ભેદ છે એ જ [અનુક્રમે] ભેદ કે ભેદના હેતુ છે.[૯૫]

વાચકોને અર્થની અપેક્ષા હોય છે પણ વ્યંજકોને તેની અપેક્ષા હોતી નથી એ રીતે વાચકત્વ એ જ વ્યંજકત્વ નથી. વળી 'વાનીર કુંજ' (ઉ. ૧૩૨) વગેરેમાં પ્રતીયમાન અર્થને અભિવ્યક્ત કરી જેમાં, વાચ્ય પોતાના સ્વરૂપમાં જ વિશ્રામ પામે છે તે ગુણીભૂત વ્યંગ્યમાં પોતાના શબ્દથી નહિ કહેવાતો (અને) જ્ઞાનનો વિષય બનતો અતાત્પર્યભૂત અર્થ [બીજા] કયા વ્યાપારની વિષયતાને અવલંબે !

'છું રામ, સર્વે સહું' (ઉદા. ૧૧૨) 'વ્હાલો જીવ કરી કર્યું ઉચિત ના રામે, પ્રિયે, પ્રેમનું.' 'પામ્યા શૌર્યગુણોથી કીરતિ વડી આ રામ લોકોમહીં' (ઉદા. ૧૦૯) વગેરેમાં લક્ષણીય અર્થ પણ વિવિધ બને છે, વિશેષ વ્યવહારનો હેતુ* થાય છે,

૯૩ <પ્રિયાનો વ્રણવાળો અધર જોઇને કોને ગુસ્સો ન થાય ? વાર્યા છતાં ઉંધું કરનારી હે ભમરાવાળા પદ્મને સુંઘનારી હવે સહન કર.>

૯૪ વાચ્યાર્થનો નાયિકા વિષય છે, એને ભમરાએ ડંખ માર્યો છે નહિ કે જારે, એવા વ્યંગ્યનો નાયક વિષય છે.

૯૫ બે નિત્ય વસ્તુઓમાં ભેદ હોય તો તે વિરુદ્ધ ધર્મોને લીધે અને અનિત્ય વસ્તુમાં ભેદ હોય તો તેનો સબબ તે બન્નેના કારણનો ભેદ છે.

* અર્થાન્તર સંક્રમિત વાચ્ય વગેરે જે વિશેષ ભેદો માનવામાં આવ્યા છે તે લક્ષ્યાર્થ માત્રથી પણ સંભવી શકે.

અને તેનું જ્ઞાન શબ્દાર્થ ઉપર આધાર રાખે છે, પ્રકરણ વગેરેની અપેક્ષા રાખે છે તો પછી આ નવો પ્રતીયમાન કોણ છે? કહેવાય છે. લક્ષણીય અર્થ વિવિધ છે તો પણ અનેકાર્થક શબ્દના અભિ-ધેયના જેમ નિયત જ છે, મુખ્ય અર્થ સાથે અનિયત સંબંધવાળો લક્ષણાથી જણાવી શકાય નહિ. પણ વ્યંગ્ય તો પ્રકરણ વગેરે વિશેષોને લઇને નિયત સંબંધ, અનિયત સંબંધ અને સંબદ્ધ-સંબંધ એ રીતે પ્રકાશે છે. વળી

"સાસુ અહીં ઘોટે છે, અહીંઆં હું સૂઉં, જોઇ લે દિવસે
પંથી રતાંધળા, મા મારી શય્યા મહીં પડતો" ૧૩૬

વગેરેમાં વિવક્ષિતાન્યપરવાચ્ય ધ્વનિમાં મુખ્યાર્થનો બાધ નથી. તેથી અહીં લક્ષણા શી રીતે (કહેવાય)? લક્ષણામાં પણ વ્યંજનાનો અવશ્ય આશ્રય લેવો જોઈએ એમ સાબીત કર્યું છે.×

જેવી રીતે અભિધા સમયની અપેક્ષા રાખે છે તેવી રીતે લક્ષણા મુખ્યાર્થબાધ વગેરે ત્રિરૂપ સમયવિશેષની અપેક્ષા રાખે છે. આથી તે અભિધાની પુચ્છ રૂપ છે એમ [કેટલાકો] કહે છે.

લક્ષણારૂપ જ ધ્વનન નથી[૯૬] શાથી જે તેને (લક્ષણાને) અનુસરી તેનું (વ્યંજનાનું) દર્શન થાય છે. અને તે તેને જ અનુગત છે એમ નથી, અભિધાને અવલંબીને પણ તે થાય છે. તે બન્ને ઉપર જ આધાર રાખે છે એમ નથી, શાથી જે અવાચક વર્ણને અનુસરી પણ તે દેખાય છે. તે શબ્દને જ અનુસરે છે એમ નથી, શાથી જે તે અશબ્દરૂપ નેત્રના કટાક્ષ વગેરેમાં રહ્યા તરીકે પણ પ્રસિદ્ધ છે. આ રીતે અભિધા, તાત્પર્ય, અને

× જુઓ ઉલ્લાસ ૨. સૂ. ૧૮ વગેરે

૯૬ લક્ષણા અને વ્યંજના એક નથી પણ ભિન્ન છે. તેનાં ભેદક કારણો આપે છે.

લક્ષણારૂપ ત્રણે વ્યાપારોથી ભિન્ન ધ્વનન વગેરે પર્યાયોવાળો વ્યાપાર ઢંકાય એમ નથી.

[૯૭] તેમાં ‘સાસુ અહીં’ વગેરેમાં (ધ્વનિ) નિયતસંબંધ છે, [૯૮] “કોને રોષ ચડે ના” વગેરેમાં અનિયતસંબંધ,

[૯૯] “વિપરીત રતે લક્ષ્મી બ્રહ્માને દેખીં નાભિકમલસ્થ
હરિનું દક્ષિણ લોચન ઢાંકે આકુલ થઈ રસમાં.” ૨૩૭

વગેરેમાં સંબદ્ધસંબંધ છે.[૧૦૦] આમાં હરિ પદથી જમણી આંખ સૂર્યરૂપ છે એ વ્યક્ત થાય છે, તેના બંધ થવાથી સૂર્યનું અસ્ત થવું, તેના વડે પદ્મનો સંકોચ, તેના વડે બ્રહ્માનું પૂરાઈ જવું. તેમ થતાં ઢાંકવાનું અંગ ન દેખાવાથી બંધનરહિત સુરતવિલાસ એમ (વ્યક્ત થાય છે).

[૧૦૧] ‘અખણ્ડ બુદ્ધિથી સમજાતો વાક્યાર્થ જ વાચ્ય છે અને વાક્ય જ વાચક છે’ એમ પણ જેઓ કહે છે તેઓએ

---

૯૭ જેમાં વ્યંગ્યનો સંબંધ નિયત છે તે નિયત સંબંધ વ્યંગ્ય “અહીંઆ સાસૂ” વગેરે શ્લોકમાં નિયત સંબંધ વ્યંગ્ય છે. નિયત સંબંધ એટલે કે વાચ્ય અને વ્યંગ્યનો એક જ વિષય હોવો તે. આ શ્લોકમાં બન્નેનો વિષય મુસાફર છે.

૯૮. આમાં બન્નેનો એક વિષય નથી-વાચ્યનો વિષય સખી છે વ્યંગ્ય-નો વિષય તેનો વ્હાલો વગેરે છે.

૯૯. <વિપરીત રતમાં લક્ષ્મી નાભિ કમળ ઉપર બેઠેલા બ્રહ્માને જોઇને હરિની જમણી આંખ રસાકુલ થઇ એકદમ ઢાંકી દે છે.>

૧૦૦. સંબદ્ધ સંબંધ વ્યંગ્ય એટલે કે જે વ્યંગ્ય એક બીજાથી સિદ્ધ થઈ પરંપરારૂપે પ્રતીત થાય તે.

૧૦૧ વેદાન્તીના મતની ચર્ચા કરે છે. અખણ્ડ વાક્યની વાક્યાર્થમાં શક્તિ છે. તેજ રીતે વાક્યગમ્ય વ્યંગ્ય પણ હોઈ તેમાં પણ વાક્યની શક્તિ જ છે.

અવિદ્યાના માર્ગમાં પડેલાઓએ [૧૦૨]પણ પદ અને પદાર્થની કલ્પના કરવી જ જોઈએ એ રીતે તેમના પક્ષે પણ આપેલાં ઉદાહરણો વગેરેમાં વિધિ વગેરે વ્યંગ્ય જ છે.

[૧૦૩] વાચ્ય સાથે સંબંધ વિનાનું તો [કાંઇ પણ] પ્રતીત થતું નથી, શાથી જે ગમે તેનાથી ગમે તે અર્થનું ભાન થવાનો પ્રસંગ આવે. આ રીતે સંબંધથી થતો વ્યંગ્ય વ્યંજકભાવ, અનિયત સંબંધમાં અવશ્ય રીતે ન થાય માટે વ્યાપ્ત થવાથી, નિયત હોવાથી, ધર્મિમાં રહેલો હોવાથી [એવા] ત્રિરૂપ લિંગથી લિંગીનું જ્ઞાન જે અનુમાન[૧૦૪] તદ્રૂપે પર્યવસાન પામે છે. જેમકે

[૧૦૫] "ક્રૂર ધાર્મિક નીરાંતે તે કુતરો આજ મારીયો તેહ
ગોદાવરી તીર કુંજ વસતા સિંહે મદોન્મત્તે" ૧૩૮

---

૧૦૨ ક્રિયાકારક ભાવ ધર્મ અને ધર્મીભાવ વિના સંભવે નહિ. સંસાર મિથ્યા હોવાથી ધર્મધર્મીભાવ સંભવતો નથી. બ્રહ્મ પણ નિર્ગુણ હોવાથી તે ઘટતો નથી. આથી પદ અને પદાર્થના વિભાગની કલ્પના વિના જ અખણ્ડ બુદ્ધિથી અખણ્ડ વાક્યાર્થ સમજવાનો છે. આ પૂર્વપક્ષના જવાબમાં કહે છે કે વ્યવહારદશામાં તો પદ અને પદાર્થનો વિભાગ સ્વીકારવાની જરૂર પડે અને એ રીતે વ્યંગ્ય પણ સ્વીકારવું પડે.

૧૦૩ નૈયાયિક મતની ચર્ચા કરે છે.

૧૦૪ અનુમાન કરવા માટે ત્રિરૂપ લિંગ આવશ્યક છે. ઉ. ત. ધૂમાડો દેખાયાથી પર્વત અગ્નિવાળો છે એવું અનુમાન કરવા માટે પ્રથમ તો તે હેતુ વ્યાપ્ત હોવો જોઇએ. એટલે કે જ્યાં જ્યાં ધુમાડો છે ત્યાં ત્યાં અગ્નિ છે, જેમકે રસોડામાં. બીજું નિયત હોવો જોઇએ એટલે કે જ્યાં જ્યાં અગ્નિ ન હોય ત્યાં ત્યાં ધૂમ ન હોય, જેમકે સરોવરમાં. અને ત્રિજું ધર્મિનિષ્ઠ હોવો જોઇએ. એટલે કે હેતુનું પક્ષમાં એટલે કે ધૂમાડાનું પર્વતમાં–હોવાપણું સિદ્ધ હોવું જોઇએ. વ્યંગ્ય વ્યંજકભાવનું પણ આ ત્રિરૂપલિંગથી અનુમાન કરાય છે.

૧૦૫ <હે ધાર્મિક, નીરાંતે ફર. તે કુતરો આજે તે ગોદાવરીના કિનારા ઉપરના કુંજમાં રહેતા ગર્વવાળા સિંહે માર્યો છે.> આ શ્લોકનો વાચ્યાર્થ એવો છે કે કુતરો મારી નખાયાથી ભીરુ માણસ ભલે ઘર આગળ ફરે. વ્યંગ્યાર્થ એવો છે કે ગોદાવરી તીરના કુંજવાસી સિંહે તે મારી નાખ્યો હોવાથી ત્યાં બ્હીકણ ન જઈ શકે.

[૧૦૬]આમાં કુતરાના જવાથી ઘેર ફરવાનું વિધાન થાય છે, તે ગોદાવરી તીરે સિંહની ઉપલબ્ધિથી ન ફરવાનું અનુમાન કરાવે છે. જે જે બીકણોનું ભ્રમણ છે તે તે ભયના કારણની નિવૃત્તિની ઉપલબ્ધિપૂર્વક છે, અને ગોદાવરી, તીરે સિંહની ઉપલબ્ધિ છે તેથી વ્યાપકના વિરુદ્ધની ઉપલબ્ધિ થાય છે.

[૧૦૭] આ વિષે કહેવાનું કે—બીકણ પણ ગુરુના કે પ્રભુના હુકમથી, પ્રિયાના અનુરાગથી અને એવા બીજા કોઈક હેતુથી ભયકારણ હોય તોપણ ભમે એ રીતે અનૈકાન્તિ હેતુ, કુતરાથી બીતો પણ વીરત્વને લઈને સિંહથી બીએ નહિ એ રીતે વિરુદ્ધ પણ, અને ગોદાવરી તીરે સિંહની હયાતી પ્રત્યક્ષ કે અનુમાનથી નિશ્ચિત નથી પણ વચનથી,—અને વચનનું પ્રામાણ્ય નિયત નથી, શાથી જે અર્થની સાથે નિયત સંબંધ નથી એ રીતે—અસિદ્ધ છે. તો આવા હેતુથી શી રીતે સાધ્યની સિદ્ધિ થાય !

[૧૦૮]તે જ રીતે 'ઓષ્ઠે રાગ ફીકો' વગેરેમાં જ્ઞાપક તરીકે ચન્દનનું ખરી પડવું વગેરે લેવામાં આવે છે તે બીજા કારણથી પણ સંભવે છે, અને એથી આમાં જ સ્નાનના કાર્ય તરીકે કહેવાયા છે. એ રીતે ઉપભોગમાં જ તે વ્યાપ્ત નથી, એથી તે અનૈકાન્તિક છે. [૧૦૯] વ્યક્તિવાદીએ પણ અધમ પદની સહાયતાવાળા એમનું [ઓષ્ઠે રાગ વગેરે પદોનું] વ્યંજકત્વ કહ્યું છે; અને આમાં

---

૧૦૬ આ વ્યંગ્યમાં અનુમાનને ઘટાવે છે—એટલે કે અનુમાનથી ગોદાવરી તીરે ન ભમવાનો અર્થ સિદ્ધ કરે છે. આ મતે વ્યંગ્ય સ્વીકારવાની જરૂર નથી.

૧૦૭ આ મતનું ખણ્ડન કરે છે. જે હેતુથી અનુમાન કરવાનું છે તે હેતુ દુષ્ટ છે એમ સાબીત કરે છે. તે અનૈકાન્તિક છે, વિરુદ્ધ છે અને અસિદ્ધ છે. આવા દુષ્ટ હેતુથી સાચું અનુમાન થઇ શકે નહિ.

૧૦૮ ઓષ્ઠે રાગ વગેરે શ્લોકમાં પણ અનુમાન ઘટતું નથી એમ સાબીત કરે છે

૧૦૯ વ્યંજનાવાદીને માટે તે બધા વ્યંગ્ય અર્થો કહાડવામાં દોષ નથી એ બતાવે છે.

અધમત્વ પ્રમાણથી સિદ્ધ નથી એથી અનુમાન શી રીતે થાય? આવા અર્થમાંથી આવો અર્થ ઉપપત્તિની અપેક્ષા વિના પણ પ્રકાશે છે એ વ્યક્તિવાદીને તો અદૂષણ છે!

એ રીતે કાવ્યપ્રકાશમાં ધ્વનિગુણીભૂતવ્યંગ્યના સંકીર્ણ ભેદ-નિર્ણયનો પાંચમો ઉલ્લાસ સમાપ્ત થયો.

# ઉલ્લાસ છઠ્ઠો

**[૧](સૂ. ૭૦) પહેલાં જે શબ્દચિત્ર અને અર્થચિત્ર એવાં બન્ને કાવ્યોનાં ઉદાહરણ આપ્યાં છે તેમાં [અનુક્રમે] ચિત્રઅર્થ અને ચિત્રશબ્દની સ્થિતિ ગૌણપ્રધાનભાવથી છે. ૪૮**

શબ્દચિત્રમાં અર્થ અચિત્ર છે એમ નહિ, અથવા અર્થચિત્રમાં શબ્દ અચિત્ર છે એમ તો નહિ.

તેમ જ કહ્યું છે કે,[૨]

"તેના (મતે) રૂપક વગેરે અલંકાર છે. તે બીજાઓ વડે બહુ રીતે કહેવાયો છે. સુંદર પણ આભૂષણ વિનાનું વનિતાનું મુખ શોભતું નથી. કેટલાક લોકો[૩] રૂપક વગેરે અલંકારને બાહ્ય ગણે છે. તેઓ વાણીનો અલંકાર સુબંત અને તિઙંત પદોની વ્યુત્પત્તિને ઈચ્છે છે. તેથી તેને સુશબ્દતા કહે છે. અર્થવ્યુત્પત્તિ આના જેવી નથી પણ અમને તો શબ્દાલંકાર અને અભિધેયાલંકારના ભેદથી બન્ને ઈષ્ટ છે."

---

૧ ઉત્તમ કાવ્ય અને મધ્યમ કાવ્યનું નિરૂપણ કર્યા પછી આ ઉલ્લાસમાં અધમ કાવ્યનું નિરૂપણ કરે છે. પહેલા ઉલ્લાસમાં શબ્દચિત્ર અને અર્થચિત્ર કાવ્યોનાં ઉદાહરણો આપ્યાં છે. નવમા અને દશમા ઉલ્લાસમાં શબ્દાલંકાર અને અર્થાલંકાર બતાવવામાં આવશે. આ ઉલ્લાસમાં એટલું જ બતાવ્યું છે કે શબ્દચિત્ર અને અર્થચિત્ર કાવ્યના ભેદ પ્રધાનગૌણ ભાવને લઈને છે. એકમાં બીજાનો અત્યંત અભાવ છે એમ નથી. શબ્દચિત્ર કાવ્યમાં અર્થચિત્રતા ગૌણ હોય છે; અર્થચિત્ર કાવ્યમાં શબ્દચિત્રતા ગૌણ હોય છે.

૨. નીચેના શ્લોકો ભામહના કાવ્યાલંકારમાંથી (પરિ. ૧. શ્લો. ૧૩-૧૫) લીધા છે.

૩. કેટલાક લોકો અર્થાલંકારને બાહ્ય કહે છે એટલેકે કાવ્યના અર્થનું જ્ઞાન થયા પછી તે ભાન થાય છે એમ કહે છે. નામ અને ક્રિયાપદને અનુપ્રાસ વગેરેમાં ગોઠવવાથી ભાષાનો અલંકાર થાય છે એટલે કે શબ્દાલંકાર થાય છે. આ શબ્દાલંકારની ચમત્કૃતિ પોતાની મેળે જ થાય છે એટલે કેટલાક તેને જ ઇચ્છે છે પણ ભામહને બન્ને ઇષ્ટ છે.

શબ્દચિત્ર જેમકે

[4]પ્રથમ પ્રગટી લાલી, શોભા સુનેરી થઈ પછી
વિરહથીં વ્હીલીં વામા કેરા કપોલ સમી દ્યુતિ,
કુણો કમલિનીના કાપેલા સ્કન્દની કાન્તિનો
સમરથ તમો નાશે ઈન્દુ ઉગ્યો રજની મુખે. ૧૩૯

અર્થચિત્ર જેમકે

[5]ते दृष्टिमात्रपतिता अपि कस्य नात्र क्षोभाय पक्ष्मलदृशामलकाः खलाश्च ।
नीचाः सदैव सविलासमलीकलग्ना ये कालतां कुटिलतामिव न त्यजन्ति ॥ १४० ॥

જો કે સર્વત્ર કાવ્યમાં છેવટે વિભાવ વગેરે રૂપે પર્યવસાન થાય છે તો પણ સ્ફુટ રસ ન જણાવાથી આ બન્ને કાવ્યો અવ્યંગ્ય કહ્યાં છે.[6] આમાં શબ્દાલંકાર અને અર્થાલંકારના ભેદથી ઘણા ભેદો થાય છે તેમનો અલંકારોનો નિર્ણય કરતી વખતે નિર્ણય થશે.

એ રીતે કાવ્યપ્રકાશમાં શબ્દચિત્ર અને અર્થચિત્ર કાવ્યના નિરૂપણનો છઠ્ઠો ઉલ્લાસ સમાપ્ત થયો.

---

૪. <રજનીના પ્રારંભમાં પ્રથમ રક્ત દ્યુતિવાળો પછી સુવર્ણ જેવી પ્રભાવાળો પછી વિરહથી ક્લેશ પામતી કોમલ સ્ત્રીના ગાલની દ્યુતિ જેવો પછી રસાળ કમલિનીના કાંદાના કકડા જેવી દ્યુતિવાળો અંધકારનો નાશ કરવામાં સમર્થ ચંદ્ર ઉગે છે.>

૫. <સુંદર પાંપણો યુક્ત આંખવાળીઓના તે વાળની લટો અને ખલો કોને ક્ષોભ નથી કરતા? જે (વાળ) નીચે લટકતા અને (ખલ) નીચ વૃત્તિવાળા, જે (વાળ) હંમેશા વિલાસથી કપાળ ઉપર પડેલા છે, જે (ખલો) વિલાસથી જુઠું બોલવામાં લાગેલા છે (તે વાળ) કાળાશ અને વાંકડીઆપણું છોડતા નથી, (તે ખલો) કાળાં કામ અને કપટ છોડતા નથી.>

૬. આ બધા અધમ કાવ્યમાં રસાદિ વગેરેનો અત્યન્ત અભાવ હોય છે એમ નથી. પણ તે અસ્ફુટ હોવાથી તેમને અવ્યંગ્ય કહ્યા છે.

# શુદ્ધિપત્રક

[ વાંચકોને પુસ્તક શરૂ કર્યા પહેલાં નીચે પ્રમાણે ભૂલો સુધારી લેવા વિનંતી છે. ]

| પૃ. | પં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ | ૧૨ | ગાણુ | ગૌણુ |
| ૫ | ૧૫ | કામાર | કૌમાર |
| ૬ | ૨ | રાંમાંચ | રોમાંચ |
| ૬ | ૪ | ગઈ | ગઈ, |
| ૭ | ૪ | ઊામ | ઊાેમ |
| ૭ | ૨૧ | द्रोहोद्रक | द्रोहोद्रेक |
| ૮ | ૧૫ | ઉપરાંત | થી જુદી |
| ૧૨ | ૨ | અવયવે | અવયવો |
| ૧૨ | ૧૧ | જાત | જાતિ |
| ૧૩ | ૧૫ | આવે, | આવે; |
| ૧૪ | ૧૦ | કેટલાએકનો | કેટલાએકનો, |
| ૧૫ | ૨૬ | લખ્યાર્થ | લક્ષ્યાર્થ |
| ૨૧ | ૧૮ | ત ગાણી | તે ગૌણી |
| ૨૧ | ૧ | અથ | અર્થ |
| ૨૬ | ૯ | વીશેષ | વિશેષ |
| ૨૬ | ૧૮ | પરમેશ્વર શબ્દ રાજાના અર્થમાં પણ વપરાય છે. | પરમેશ્વર શબ્દ શિવ વિષ્ણુ વગેરેને માટે પણ વાપરી શકાય. |
| ૨૭ | ૮ | ઉચ્ચ | ઉચ્ચ |
| ૨૭ | ૨૭ | દુરાધરોહ | દુરધિરોહ |
| ૨૭ | ૩૦ | અથ | અથ |
| ૨૮ | ૨૨ | ०मिर्व्वनेः | ०मिर्व्वनेः |
| ૩૧ | ૧૫–૧૬ | બ્લેક ટાઈપ ન જોઈએ. | |
| ૩૩ | ૧૦ | ( સૂ. ૪ ) | ( સૂ. ૨ ) |
| ૩૩ | ૨૪ | ( સૂ. ૫ ) | ( સૂ. ૪ ) |
| ૪૧ | ૧ | રસ | રસને |
| ૪૨ | ૧૫ | નિયમભગ | નિયમભંગ |
| ૪૪ | ૯ | મુવો | મુઓ |
| ૪૬ | ૭ | રુપાળી | રૂપાળી |

| પૃ. | પં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૮ | ૨૨ | નિપ્પન્ન | નિષ્પન્ન |
| ૪૮ | ૨૫ | આપનાથી જૂદું શરીર | આપના શરીરથી જૂદું |
| ૫૬ | ૧૪ | એવી | એવું |
| ૫૭ | ૧૪ | એવી | એવું |
| ૬૦ | ૫ | એવી | એવું |
| ૬૪ | ૯ | એવી...... થતી | એવું...... થતું |
| ૬૫ | ૨ | बतवीर | बत वीर |
| ૭૪ | ૧૮ | कठतटे | कण्ठतटे |
| ૮૩ | ૨૫ | સચવાય છે | સૂચવાય છે |
| ૮૪ | ૨૩ | કહે છે | કહે છે કે |
| ૮૬ | ૪ | તારૂં ને | તારૂં તે |
| ૯૦ | ૨૦ | ( वदन परीपाटीषुघटना | ( वदनपरिपाटीषु घटना ) |
| ૧૦૭ | ૧૪ | 'ઓષ્ઠે' | 'ઓષ્ઠે રાગ શીકો' |
| ૧૦૭ | ૨૧ | બ્રાહ્મથને | બ્રાહ્મણને |
| ૧૧૧ | ૧૪ | નિયત સંબંધ | નિયતસંબંધ |
| ૧૧૧ | ૧૫ | ,, | ,, |
| ૧૧૧ | ૨૨ | સંબદ્ધ સંબંધ | સંબદ્ધસંબંધ |
| ૧૧૨ | ૧૧ | ક્રિયાકારક ભાવ | ક્રિયાકારકભાવ |

# ગૂજરાત વિદ્યાપીઠ તરફથી ~~પ્રકટ થતી~~ પુરાતત્ત્વમંદિર ગ્રન્થાવલી

| | | |
|---|---|---|
| આર્યવિદ્યા વ્યાખ્યાનમાળા. | છીંટની પટી | ૨–૦–૦ |
| | ચામડાની | ૨–૮–૦ |
| પ્રાચીન સાહિત્ય. રવીન્દ્રનાથ ઠાકુર. | | ૦-૧૨-૦ |
| અનુવાદક શ્રી. મહાદેવ દેસાઇ શ્રી. નરહરિ પરીખ. | | |
| બુદ્ધલીલાસારસંગ્રહ. | લે. ધર્માનંદ કોસંબી. | ૨–૮–૦ |
| તહેવારોનો ઇતિહાસ. | લે. ઋગ્વેદી. | ૩–૮–૦ |
| ઉપનિષત્ પાઠાવલી. | સં. અ. દત્તાત્રેય કાલેલકર. | ૦-૧૨-૦ |
| પ્રાકૃતકથાસંગ્રહ. | સં. મુનિ જિનવિજયજી. | ૦-૧૪-૦ |
| પાલીપાઠાવલી. | ,, ,, | ૦-૧૨-૦ |
| અભિધાનપ્પદીપિકા | ,, ,, | ૫–૦–૦ |
| અભિધમ્મત્થસંગહો. | સં. અ. ધર્માનંદ કોસંબી. | ૨–૦–૦ |
| સમ્મતિતર્ક. | સં. પં. સુખલાલ તથા પં. બેચરદાસ | ૧૦–૦–૦ |
| ધમ્મપદ. (મૂળ તથા અનુવાદ) | અ. ધર્માનંદ કોસંબી તથા અ. રા. વિ. પાઠક | થોડા વખતમાં બહાર પડશે. |
| પ્રાકૃત ભાષાઓનું વ્યાકરણ | લે. પં. બેચરદાસ | છપાય છે. |
| વૈદિકપાઠાવલી | સં. રસિકલાલ છો. પરીખ | ,, |
| બૌદ્ધ સંઘનો પરિચય | લે. અ. ધર્માનંદ કોસંબી. | ,, |

---

**પુરાતત્વ ( પુસ્તક ૧ લું ) બાંધેલું — ૫—૧૨—૦**

**પુરાતત્વ ( પુસ્તક ૨ જું ) ,, — ૫—૧૨—૦**